પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

ગ્રામ્ય આવૃત્તિ પાના:૧૪
તા. ૨-૧૦-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૫, અંક : ૧૭૯

# અબતક ®

સાંધ્ય દૈનિક

બેસન મીલ માટે ઘટાડેલા ભાવે
ચણાદાળ
જથ્થાબંધ મેળવવા
98242 00970
પાર્ટટાઈમ કલાર્ક જોઈએ છે

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 | મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા | abataknews@gmail.com | @abtakmedia



### નિષ્ફળતાની કડવાશ: મનની અશાંતિ જ્યારે ભાષામાં અપશબ્દ બનીને બહાર આવે

# સંસ્કાર કે ફેશન? યુવાપેઢીની ભાષામાં ઘૂસતો 'રફ' અંદાજ અને અપશબ્દોનું વધતું ચલણ

## આજના સમયમાં યુવાનોની વાતચીતમાં અપશબ્દો, કઠોર શબ્દો અને આક્રમક ભાષાનો વધતો ઉપયોગ માત્ર ભાષાની શૈલીમાં આવેલો ફેરફાર નથી, પરંતુ તેની પાછળ પારિવારિક વાતાવરણ, મિત્રવર્તુળ, સોશિયલ મીડિયા, સતત તણાવ અને નિરાશા જેવા અનેક પરિબળો કામ કરતા હોય છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

હાડકા વગરની 'જીભ' ઘણીવાર એવા શબ્દો બોલી નાંખે ત્યારે બધાને શરમ આવે છે. સારા શબ્દોથી સંબંધનું નેટવર્ક ટકી રહે અને અપશબ્દથી તૂટી જાય છે. આપણા હૈયે હોય તે હોઠે આવી જતું હોય છે. ગાળો બોલવાથી ખરેખર તો આપણો અસલી રંગ દેખાતો હોય છે. બીજા બોલતાં હોય એટલે આપણે બોલીએ તો તેનામાં અને આપણાં ફેર શું? આજના યુગમાં પુવા વર્ગ ગમે ત્યાં ગ્રુપો વચ્ચે આજુબાજુના રાહદારીઓની ચિંતા કર્યા વગર બેફામ અપશબ્દો બોલતો જોવા મળે છે. શું અપશબ્દો આપણી અસંસ્કારીતાની ઓળખ છે ? દિવસે ને દિવસે આપણા સંતાનો કે યુવા વર્ગની ભાષા આટલી 'રફ' કેમ થતી જાય છે. પહેલા તો ભણેલા ઓછા હોવાથી અસાપાસ જે સાંભળતા તે બોલતા હતા, અને એ દિવસોમાં સંગત સારી રાખવાનો સૌ પ્રથમ નિયમ હતો.

આજના સમયમાં યુવાનોની વાતચીતમાં અપશબ્દો, કઠોર શબ્દો અને આક્રમક ભાષાનો વધતો ઉપયોગ માત્ર ભાષાની શૈલીમાં આવેલો ફેરફાર નથી, પરંતુ તેની પાછળ પારિવારિક વાતાવરણ, મિત્રવર્તુળ, સોશિયલ મીડિયા, સતત તણાવ અને નિરાશા જેવા અનેક પરિબળો કામ કરતા હોય છે. કેટલાક લોકો પોતાની હતાશા, ગુસ્સો, અસંતોષ કે નિષ્ફળતાની લાગણી વ્યક્ત કરવા માટે અપશબ્દોને સહેલો રસ્તો બનાવી લે છે, જ્યારે કેટલાક માટે તે મિત્રો વચ્ચે સ્વીકાર્ય બનવાની કે 'કૂલ' દેખાવાની રીત બની જાય છે. ગાળ કે અપશબ્દ બોલવાથી શરીરની નેગેટીવીટી બહાર નીકળી જાય છે. હોળી તહેવાર પર ફાગ ઉત્સવમાં પણ અપશબ્દો બોલવાની પ્રણાલી હજી ઘણ શહેરો કે ગામડાઓમાં પ્રચલિત છે ખાસ કરીને જે ઘરમાં વડીલો કે અન્ય સભ્યો રોજિંદી વાતચીતમાં રફ અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કરે છે, ત્યાં બાળક માટે આ શબ્દો ધીમે ધીમે સામાન્ય સંવાદનો ભાગ બની જાય છે; કારણ કે બાળક માત્ર સમજાવટથી નહીં, પરંતુ આસપાસના વર્તનનું અનુકરણ કરીને પણ ભાષા શીખે છે. વારંવાર નકારાત્મક ભાષા સાંભળવાથી સંવાદમાં સંવેદનશીલતા ઘટી શકે છે અને સંબંધોમાં કડવાશ વધવાની શક્યતા રહે છે. તેથી ભાષાને માત્ર શબ્દોનો સમૂહ ન ગણીએ, શબ્દો આપણા સંસ્કાર, માનસિકતા અને સામાજિક વાતાવરણનું પ્રતિબિંબ છે. ઘરમાં સન્માનભરી ભાષા, સંવાદની સંસ્કૃતિ અને બાળકો સામે સંયમિત વર્તન જાળવીએ તો આગામી પેઢીની વાણીમાં પણ સંસ્કાર અને સંવેદનશીલતા જળવાઈ રહેશે. શાળા કોલેજ કે શિક્ષણમાં આ વસ્તુ કયાં શિખવતા નથી, અને ભણવાની ચોપડીમાં પણ આવતી નથી કે મા-બાપ શિખડાવતા નથી તો આજનું જનરેશન કેમ બોલવા લાગે છે, તે ચિંતા અને ચિંતનનો વિષય છે.જવાબ માત્ર એક લીટીમાં આવે કે 'સંગત' અને આસપાસના વાતાવરણમાંથી શીખી જાય છે. એક વસ્તુએ પણ જોવા મળે છે કે સરકારી શાળામાં ભણતાં પછાત વિસ્તારના કે ઝુંપડપટ્ટીના બાળકો બેફામ બોલતા હોય છે, જો કે તેમા બાળકોનો વાંક નથી હોતો કારણ કે તેના મા-બાપો ૨૪ કલાક આવી ખરાબ કે અશ્લીલ ભાષાનો પ્રયોગ કરતાં જોવા મળતાં હોવાથી બાળકો આપો આપ શીખી જાય છે. સારી ટેવો અને ખરાબ ટેવો શિક્ષણના માધ્યમથી કે આપણા મા-બાપ




તરફથી સમજ મળતી હોય કે વાત સમજાવતા હોય છતાં જો તમે અપશબ્દો બોલવા લાગો તો વાંક તમારો છે, એમા પરિવારની અસંસ્કારીતા વાત આવે. સંતાન જ ઉઠીયાણ પાકે તો મા-બાપ બિચારા શું કરે ? એકલતા, ચીડીયાપણું, અતિશય ગુસ્સો, ધાર્યું ન થવું જેવી ઘણી સ્થિતિમાં માનવી ગાળ કે અપશબ્દો બોલે છે. આજની ૨૧મી અસંસ્કારીતાને સીધો સંબંધ ગાળ કે અપશબ્દ સાથે ગણી શકાય કે નહી તે કેવી જગ્યાએ બોલાય છે.તેની ઉપર પણ નક્કી થઈ શકે.

આજના યુગમાં છોકરીઓ પણ અપશબ્દો બોલતી જોવા મળે છે. આપણાં સૌરાષ્ટ્ર ઘણી ગાળ હવે તો સામાન્ય થતી જાય છે, અને તેનો કોઈ હવે વિરોધ પણ નથી કરતાં, શાળામાં શિક્ષકો પણ બાળકોની હાજરીમાં અપશબ્દો બોલતાં જોવા મળે છે. ત્યારે હવે આવા વાતાવરણમાં સંતાનોને કેમ બચાવવા. ત્યારે આપણા દેશમાં કે આપણાં પ્રાંતમાં 'એક કાનથી સાંભળીને બીજા કાને કાઢી નાંખવાની' વાત સૌ કરતાં હોય છે. અપશબ્દો બોલતાં આપણે ઘણીવાર જોયા છે. આગળ ઓવરટેક કરવા હોર્નથી અસર ન પડે ત્યારે અપશબ્દોનો વરસાદ વરસાવતાનો અનુભવ પણ આપણને થતો હોય છે.

આજકાલના જુવાનીયા કહે છે કે મારી સ્કુલમાં બધા ગાળો બોલે છે, એટલે બોલાઈ જાય છે, તેની સામે નકારાત્મક વિચારો વાળા સૌથી વધુ અપશબ્દો બોલતા જોવા મળે છે. લાચારી અને મજબુરીમાં માનવીની ભાષામાં કરૂણા ભળતા તેની અસર આપણને થાય છે. તેમ ગુસ્સામાં કે ધાર્યુ ન થવાથી આજનો યુવાન 'રફ' શબ્દોની સાથે ઘણા અપશબ્દો બોલતો જોવા મળે છે. રોડ પરથી નીકળતાં ઘણા ગાંડાઓ કે રઝળતા ભીખારીઓ મોટે મોટેથી અપશબ્દો બોલતા જોવા મળે છે.ઘણા એમ પણ કહે કે મોટા ગાળો બોલે તો વાંધો નહીં પણ બાળકોએ ન બોલવી જોઈએ, તો શું ગાળો બોલવાની ખાસ ઉમર હોય શકે ? રાત-દિવસ ગાળો સાંભળતા સાંભળતા હવે અમારાથી પણ બોલાય જાય છે. અમુક યુવા વર્ગે કહ્યું કે અમારો મગજ જાય.ત્યારે પ્રથમ શબ્દ ગાળ જ નીકળે છે. આજના સોશિયલ મીડિયામાં પણ હવે તો ચેટીંગમાં બેફામ ગાળો લખતા થઈ ગયા છે. ગાળ, અપશબ્દ કે ખરાબ શબ્દો પ્રવર્તમાન લાઈફ સ્ટાઈલમાં બોલાતા રોજીંદા શબ્દો થઈ ગયા છે. વિદેશોમાં પણ અમુક શબ્દો અંગ્રેજીમાં ગાળ તરીકે બોલવામાં આવે છે. એક લોક વાયકા એવી આપણી તળપદી ભાષામાં ઘણા શબ્દો બોલાય છે, પણ તે સ્વીકાર્ય છે, આજે ઓટીટી પ્લેટ ફોર્મ પર આવતી ફિલ્મો, સ્ટેન્ડ અપ કોમેડી કે શ્રેણીમાં ખુલ્લેઆમ આવા શબ્દોનો પ્રયોગ થાય છે.

માણસ ગુસ્સામાં કે ધાર્યું ન થવાના સમયે ગાળ કે અપશબ્દનો પ્રયોગ વધુ કરતો હોય છે, એક સર્વેના રોચક તારણમાં એવું જાણવા મળ્યું કે અપશબ્દો બોલીને આપણે ગુસ્સાને કંટ્રોલ કરીએ છીએ. કોઈને ગાળ દીધા બાદ હૃદય મનને શાંતિ સાથે સુખનો અનુભવ થાય છે. નકારાત્મક વિચારોને કારણે જ આવી બોલવાની ટેવ વિશેષ જોવા મળે છે. આજના યુગમાં અભણ કરતાં શિક્ષિત લોકો ગાળ વધુ બોલતા જોવા મળે છે. આપણને સમસ્યા કે મુશ્કેલી સમયે લડવાની શક્તિ અપશબ્દો આપતા હોય છે. ગમે તે ઝગડામાં શરૂઆત ગાળોના વરસાદથી થતી હોય છે, ગાળો બોલતો હોય અને તેને ટપારો તો પણ આજે ઝગડા થયા ઘણા બનાવો જોવા મળી રહ્યા છે. મોડો વાત વાતમાં ગાળો બોલતાં હોય છે. નાનપણમાં જો બાળકથી અપશબ્દો બોલાય જાય તો મા-બાપ એવો 'મેથી પાક' જમાડતા તેથી તે બીજીવાર બોલતાં સો વાર વિચાર કરતો હતો, ઘણી વાર આપણી ઈચ્છા કે મન ન હોય છતાં પણ આપણાં મોઢામાંથી ગાળ નીકળી જતી હોય છે.

**ચોપડીમાં આવતી નથી, કે શાળા શીખડાવતી નથી, તો છોકરાઓ કેમ બોલવા લાગે છે ગાળ: આસપાસનું વાતાવરણ અને સંગત આ કુટેવમાં મોટો ભાગ ભજવે છે: સારા શબ્દો સંબંધોનું નેટવર્ક ટકાવી રાખે છે: ગુગલે પણ ઘણા અપશબ્દોને બ્લેકલીસ્ટમાં મૂકયા છે**

### ભાષાના વધતા જતા રફ વલણ ચિંતાજનક સંકેત

અપશબ્દોના ઉપયોગ અંગે સામે આવેલા રાષ્ટ્રીય સર્વેના આંકડા પણ ભાષાની બદલાતી સંસ્કૃતિ તરફ ધ્યાન દોરે છે. 'ગાલી બંધ ઘર અભિયાન' હેઠળના સર્વેના અહેવાલ મુજબ, દિલ્હી ૮૦% સાથે સૌથી ઊંચે છે, પરંતુ માત્ર રાજ્યોની વાત કરીએ તો પંજાબ ૭૮%, ઉત્તર પ્રદેશ ૭૪%, બિહાર ૭૪%, રાજસ્થાન ૬૮% અને હરિયાણા ૬૨% સાથે ટોચના પાંચમાં આવે છે. આ સર્વેમાં ભારતભરમાં આશરે ૫૫% પ્રતિભાવદાતાઓએ અપશબ્દોના ઉપયોગને સામાન્ય વાતચીતમાં જોવા મળતી બાબત તરીકે સ્વીકાર્યો હતો. આ આંકડા ભાષાના વધતા રફ વલણ અંગે ચિંતાજનક સંકેત આપે છે, પરંતુ તેને કોઈ રાજ્યના તમામ લોકોની ભાષા શૈલીનું ચોક્કસ પ્રતિનિધિત્વ માનવું યોગ્ય નથી, કારણ કે આ પ્રતિભાવ આધારિત સર્વે છે અને વિવિધ અહેવાલોમાં પદ્ધતિ તથા કેટલાક રાજ્યના આંકડામાં તફાવત પણ જોવા મળે છે.

# કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નિકળી સાહસિકતાથી સચોટ પરિણામ મેળવો

### પર્વતો ખેડવા-જોખમ ઉઠાવવા જ સાહસ નથી

**ડો બી. આર. વાઘેલા**
પ્રમુખ: શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ

સાહસિક જીવનનો અર્થ ફક્ત પર્વતો ને ખેડવાનો નહીં પણ જોખમી ખેલ કરવા પૂરતું સીમિત નથી. એ માનસિક વ્યવહારિક અને સાહસિક જીવનને આપણે જોઈએ તો આપણા પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને ખૂબ મહેનત કરવી. સાહસિક અને સાર્થક જીવન જીવવું એ માત્ર એ આદર્શ નથી પરંતુ માનવજીવનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. સાહસ અને સાર્થકતાથી જે એકબીજા સાથે જોડાયેલા છે. સાહસ જીવનને ઉત્સાહ ને નવો વળાંક આપે છે, જ્યારે સાર્થક સ્થિરતા અને અર્થને પૂરો પાડે છે. જે આપણો ચોક્કસ ઘેરાવા માંથી આપણે બહાર આવી આપણું કાર્ય કરવું એ જીવનનું સાહસ ભર્યું કામ કહેવાય.

અનિશ્ચિતતા અને અસ્પષ્ટતા નો સ્વીકાર કરવો, ખુબ જરૂરી છે. જેમાં નિષ્ફળતા નો ડર રાખ્યા વગર આપણાથી થતી મહેનત કરવી અને નવા વિચારો અને અપનાવી આપણા પોતાના સપનાને પૂરા કરવા માટે ખૂબ જ આકરી મહેનત કરવી ઘણી વાર આપણે રૂઢિચુસ્તતા ને અપનાવી ગમતી નથી એ વાતને નકારકતા નથી પણ અત્યારના સમય પ્રમાણે એ વિચારોને થોડા સુધારીને અપનાવવા અને લોકો વચ્ચે બોલવું એક મોટું સાહસ છે. આપણા અંદરથી આવતા પ્રકાશની કોઈ ઝાંખી કરી શકાતી નથી,આપણા સામે હાર આવી શકે છે. પરંતુ આપણે પોતાને હારેલા માનવા જોઈએ નહીં,સાહસ બધા ગુણોમાં મહત્વપૂર્ણ છે કેમકે સાહસ વિના બીજાને કોઈ ગુણને સતત અપનાવી શકાતું નથી. જેમાં કામ પ્રત્યે જુસ્સો કરુણા અને હાસ્ય અને પોતાની જીવનશૈલી સાથે આગળ વધવાનું રહે છે.

આપણને ભગવાન તરફથી જે મળ્યું એ માટે હંમેશા આભારની ભાવના વ્યક્ત કરવી એ કૃતજ્ઞતા ની નિશાની છે. આપણે સાહસિક ત્યારે જ બની શકીએ કે આપણામાં જોખમ ઉઠાવવાનો કોઈ ભય ના હોય અને આપણે જે જોખમ ઉઠાવીએ છીએ એ લોકોના હકમાં અને આપણો હેતુ સારો અને શાંતિને સમર્પણ નો હોય જેના પર આપણું મુખ્ય ધ્યાન હોવું જરૂરી છે. ઘણીવાર લોકો એ વાતથી પણ ધ્યાનબાર રહેતા હોય છે જે આપણે નવા રસ્તાઓ શોધીએ એમાં આગળ વધુ બીજાના જીવનમાં પ્રકાશ પથરાઈ તેવું કામ કરવું આપણાથી થઈ શકતું હંમેશા મદદ કરવી કે સાહસ ભર્યો સ્વભાવ ને ગણતરી કહી શકીએ એમ નથી ત્યારે જ આપણું જીવન આપણે સાર્થક કહીએ છીએ. ભૂતકાળના કોઈપણ અફસોસ ને યાદ કરીને જીવવું એ સમયનો દુરુપયોગ છે.સાથો સાથ પ્રેરણા સ્રોત તરીકે આપણે રોજ નવું શીખવાની જિજ્ઞાસા અને ઉત્સાહ ખૂબ જ જરૂરી છે જ્યારે તમે લોકોને મળો છો ત્યારે ખૂબ જ સારી રીતે વર્તનથી રહો છો એ મૂલ્યોમાં કરુણતા હોવી જોઈએ, અને એ બધા લોકોના હાવ ભાવ અને બોલવા પરથી આપણે નવું શીખીએ એ જ રીતે આપણું જીવન હોવું જોઈએ. આપણને જે પરિણામ મળે છે. એ પરિણામથી આપણે સંતોષ અને રાહત નો અનુભવ કરવો, ખૂબ જ જરૂરી છે.હું ખુશ છું, મારી મહેનત પ્રમાણે મને મળ્યું, એ રીતના વિચારોથી જીવવું એ સાહસિકતાના વિચારો કહેવાય. પોતાના હાથમાં વિશ્વાસ અને વૃદ્ધિથી પરિણામ વધુ જ સારું મળે એમ રહેવું ખૂબ જ જરૂરી. જેને આપણે સંતોષ રીતે અને પરિણામથી આપણી પોતાની માનસિક શાંતિને કોઈપણ ખલેલ ન પહોંચે એ રીતનું જીવન હોવું જોઈએ.

# ખેલ મહાકુંભ-૨૦૨૬માં ધ્યાત્રી અને ધ્યાની વોરાની શાનદાર સિદ્ધિ

### અંડર-૧૪ ચેસ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવી ધ્રાંગધ્રાનું ગૌરવ વધાર્યું

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત તાલુકા કક્ષાની ચેસ ટુર્નામેન્ટનું આયોજન ઝાલાવાડ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કે.એમ. પ્રાથમિક શાળામાંથી રજિસ્ટ્રેશન કરાવીને ભાગ લેનાર રોટરી પ્રેસિડેન્ટ તથા વિનાયક કલાસિસના સંચાલક કૌશલભાઈ વોરાની ટ્વિન્સ દીકરીઓ ધ્યાત્રી વોરા અને ધ્યાની વોરાએ અંડર-૧૪ કેટેગરીમાં ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમ હાંસલ કર્યો હતો બંને બહેનોએ ચેસની રમતમાં પોતાની આગવી પ્રતિભા અને રમતગમતની સમજણનો પરિચય આપી શાળા, પરિવાર તેમજ ધ્રાંગધ્રાનું ગૌરવ વધાર્યું છે. નોંધનીય છે કે ધ્યાત્રી અને ધ્યાની વોરા છેલ્લા ત્રણ વર્ષથી સતત તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાની ચેસ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહી છે. તેમની ખેલદિલી, ઉમદા વર્તન અને વિશિષ્ટ રમતગમતની આવડત અન્ય બાળકો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે માત્ર રમતગમતમાં જ નહીં, પરંતુ શૈક્ષણિક ક્ષેત્રે પણ બંને બહેનો સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહી છે. બાલમંદિરથી ધોરણ-૭ સુધીના અભ્યાસ દરમિયાન દર વર્ષે પ્રથમ અને દ્વિતીય ક્રમ જાળવી રાખીને તેમણે અભ્યાસ અને રમતગમત વચ્ચે ઉત્તમ સંતુલનનું ઉદાહરણ પૂરું પાડ્યું છે બંને દીકરીઓની




આ સિદ્ધિ બદલ પરિવારજનો, શાળા પરિવાર, શિક્ષકો તેમજ રમતગમત ક્ષેત્રે જોડાયેલા અગ્રણીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા.

# જિલ્લા-તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોને ભથ્થું ચૂકવવા રમીલા મેરની મુખ્યમંત્રીને રજુઆત

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના સદસ્ય દ્વારા રાજ્યના જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો માટે માનદ વેતન કે ભથ્થું મંજૂર કરવા બાબતે ગુજરાતના મુખ્યમંત્રીને રાજકોટ જિલ્લા પંચાયતના સદસ્ય રમીલાબેન મુકેશભાઈ મેર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. રજુઆતમાં જણાવ્યા મુજબ, પંચાયતના સદસ્યો પ્રજાના સીધા મતદાનથી ચૂંટાઈ આવે છે અને ગ્રામ્ય વિસ્તારના વિકાસ, સ્થાનિક સમસ્યાઓનું નિરાકરણ તેમજ સરકારી લોકકલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પોતાના મતવિસ્તારમાં સતત લોકસંપર્ક રાખીને પ્રજાના પ્રશ્નો રજૂ કરવા, પંચાયતની બેઠકોમાં ભાગ લેવા તથા વિવિધ વિકાસલક્ષી કાર્યોમાં સમય ફાળવવામાં આવે છે, જે દરમિયાન તેમને અનેક પ્રકારના આર્થિક ખર્ચ અને જવાબદારીઓનો સામનો કરવો પડે છે. સદસ્યોની આ લાગણીને સકારાત્મક રીતે ધ્યાને લઈને જરૂરી નીતિગત નિર્ણય કરવા તથા યોગ્ય જોગવાઈ કરવા માટે સંબંધિતોને સૂચનાઓ આપવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## તા.3/10 ને શનિવારનું રાશિ ભવિષ્ય

### સંવંત ૨૦૮૨, ભાદરવા વદ સાતમ, આર્દ્રા નક્ષત્ર, વરિયાન યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે

**મેષ (અ,લ,ઈ)** : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ)** : પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો,દિવસ પ્રગતિકારક રહે.

**મિથુન (ક,છ,ઘ)** : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.

**કર્ક (ડ,હ)** : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.

**સિંહ (મ,ટ)** : નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**કન્યા (પ,ઠ,ણ)** : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.

**તુલા (ર,ત)** : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્યમાં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય)** : જીવનમાં પરિવર્તનની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો,પોઝિટિવ વિચારોથી લાભ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો, દિવસ સફળ રહે.

**મકર (ખ,જ)** : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.

**કુંભ (ગ ,સ,શ)** : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસ માં સારું કામ કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ)** : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

## હસ્ત નક્ષત્રના જાતકોમાં કોઈ ને કોઈ કૌશલ્ય જરૂર જોવા મળે છે



**જ્યોતિષાચાર્ય રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

સૂર્ય મહારાજ તા.૨૭ સપ્ટેમ્બરથી ૧૧ ઓક્ટોબર સુધી હસ્ત નક્ષત્રમાંથી પસાર થઈ રહયા છે જેને આપણે હાથિયો કહીએ છીએ અને તેને વરસાદ સાથે સાંકળીએ છીએ હાલ પિતૃપક્ષ ચાલી રહ્યો છે અને હસ્ત નક્ષત્ર છે ત્યારે હસ્ત નક્ષત્ર વિષે સમજીએ. હસ્ત નક્ષત્રના સ્વામી ચંદ્ર છે અને કન્યા રાશિમાં પડતું હોય બુધ રાશિસ્વામી બને છે અને સવિતા દેવ છે જે તેજ આપનાર છે. આ નક્ષત્રમાં જન્મેલા મિત્રો પર ચંદ્ર અને બુધનો પ્રભાવ પડે છે એટલેકે આ જાતકો સંવેદનશીલ હોવા સાથે યોગ્ય ગણતરી પણ કરી શકે છે અને લોજીક સારું હોય છે વળી ભાગ્યબળ ની સાથે સાથે તેમનામાં કર્મની ધગશ હોય છે જયારે તેઓ હાથથી થતી કારીગરી અને કામ માં કુશળ હોય છે એક ખાસ વાત કે હસ્ત નક્ષત્રના જાતકોમાં કોઈ ને કોઈ કૌશલ્ય જરૂર જોવા મળે છે વળી તે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવાની ક્ષમતા અને કપરા સમયમાં કઠિન કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે અને કોઈ પણ ઘટનાનું પૃથક્કરણ સારી રીતે કરી શકે છે અને તેઓ તેમના ભૂતકાળમાં થી શીખતાં હોય છે. હસ્ત નક્ષત્રના દેવતા સવિતા છે. ઋગ્વેદમાં સવિતા દેવને પ્રેરણા, ચેતના, પ્રકાશ અને ગતિ આપનારા દેવતા તરીકે વર્ણવવામાં આવ્યા છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૨-૧૦-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૨૦ રસથાળ (લૌકી કોફતા)
૦૩:૨૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ પોડકાસ્ટ (હાર્ટ એટેકથી બચવા હૃદય ની કાળજી લો)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ પોડકાસ્ટ (હાર્ટ એટેકથી બચવા હૃદય ની કાળજી લો)
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૩-૧૦-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૩-૧૦-૨૦૨૬ શનીવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ભાદરવા વદ સાતમ આઠમ તિથિનું શ્રાધ્ધ આઠમનો ક્ષય
**નક્ષત્ર** આર્દ્રા
**યોગ** વરિયાન **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૪૦ **સુર્યાસ્ત:** ૬.૩૨
**ચંદ્ર રાશી** મિથુન
**રાશિ અક્ષર** ક.છ.ઘ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા**
કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા**
લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૩ થી ૧.૦૧

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | ૯ | ૩ | | ૮ |
| ૧ | ૮ | | | | ૨ | | ૫ | ૯ |
| | | ૩ | | | | ૧ | ૨ | |
| ૪ | | ૯ | ૫ | | | | | |
| | | | | ૪ | | ૨ | | |
| ૬ | ૧ | ૭ | | | | ૮ | | |
| | | | | ૩ | | | | |
| ૭ | | | ૯ | ૮ | | | | |
| | | ૪ | | | | | ૮ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૬ | ૪ | ૫ | ૮ | ૯ | ૧ | ૨ |
| ૫ | ૧ | ૨ | ૯ | ૬ | ૩ | ૪ | ૮ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૭ | ૧ | ૨ | ૬ | ૩ | ૫ |
| ૬ | ૨ | ૪ | ૩ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૫ | ૧ | ૨ | ૪ | ૩ | ૯ | ૬ |
| ૧ | ૩ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૪ |
| ૨ | ૫ | ૩ | ૬ | ૮ | ૯ | ૭ | ૪ | ૧ |
| ૯ | ૬ | ૧ | ૨ | ૪ | ૭ | ૮ | ૫ | ૩ |
| ૮ | ૪ | ૭ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૯ |

# એમડીઆરના હોબાળા વચ્ચે છેલ્લા નવ માસમાં યુપીઆઈના વ્યવહારો ૨૦ હજાર કરોડને પાર

## તહેવારોની સીઝનમાં રોજના ૮૦ કરોડ ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ; રૂ.૨,૦૦૦ થી વધુના પેમેન્ટ પર લાગનારા ચાર્જ સામે વેપારીઓનો ઉગ્ર અસંતોષ

**અબતક, રાજકોટ**

૧૫ ઓક્ટોબરથી અમલમાં આવનાર નવા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) ને લઈને દેશમાં ક્યાંક ક્યાંક હોબાળો મચી રહ્યો છે તેની વચ્ચે પણ યુપીઆઈની ઝડપી વૃદ્ધિ જારી રહી છે. નવા નિયમ મુજબ, રૂ. ૨,૦૦૦ થી વધુના નિશ્ચિત મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન પર ૦.૪% ના દરે એમડીઆર લાગશે, જેની મહત્તમ મર્યાદા રૂ. ૩૦૦ નક્કી કરવામાં આવી છે. નિયમોમાં આવી રહેલા ફેરફારો વચ્ચે પણ સામાન્ય લોકો અને વેપારીઓ દ્વારા યુપીઆઈનો વપરાશ ઉત્સાહભેર ચાલુ રહ્યો છે, જે દર્શાવે છે કે ભારતનું કેશલેસ ઈકોસિસ્ટમ વધુ મજબૂત અને ભરોસાપાત્ર બની રહ્યું છે.




ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) એ સફળતાનો એક નવો ઈતિહાસ રચી દીધો છે. વર્ષ ૨૦૨૬ના પહેલા નવ મહિનામાં જ દેશમાં યુપીઆઈ દ્વારા થતા કુલ ટ્રાન્ઝેક્શનનો આંકડો ૨૦ હજાર કરોડને પાર પહોંચી ગયો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના આંકડા અનુસાર, જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન કુલ ૨૦૫.૨૪ અબજ ટ્રાન્ઝેક્શન નોંધાયા છે, જેની કુલ કિંમત રૂ. ૨૬૧.૬૧ લાખ કરોડ થાય છે. ગયા વર્ષના આ જ સમયગાળાના ૧૬૫.૪૮ અબજ ટ્રાન્ઝેક્શન (રૂ. ૨૧૮.૧૭ લાખ કરોડ) ની સરખામણીએ વોલ્યુમમાં ૨૪ ટકા અને મૂલ્યમાં ૨૦ ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે.

ડિજિટલ ચુકવણીના આ નેટવર્કમાં તહેવારોની મોસમ શરૂ થતાં જ ટ્રાન્ઝેક્શનમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સપ્ટેમ્બર મહિનામાં ગણેશ ચતુર્થીના તહેવાર દરમિયાન લોકો દ્વારા કરવામાં આવેલા ખરીદ-વેચાણને કારણે રોજના સરેરાશ ટ્રાન્ઝેક્શનનો આંકડો પ્રથમ વખત ૮૦ કરોડ (૮૦૦ મિલિયન) ને વટાવીને ૮૦.૨ કરોડ (૮૦૨ મિલિયન) પર પહોંચી ગયો છે, જે ઓગસ્ટમાં ૭૯.૧ કરોડ હતો. સપ્ટેમ્બરમાં દરરોજ સરેરાશ રૂ. ૯૭,૯૧૩ કરોડના નાણાકીય વ્યવહારો થયા છે, જે ઓગસ્ટના રૂ. ૯૬,૨૦૫ કરોડ કરતા વધારે છે.

### આજે 'નો યુપીઆઈ ડે'ના કારણે ૫૦ કરોડના વ્યવહારો અટકશે




કેન્દ્ર સરકાર દ્વારા ૧૫ ઓક્ટોબરથી રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર ૦.૪% એમડીઆર ટેક્સ લાગુ કરવાના નિર્ણય સામે વેપારીઓનો વિરોધ ઉગ્ર બન્યો છે. આ નિયમના વિરોધમાં આજે ગુજરાતભરમાં 'નો યુપીઆઈ ડે' પાળીને વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ સાંકેતિક આંદોલનમાં ગુજરાતના ૬૦૦થી પણ વધુ ટ્રેડ યુનિયનો અને વેપારી મંડળો સક્રિયપણે જોડાયા છે. વેપારી સંગઠનોનું કહેવું છે કે, નવા એમડીઆર ચાર્જથી નાના અને મધ્યમ કક્ષાના વેપારીઓના નફાના માર્જિન પર સીધી અને માતબર અસર પડશે. વેપારીઓ દ્વારા આજે ડિજિટલ સ્કેનર અને સાઉન્ડબોક્સ બંધ રાખીને રોકડ અથવા કાર્ડ દ્વારા વ્યવહાર કરવાનો નિર્ણય લેવાતાં, આજે રાજ્યમાં આશરે ૫૦ કરોડ રૂપિયાથી વધુના દૈનિક યુપીઆઈ વ્યવહારોને સીધી અસર થવાની ભીતિ સેવાઈ રહી છે. વેપારી મંડળોની માગ છે કે નાના વેપારીઓ અને ગ્રાહકોના હિતમાં યુપીઆઈ પરનો આ નવો ટેક્સ તુરંત નાબૂદ કરવામાં આવે.

શહેરી વિસ્તારની સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં પણ સ્માર્ટફોનનો વપરાશ વધતાં અને નાના-મોટા વેપારીઓ દ્વારા યુપીઆઈનો સ્વીકાર વધતાં ડિજિટલ પેમેન્ટ્સ ઝડપથી લોકપ્રિય બન્યા છે. કેશફ્રી પેમેન્ટ્સના સહ-સ્થાપક રીજુ દત્તાના જણાવ્યા મુજબ, સપ્ટેમ્બર મહિનામાં દિવસો એક ઓછો હોવા છતાં લોકોએ તહેવારોને કારણે મોટા મૂલ્યના વ્યવહારો કર્યા હતા, જેના કારણે દૈનિક ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં મોટો વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે ઓક્ટોબર ૨૦૨૫થી જ માસિક યુપીઆઈ ટ્રાન્ઝેક્શન વોલ્યુમ સતત ૨૦ અબજથી ઉપર જળવાઈ રહ્યું છે.

# ગળપણની કડવાશ વધે તે પહેલાં ખાંડના વેપારીઓ ૧ લાખ કિલોથી વધુ સ્ટોક ૧૫ દિવસથી વધુ રાખી શકશે નહીં

## વેપારીઓ માટે સ્ટોક રાખવાનો સમય ગાળો પણ ઘટાડી ૧૫ દિવસ કરાયો

**અબતક, રાજકોટ**

૧ ઓક્ટોબરથી ખાંડની નવી સીઝન શરૂ થઈ છે. ભારત સરકારે તહેવારોની સીઝનમાં ગ્રાહકોને વાજબી ભાવે ખાંડની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટેના પગલાંને વધુ મજબૂત બનાવ્યા છે.

સરકારે ૧૫ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર સુધી, કોલકાતા અને તેના વિસ્તૃત મેટ્રોપોલિટન વિસ્તારો અને આસામ રાજ્ય સિવાય, ખાંડના વેપારીઓ માટે સ્ટોક રાખવાનો સમયગાળો ઘટાડીને ૧૫ દિવસ કર્યો છે અને સ્ટોક હોલ્ડિંગની મર્યાદા ૧,૦૦૦ ક્વિન્ટલ નક્કી કરી છે.

સ્ટોક મળ્યાની તારીખથી ૧૫ દિવસથી વધુ સમયગાળા માટે ખાંડનો સ્ટોક રાખવો નહીં. દેશભરમાં કોઈપણ સમયે અને




કોઈપણ સ્થળે ૧,૦૦૦ ક્વિન્ટલથી વધુ ખાંડનો સ્ટોક રાખવો નહીં. પ્રદેશની વિશિષ્ટ બજાર જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, કોલકાતા અને તેના વિસ્તૃત મેટ્રોપોલિટન વિસ્તારો તથા આસામ રાજ્ય માટે સ્ટોક હોલ્ડિંગની મર્યાદા ૨,૦૦૦ ક્વિન્ટલ નક્કી કરવામાં આવી છે.

કોલકાતા ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાંથી ખાંડ મેળવે છે અને ઉત્તર-પૂર્વીય પ્રદેશ સહિત દેશના પૂર્વીય ભાગમાં તેનો પુરવઠો પૂરો પાડે છે. આસામ માટે ઉચ્ચ મર્યાદા ભૌગોલિક મર્યાદાઓ, પરિવહન લોજિસ્ટિક્સ અને ઉત્તર-પૂર્વીય પ્રદેશમાં ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને પૂરી પાડવામાં આવી છે.

સુધારેલા નિયમોનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વિતરણ શ્રૃંખલામાં ખાંડનો અનાવશ્યક સંચય ન થાય અને સુગમ રીતે ખાંડની મિલોમાંથી વેપારીઓ દ્વારા પુરવઠો આગળ વધે અને આખરે અંતિમ ગ્રાહક સુધી પહોંચે. આ માપદંડનો મુખ્ય ઉદ્દેશ્ય સંગ્રહખોરી પર વધુ અંકુશ લાવવા, સટ્ટાકીય વેપારને અને વેપારીઓ દ્વારા ખાંડના સ્ટોકના સંગ્રહને રોકવાનો છે. ખાંડ રાખી શકાય તેટલા જથ્થા અને સમયગાળાને મર્યાદિત કરીને, સરકાર સપ્લાય ચેઈન દ્વારા ખાંડની વ્યવસ્થિત હેરફેરને સરળ બનાવવા અને ગ્રાહકોને વાજબી ભાવે તેની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માંગે છે.

ખાંડના સરેરાશ છૂટક ભાવમાં ઓગસ્ટના તેના સર્વોચ્ચ સ્તરથી

(અનુ. આઠમા પાને)

# છેલ્લા ૯ મહિનામાં ઈકવિટી માર્કેટમાંથી ૩ લાખ કરોડ વિદેશીઓએ રોકાણ ઉઠાવી લેતા બજાર કડકભૂસ

## અમેરિકન બોન્ડની ઊપજ, મજબૂત ડોલર અને કાચા તેલના વધતા ભાવને કારણે રોકાણકારો અન્ય દેશો તરફ વળ્યાં

**અબતક, નવી દિલ્હી**

વર્ષ ૨૦૨૬ ના પ્રથમ ૯ મહિનામાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી જંગી મૂડી પાછી ખેંચી લીધી છે, જે અગાઉના તમામ વાર્ષિક જાવકના વિક્રમોને પાર કરી ગઈ છે. આ સમયગાળામાં વિદેશી રોકાણકારોએ ૩ લાખ કરોડ રૂપિયાથી પણ વધુ રકમ પાછી ખેંચી છે. વર્ષ પૂર્ણ થવાને હજુ ૩ મહિના બાકી છે, ત્યારે ગૌણ બજારમાંથી આટલી મોટી રકમ ઉપાડવી એ એક ઐતિહાસિક ઘટના છે. આ આંકડા વિદેશી રોકાણકારોના ભારતીય બજાર પ્રત્યેના જોખમ ટાળવાના વલણને સ્પષ્ટપણે દર્શાવે છે.



નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડના આંકડા અનુસાર, ૨૦૨૬ માં અત્યાર સુધીમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા ૩.૦૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું વેચાણ કરવામાં આવ્યું છે. તેની સરખામણીમાં વર્ષ ૨૦૨૫ માં ૨.૪ લાખ કરોડ અને ૨૦૨૪ માં ૧.૨૧ લાખ કરોડ રૂપિયા પાછા ખેંચવામાં આવ્યા હતા. જો સંપૂર્ણ સુલભ માર્ગ હેઠળ સરકારી બોન્ડ્સમાં થયેલા વેચાણને પણ ઉમેરવામાં આવે તો બંને સંપત્તિ વર્ગમાંથી કુલ ૩.૫૮ લાખ કરોડ રૂપિયાની જાવક નોંધાઈ છે. રોકાણકારોની આ સતત વેચવાલીને કારણે ૨૦૨૬ માં શેરબજાર દબાણ હેઠળ રહ્યું છે, જેમાં સેન્સેક્સ અને નિફ્ટી અનુક્રમે ૧૫.૫% અને ૧૪% તૂટ્યા છે. ડોલરના મૂલ્યમાં જોવામાં આવે તો આ બંને સૂચકાંકોમાં ૨૦% થી વધુનો ઘટાડો નોંધાયો છે.

મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસિસના સંસ્થાકીય ઈક્વિટીઝના મેનેજિંગ ડિરેક્ટર અને વડા ગૌતમ દુગ્ગડના જણાવ્યા મુજબ, અમેરિકન બોન્ડની ઊપજમાં વધારો, મજબૂત ડોલર અને વૈશ્વિક વ્યાજ દરોની અપેક્ષાઓમાં ફેરફારને કારણે ઉભરતા બજારોના શેરોનું આકર્ષણ ઘટ્યું છે. વધુમાં, કાચા તેલના ઊંચા ભાવ ભારતની આયાત અને કંપનીઓના નફાના માર્જિન પર

(અનુ. આઠમા પાને)



તંત્રી લેખ

# જીવ બચાવો: જીવનરક્ષક દવાઓના ભાવ ઘટાડો

જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાતા કેન્સર જેવી ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓ માટે દવાઓ એ માત્ર ખરીદી નથી, પરંતુ જીવન સંજીવની છે. સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓના ભાવમાં જોવા મળેલા ૧૦ ગણા તફાવત મામલે એમઆરપી અંગે અત્યંત ગંભર વલણ અપનાવ્યું છે. આ પરિસ્થિતિને કોર્ટે દર્દીઓ સાથે થતી ખુલ્લી લૂંટ સમાન ગણાવી છે. કેન્દ્ર સરકારને આ મામલે પગલાં લેવા માટે બે સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે, જે સ્વાસ્થ્ય ક્ષેત્રે ચાલી રહેલી ગંભીર અરાજકતા પર સણસણતો તમાચો છે

દવા ઉત્પાદક કંપનીઓ અને રીટેલરો વચ્ચે ચાલી રહેલી આ અવાસ્તવિક નફાખોરીમાં સામાન્ય અને મધ્યમ વર્ગનો નાગરિક કચડાઈ રહ્યો છે. કેન્સરની સારવાર પાછળ પરિવાર પોતાની જમીન, ઘરેણાં અને જીવનભરની કમાણી વેચી દેવા મજબૂર બને છે.દવાના વેપારમાં લોકોની મજબૂરીનો લાભ ઉઠાવવો અયોગ્ય બાબત છે. સુપ્રીમ કોર્ટે યોગ્ય રીતે જ સવાલ ઉઠાવ્યો છે કે, આટલો મોટો નફો કોના ખિસ્સામાં જાય છે.

સરકાર અને નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીની પ્રાથમિક ફરજ એ છે કે દરેક નાગરિકને વાજબી ભાવે સ્વાસ્થ્ય સેવાઓ મળી રહે. માત્ર અમુક દવાઓને નિયંત્રણ હેઠળ લાવવાથી આ સમસ્યાનો ઉકેલ નહીં આવે, પરંતુ તમામ જીવનરક્ષક દવાઓના મહત્તમ વેચાણ દર અને રીટેલર માર્જિન પર યોગ્ય મર્યાદા નક્કી કરવી અનિવાર્ય છે.

સુપ્રીમ કોર્ટની આ ટકોર માત્ર એક ચેતવણી નથી, પરંતુ દેશની આરોગ્ય નીતિઓ સુધારવાની સુવર્ણ તક છે. કેન્દ્ર સરકારે આપેલા બે અઠવાડિયાના સમયગાળામાં માત્ર કાગળ પરની દલીલો રજૂ કરવાને બદલે, દવા નીતિમાં નક્કર અને કડક સુધારા કરવા જોઈએ. જો જીવનરક્ષક દવાઓ જ સામાન્ય માનવીની પહોંચથી બહાર થઈ જશે, તો કલ્યાણકારી રાજ્ય તરીકે આપણી કલ્પના અધૂરી રહેશે. સુપ્રીમ કોર્ટના આ આદેશનો અક્ષરશઃ અને તાત્કાલિક અમલ થાય તે જ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

# ગાંધીજીને માનપત્ર સાથે મહાત્માની પદવી ગોંડલમાં અપાઈ હતી

## રસશાળા ઔષધાશ્રમ ગોંડલના અધ્યક્ષ રાજવૈદ્ય જીવરામ કાલિદાસ શાસ્ત્રી આચાર્ય ચરણતીર્થ મહારાજએ ૨૭ જાન્યુઆરી ૧૯૧૫ના રોજ ગાંધીજીને પદવી આપી જેને આજે ૧૧૦ વર્ષ થવા આવ્યા

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

વિશ્વ વિભુતિ અને રાષ્ટ્રપિતા ગાંધીજી ને મહાત્મા ની પદવી ગોંડલ માં અપાઈ હતી.આજે ગાંધીજી નાં નામ આગળ મહાત્મા શબ્દ બોલાય છે.એ સન્માનિત સાથે ગોંડલ જોડાયેલુ છે.એ કદાચ આજની પેઢી ને ખબર નહી હોય.

દક્ષિણ આફ્રીકા ની લડત ની સમાપ્તિ પછી પુ.ગાંધીજી ૧૯૧૫ ની જાન્યુઆરી નાં બીજા સપ્તાહ માં કાઠિયાવાડ આવ્યા હતા.રાજકોટ, ધોરાજી વચ્ચે દશ દિવસ ગાળી તા.૨૪ જાન્યુઆરી ૧૯૧૫ નાં ગોંડલ આવ્યાં હતા.જેની પ્રથમ જાણ રણછોડલાલ પટવારી અને વૈધરાજ જીવરામ કાલીદાસ શાસ્ત્રી ને અપાઈ હતી.વૈધરાજે હજારો હેન્ડબીલ છપાવી આ ખબર આખા ગોંડલ ને આપી હતી.

ગોંડલ નાં રેલ્વેસ્ટેશને ગાંધીજી ને સત્કારવા હજારો પ્રજાજનો નો સમુદાય એકઠો થયો હતો.

વૈદરાજ ની વિનંતી થી મહારાજા ભગવતસિહે ગાંધીજી માટે ચાર ઘોડાની ઘોડાગાડી,બેન્ડ,પોલીસ પાર્ટી સામૈયા માટે આપી હતી.સ્ટેશન ઉપર ગામ નાં તમામ કોમ નાં સદગૃહસ્થો અને અમલદારો હાજર હતા.

ગાંધીજી નાં શાહી સ્વાગત બાદ ઘોડાગાડી માં ગાંધીજી,કસ્તુરબા અને તેના પુત્રો તથા ભત્રીજા શામળદાસ વગેરે બેઠા હતા.પાછળ દિવાન,ખાનગી સેક્રેટરી, વૈદરાજ સહીત પચાસ થી સાઈઠ ગાડીઓ નો કાફલો જોડાયો હતો.




પ્રજાજનો એટલા ઉત્સાહિત બન્યાં કે ઘોડાગાડી નાં ચારેય ઘોડા છોડાવી નાખ્યાં અને પોતે ગાડી હાંકવા માંડ્યા.આ જોઈ ને ગાંધીજી ગાડી ઉપરથી ઉતરી ગયા અને બોલ્યા કે હું પ્રજાનો સેવક છુ.પ્રજા પશુ ની જેમ ગાડી એ જુતે તો હુંગાડી માં ના બેસી શકુ.આવુ કહેવાથી પાછા ઘોડા જોડાયા અને પ્રોશેશન આગળ ચાલ્યુ.જેમા સાત થી આઠ હજાર લોકો જોડાયા હતા.

મોંઘીબા કન્યાશાળા પાસે ગાંધીજી ને મળવા રાજપરીવાર સાથે મહારાજા સર ભગવતસિહ પંહોચ્યા હતાં.ગાંધીજી અને મહારાજા એકબીજાને બથ ભરી મળ્યા અને ખબર અંતર પુછ્યા. ગાંધીજી સાથેનું પ્રોશેશન એ પછી વેરીદરવાજા થઈ મોટીબજાર, સંઘાણી શેરી,નાનીબજાર, કડીયાવાડ થઈ દિવાન નાં બંગલે પંહોચ્યું હતું.તા.૨૫ નો દિવસ ગાંધીજી એ ગામનાં સદગૃહસ્થો, સ્ટેટ નાં અધિકારીઓ વગેરે ને મળવા માં ગાળ્યો.બાદ માં હવેલી,વેરીતળાવ, આશાપુરા મંદીર વગેરે સ્થળોની મુલાકાત લીધી.

તા.૨૬ નાં ગાંધીજી હજુર પેલેસ નાં મહેમાન બન્યાં અને મહારાજા ભગવતસિહ તથા રાજપરીવાર તથા ગાંધીજી નાં પરીવારે સાથે ભોજન લીધુ હતુ.મહારાજા એ આ માટે બ્રાહ્મણ રસોયા પાસે રસોઈ બનાવરાવી હતી.સાંજે પટવારીજી નાં બંગલે જાહેર સન્માન અને સભા રખાઈ હતી.જેમાં ગોંડલ રાજ્ય તથા પ્રજા વતી ગાંધીજી નું સન્માન કરાયુ હતુ અને દક્ષિણ આફ્રીકા નાં લડત નાં વિજય માટે અભિનંદન અપાયા હતાં.

ઉલ્લેખનીય છે કે ગાંધીજી ને માનપત્ર આપતી તસવીર નું ઓઈલપેન્ટીંગ રાજધાની નાં રાજઘાટ માં ગાંધી સ્મારક સંગ્રહ માં રાખવામાં આવ્યુ છે.

# માણાવદરના દેશીંગા અને ભીતાણા ગામની મુલાકાત લેતા નાયબ કલેક્ટર નિકુંજ કુમાર

## દફ્તર અને સસ્તા અનાજની દુકાનોની તપાસ કરી, પ્રજાલક્ષી પ્રશ્નોના નિરાકરણ માટે તાકિદ કરાઈ

**અબતક, જીગ્નેશ પટેલ, માણાવદર**

વંથલી નાયબ કલેક્ટર નિકુંજ કુમાર ધુળાએ માણાવદર તાલુકાના દેશીંગા અને ભીતાણા ગામની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે બંને ગામોમાં ચાલી રહેલી વિવિધ સરકારી કામગીરીનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું તેમજ ગ્રામ્ય સ્તરની વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે માટે અધિકારી-કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



મુલાકાત દરમિયાન નાયબ કલેક્ટરે પંચાયત કચેરીના સામાન્ય દફ્તર તથા વિવિધ રજિસ્ટર અને રેકોર્ડની ચકાસણી કરી હતી. આ સાથે તેમણે ગામમાં આવેલી સસ્તા અનાજની દુકાનની પણ તપાસ હાથ ધરી હતી, જેમાં સરકારી નિયમો મુજબ વિતરણ વ્યવસ્થા ચાલે છે કે નહીં તેની વિગતો મેળવી હતી. તેમણે દુકાન સંચાલકને તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અને કાર્ડધારકો તેમજ લાભાર્થીઓને કોઈપણ અગવડ વિના પારદર્શક રીતે અનાજનો જથ્થો મળી રહે તે સુનિશ્ચિત કરવા તાકીદ કરી હતી.

# ગોંડલની ધોળકિયા સ્કૂલ ખાતે ગરબા વર્કશોપમાં ૩૫૦થી વધુ બહેનો એ ઉત્સાહભેર ભાગ લીધો

## ૧૦ દિવસીય તાલીમ શિબિરમાં ખેલૈયાઓને ટ્રેનર્સ ખ્યાતિબા જાડેજા અને ધનશ્રી બાબર ગરબાના તાલ શીખવશે

**અબતક, હરેશ ગણોદિયા, ગોંડલ**

નવરાત્રી પર્વની આગમનને લઈને ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગોંડલની જાણીતી ધોળકિયા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સંસ્કૃતિ જ જતન અને મહિલા સશક્તિકરણના ઉદ્દેશ્ય સાથે ૧૫ વર્ષથી વધુ ઉંમરની બહેનો માટે ૧૦ દિવસીય નિઃશુલ્ક ગરબા વર્કશોપનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. શિબિરના પ્રથમ જ દિવસે ૩૫૦થી વધુ બહેનોએ ઉત્સાહભેર જોડાઈને ગરબાની તાલીમ મેળવી હતી.




બહેનોને ગરબાના યોગ્ય સ્ટેપ્સ અને તાલ શીખવવા માટે જાણીતા ટ્રેનર્સ ખ્યાતિબા જાડેજા અને ધનશ્રી બાબર વિશેષ સેવા આપી રહ્યા છે. આ ઉપરાંત, ગોંડલ શહેરના તમામ વિસ્તારોમાંથી આવતી બહેનોને અવર-જવર માટે કોઈપણ પ્રકારની અડચણ ન પડે તે હેતુથી શાળા પરિવાર દ્વારા નિઃશુલ્ક પરિવહન (બસ) ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ધોળકિયા સ્કૂલ્સના મેનેજિંગ ટ્રસ્ટીઓ કૃષ્ણકાંતભાઈ ધોળકિયા અને જીતુભાઈ ધોળકિયાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૧૬ વર્ષથી રાજકોટના પ્રખ્યાત ચાચર ચોક ખાતે ભવ્ય પ્રાચીન નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે, જેમાં શાળાની ૫૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ પરંપરાગત ગરબા રજૂ કરીને સંસ્કૃતિને જીવંત રાખે છે.

# ગીર સોમનાથ જિલ્લામાં નવા મતદારો માટે નોંધણીની ખાસ ઝુંબેશ શરૂ

**અબતક,અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં મતદારયાદી સતત સુધારણા પ્રક્રિયા હેઠળ બાકી રહી ગયેલા અને નવા/પ્રથમ વખતના પાત્ર મતદારોના નામ મતદાર યાદીમાં નોંધવા અંગેની ખાસ ઝુંબેશ ગઈકાલથી શરૂ થઈ.

ભારતના ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર ગીર સોમનાથ જિલ્લામા સમાવિષ્ટ ૯૦-સોમનાથ, ૯૧-તાલાલા, ૯૨-કોડીનાર (જ.ઈ) અને ૯૩-ઉના વિધાનસભા મતદાર વિભાગોમાં આ સતત સુધારણા પ્રક્રિયા દરમિયાન ૧૮-૧૯ વર્ષના યુવા મતદારો અને સતત સુધારણા પ્રક્રિયા હેઠળ બાકી રહેલા તમામ પાત્ર નાગરીકોની મતદારયાદીમાં નોંધણી માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.આ ખાસ ઝુંબેશ અંતર્ગત તા.૧૧,૧૮,૨૫ ઓકટોબર તેમજ ૧ નવે.ના રોજ સવારના ૧૦ થી સાંજના ૫ કલાક સુધી સંલગ્ન મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફિસર ઉપસ્થિત રહેશે. તેમને આધાર પુરવા સાથે નિયત ફોર્મ ભરી સુપ્રત કરવાનુ રહેશે.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની એક યાદી દ્વારા આ ઝુંબેશનો લાભ લેવા સૌ નાગરીકોને અનુરોધ કરાયો છે.

# ઓખા-ગોરિજા સેકશનમાં વરસાદી પાણીના નિકાલ માટે ખાસ વ્યવસ્થા

## રેલવે ટ્રેકનું ધોવાણ પણ અટકશે

**અબતક,રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે સર્જાતી પાણીના નિકાલની સમસ્યાને હલ કરવા અને રેલ સંચાલનની સુરક્ષાને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ઓખા-ગોરિંજા સેક્શનમાં વધારાના પાણી નિકાલ માર્ગનું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.



રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ વધારાના પાણી નિકાલ માર્ગથી ભારે વરસાદ દરમિયાન પાણીના સરળ પ્રવાહમાં મદદ મળશે તથા રેલવે ટ્રેકની આસપાસ પાણી ભરાવાની સ્થિતિ ઓછી કરી શકાશે. આનાથી અતિશય જળપ્રવાહને કારણે રેલવે ટ્રેકના ધોવાણ તેમજ પાળા (તટબંધ)ને થતા સંભવિત નુકસાનને અટકાવવામાં પણ સહાય મળશે.

નવનિર્મિત વધારાના પાણી નિકાલ માર્ગની લંબાઈ ૧૫ મીટર, પહોળાઈ ૩ મીટર અને ઊંચાઈ ૧.૯ મીટર છે. ભારે વરસાદ દરમિયાન મોટા પ્રમાણમાં પાણી રેલવે ટ્રેકની જમણી બાજુએ એકત્રિત થઈ જતું હતું, જેના કારણે રેલવે ટ્રેક ધોવાઈ જવાનું સતત જોખમ રહેતું હતું. હવે આ વધારાના પાણી નિકાલ માર્ગ મારફતે પાણી રેલવે ટ્રેકની જમણી બાજુથી ડાબી બાજુ વહીને આગળ નેશનલ હાઈવે પર સ્થિત પુલ દ્વારા બહાર નીકળી શકશે. આનાથી પાણીના નિકાલને વધુ અસરકારક બનાવવામાં અને રેલવે ટ્રેકની સુરક્ષાને મજબૂત કરવામાં મદદ મળશે.

આ કામગીરીથી ચોમાસા દરમિયાન રેલ સંચાલનની વિશ્વસનીયતા તેમજ નિયમિતતા જાળવી રાખવામાં મદદ મળશે. પાણી નિકાલની બહેતર વ્યવસ્થાને કારણે પ્રતિકૂળ હવામાનમાં ટ્રેનોના સલામત સંચાલન તથા મુસાફરોને વધુ વિશ્વસનીય રેલ સેવા પૂરી પાડવામાં સહાયતા થશે.

આ મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવા માટે રાત્રે ૨૩ વાગ્યાથી સવારે ૪ વાગ્યા સુધી ટ્રાફિક બ્લોક લેવામાં આવ્યો હતો. નિર્માણ કાર્ય નિર્ધારિત સમયમાં સફળતાપૂર્વક પૂર્ણ કરીને બ્લોક સમયસર સમાપ્ત કરવામાં આવ્યો હતો, જેથી રેલ સંચાલન નિર્ધારિત સમયપત્રક મુજબ પુનઃ શરૂ કરી શકાયું.

રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન રેલ સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વધારાના પાણી નિકાલ માર્ગથી ભારે વરસાદ દરમિયાન પાણીના અસરકારક નિકાલમાં મદદ મળશે.

# કંડલા એરપોર્ટ પર બોમ્બ થ્રેટ અને એન્ટી-હાઈજેકીંગ મોકડ્રીલ

## બિનવારસુ બેગ નજરે પડતા એરપોર્ટ ઓથોરીટી દ્વારા પોલીસને જાણ કરાતા બોમ્બ સ્કવોડ સ્થળ પર પહોંચી બોમ્બને ડિ-એક્ટિવેટ કરવાની કામગીરી કરી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કંડલા એરપોર્ટ ખાતે બોમ્બ થ્રેટ અને એન્ટી-હાઈજેકિંગ અંગે સુરક્ષા મોકડ્રિલ યોજાઈ હતી. મોકડ્રિલ દરમિયાન કાર પાર્કિંગ વિસ્તારમાં સીસીટીવીમાં બિનવારસુ બેગ નજરે પડતાં એરપોર્ટ ઓથોરિટી દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. બોમ્બ સ્કવોડે સ્થળ પર પહોંચી બેગની તપાસ કરી બોમ્બ હોવાની સ્થિતિનું નિદર્શન કરી તેને સુરક્ષિત રીતે ડિ-એક્ટિવેટ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.



આ દરમિયાન કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા પ્લેન હાઈજેક કરી પેસેન્જર અને પાયલોટને બાનમાં લીધાની પરિસ્થિતિ ઉભી કરવામાં આવી હતી. હાઈજેકરો દ્વારા વિવિધ માંગણીઓ કરવામાં આવતા પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ સંકલિત કામગીરી હાથ ધરી હતી.

એસઓજી, ક્યુઆરટી અને પોલીસ ટીમે ઓપરેશન સંભાળી પેસેન્જરોને નુકસાન ન થાય તે રીતે હાઈજેકરોને કાબૂમાં લેવાની કવાયત હાથ ધરી હતી. મોકડ્રિલમાં એક હાઈજેકર ઘાયલ થયો હોવાનું દર્શાવવામાં આવ્યું હતું જ્યારે બે હાઈજેકરને ઝડપી પાડવાની કાર્યવાહીનું નિદર્શન કરાયું હતું.

મોકડ્રિલમાં અંજાર ડીવાયએસપી મુકેશ ચૌધરી, અંજાર પીઆઈ એચ.કે. જાડેજા, એસઓજી, બીડીડીએસ, કંડલા એરપોર્ટ પોલીસ, અંજાર પોલીસ, ૧૦૮ મેડિકલ ટીમ અને ફાયર ઈમરજન્સી ટીમ સહિતની એજન્સીઓ જોડાઈ હતી. બપોરે ૧૨:૦૫ વાગ્યે શરૂ થયેલી મોકડ્રિલ ૨:૦૦ વાગ્યે પૂર્ણ થઈ હતી.

મોકડ્રિલનો મુખ્ય હેતુ બોમ્બ થ્રેટ, હાઈજેકિંગ જેવી ઈમરજન્સી પરિસ્થિતિમાં વિવિધ સુરક્ષા એજન્સીઓ વચ્ચે સંકલન, ઝડપી પ્રતિસાદ અને બચાવ કામગીરીની તૈયારીઓ ચકાસવાનો હતો. આ સમગ્ર ઘટના વાસ્તવિક નહોતી, પરંતુ સુરક્ષા વ્યવસ્થાની મોકડ્રિલ હતી.

# સેવા સેતુ થકી નાગરિકોને ઘર આંગણે સરકારી સેવાનો લાભ મળ્યો: જગદીશ વિશ્વકર્મા

## પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને રાજયમંત્રી કૌશીક વેકરીયાની ઉપસ્થિતિમાં કુંકાવાવ-વડીયા તાલુકાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

**અબતક, માહીર સુમરા, વડીયા**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની અતૂટ સેવા, સમર્પણ અને અપ્રતિમ નિષ્ઠાના પર્વ - સેવા સંકલ્પ અભિયાનને સાંકળીને ગુજરાત સરકાર દ્વારા સુશાસનને વધુ વેગવંતું બનાવવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનના 'વિકાસ ભી, વિરાસત ભી' અને જનકલ્યાણના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે આજરોજ કુંકાવાવ-વડીયા તાલુકા કક્ષાનો 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને નિકોલ-અમદાવાદ વિસ્તારના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિમાં ભારે ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો.





ઉલ્લેખનીય છે કે, આ તાલુકા કક્ષાના સેવા સેતુ કાર્યક્રમમાં કુંકાવાવ-વડીયા પંથકના અનેક નાગરિકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. સ્થળ પર જ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના , આવક અને જાતિના દાખલા તેમજ રેશનકાર્ડ લગત સેવાઓ, સહિતની વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો નાગરિકોએ પ્રત્યક્ષ લાભ મેળવ્યો હતો અને પારદર્શી વહીવટનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પ્રશાસનની સરાહના કરતા જણાવ્યું હતું કે, 'સેવા સેતુઃ પારદર્શી વહીવટ, લોકકલ્યાણનો અવિરત સેતુ' ના સૂત્રને ચરિતાર્થ કરીને નાગરિકોને ઘર આંગણે જ વિવિધ સરકારી સેવાઓનો સીધો લાભ મળી રહ્યો છે. વહીવટી પ્રક્રિયા સરળ અને વચેટિયા મુક્ત બનતા સામાન્ય માણસના સમય અને શ્રમની મોટી બચત થઈ રહી છે, જે સુશાસનની ઉત્તમ મિસાલ છે.

'સેવા સેતુ' કાર્યક્રમ દરમિયાન નિકોલ વિસ્તારના ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં 'સેવા સેતુ' કાર્યક્રમની ગૌરવશાળી શરૂઆત ગુજરાતથી થઈ હતી, જેના પરિણામે સુશાસન આજે સાચા અર્થમાં છેવાડાના નાગરિકો સુધી પહોંચ્યું છે. તેમણે કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને ગ્રામીણ નાગરિકો સાથે વિવિધ સરકારી યોજનાઓ કેન્દ્રિત પ્રત્યક્ષ અને સહજ સંવાદ સાધીને યોજનાઓની ઉપયોગીતા વિશે વિગતવાર ચર્ચા કરી હતી.

કુંકાવાવ-વડીયા તાલુકા કક્ષાના સેવા સેતુ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયત અને કુંકાવાવ તાલુકા પંચાયતના પદાધિકારીઓ, અમરેલી જિલ્લાના અગ્રણી અતુલભાઈ કાનાણી, અન્ય મહાનુભાવો અભયસિંહ ચૌહાણ, અનિરુદ્ધભાઈ દવે, બગસરા પ્રાંત અધિકારી કુંભાણી, વડિયા તાલુકા મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારી સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાણપુર મામલતદારે જન્મ-મરણની પડતર અરજીઓનો નિકાલ શરૂ કર્યો

## બાર એસો.ના આવેદનપત્ર બાદ અરજદારોને રાહત, સમય અને ખર્ચની બચત થશે

**અબતક, વિપુલ લુહાર, રાણપુર**

ભારત સરકારના 'જન્મ અને મરણ નોંધણી અધિનિયમ'ના નોટિફિકેશનને અનુલક્ષીને પડતર કેસોનો મામલતદાર કક્ષાએથી નિકાલ કરવાની સત્તાઓ આપવામાં આવી છે. આ સંદર્ભે બોટાદ જીલ્લાના રાણપુર બાર એસોસિએશન (વકીલ મંડળ)ના પ્રમુખ ચાંપરાજસિંહ પ્રતાપસિંહ ડોડીયા તથા રાણપુર બારના વકીલો દ્વારા અરજદારો સાથે મળીને જન્મ-મરણની પરચૂરણ અરજીઓનો સત્વરે નિકાલ કરવા અંગે રાણપુર મામલતદારને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.



વકીલો અને અરજદારો દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાને લઈ રાણપુર મામલતદાર કે.બી. ગોહિલે આવેદનપત્ર સ્વીકારી અરજદારોના હિતમાં હકારાત્મક અભિગમ દાખવ્યો હતો. ગેઝેટની જોગવાઈઓનું સકારાત્મક અર્થઘટન કરી ન્યાયિક વલણ અપનાવી પડતર કેસોનો નિકાલ કરવામાં આવશે તેવી ખાતરી મામલતદારએ આપી હતી.

મામલતદારના આ સકારાત્મક પ્રતિભાવ બદલ આજે ચાંપરાજસિંહ ડોડીયા, રાણપુર વકીલ મંડળ તથા રાણપુરની જનતા વતી મામલતદારને આભાર પત્ર અર્પણ કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલા તાલુકાના રસ્તાઓ રૂ.૪.૭૫ કરોડના ખર્ચે ટનાટન બનશે

## વિજપડીથી સ્ટેશન અને મેરિયાણાથી વનાળા આજીકાનો માર્ગ નવો બનશેઃ ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે ખાતમુહુર્ત

**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધાઓને વધુ સુદ્દઢ બનાવવા માટે આજે મહત્વપૂર્ણ વિકાસકાર્યોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વિજપડી ગામે રૂ. ૨.૭૫ કરોડના ખર્ચે વિજપડીથી વિજપડી સ્ટેશન સુધીના માર્ગના વિકાસકાર્યનું તેમજ મેરિયાણા ગામે રૂ. ૨ કરોડના ખર્ચે મેરિયાણાથી વનાળા આશ્રમ તરફ જતાં માર્ગના નિર્માણકાર્યનું ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મેરિયાણાથી વનાળા આશ્રમ તરફનો આ માર્ગ માત્ર ગ્રામ્ય પરિવહન માટે જ નહીં, પરંતુ વનાળામાં આવેલા પૌરાણિક દ્વારકાધીશ મંદિર સાથે જોડાયેલો હોવાથી ધાર્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ વિશેષ મહત્વ ધરાવે છે.

આ માર્ગના નિર્માણથી મંદિર સુધી આવતા શ્રદ્ધાળુઓ, સંતો-મહંતો તથા આસપાસના ગ્રામજનોને વધુ સુગમ અને સુવિધાજનક આવાગમન મળી રહેશે. ખાસ કરીને મંદિર તરફના માર્ગના વિકાસ માટે સીસી રોડની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, જેના કારણે લાંબા ગાળે માર્ગની ગુણવત્તા અને ઉપયોગિતામાં વધારો થશે.

વિજપડી ખાતે રૂ. ૨.૭૫ કરોડના ખર્ચે હાથ ધરાનારા વિજપડીથી વિજપડી સ્ટેશન રોડની કામગીરી અંતર્ગત આશરે ૫.૫૦ કિલોમીટર રસ્તા પર ડામર તથા રી-સરફેસિંગની કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત જરૂરી સ્થળોએ સીસી રોડની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. લાંબા સમયથી માર્ગ સુવિધાને લગતી જરૂરિયાત ધરાવતા આ વિસ્તારમાં માર્ગનું નવીનીકરણ થતાં સ્થાનિક ગ્રામજનો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તથા વાહનચાલકોને આવાગમનમાં સુવિધા મળશે.



આ બંને વિકાસકાર્યો માટે કુલ રૂ. ૪.૭૫ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓની ગુણવત્તામાં સુધારો થાય અને લોકોને સારી પરિવહન સુવિધા મળી રહે તે દિશામાં આ કામગીરી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, ગામડાંનો વિકાસ માત્ર રસ્તાના નિર્માણથી થતો નથી, પરંતુ સારા રસ્તા વિકાસની અનેક નવી તકોના દ્વાર ખોલે છે. વિજપડીથી સ્ટેશન સુધીનો માર્ગ હોય કે વનાળાના પૌરાણિક દ્વારકાધીશ મંદિર સુધી પહોંચતો માર્ગ હોય

આ પ્રસંગે મુકેશભાઈ મહીડા પ્રમુખ પ્રતિનીધી તાલુકા પંચાયત સાવરકુંડલા, વિજયભાઈ ચાવડા પ્રતિનિધિ ચેરમેન તાલુકા પંચાયત, દીપકભાઈ માલાણી ચેરમેન માર્કેટિંગ યાર્ડ,જીલ્લા પંચાયત સદસ્યો,તાલુકા પંચાયત સદસ્ય,સ્થાનિક આગેવાનો, ગ્રામજનો તથા સંબંધિત અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત થતાં વિજપડી અને મેરિયાણા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક લોકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

## માણાવદરના નાનડિયા ગામે સેવા સેતુમાં વિવિધ સેવાઓ સાથે વૃક્ષારોપણ થકી પર્યાવરણનો સંદેશ



**અબતક,જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર તાલુકા વહીવટી તંત્ર દ્વારા નાનડિયા ગામની પ્રાથમિક શાળામાં 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો. છેવાડાના નાગરિકોને ઘરઆંગણે જ સરકારી યોજનાઓ અને સેવાઓનો સીધો લાભ મળે તે હેતુથી આયોજિત કાર્યક્રમને સારો પ્રતિસાદ મળ્યો.આ શિબિરમાં સરકારી વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા. ગ્રામજનોને રેશનકાર્ડ, આધારકાર્ડ, આયુષ્યમાન ભારત કાર્ડ, બેંકિંગ સેવાઓ, વૃદ્ધ પેન્શન, વિધવા સહાય, આરોગ્ય તપાસ અને પશુપાલન વિભાગની યોજનાકીય સેવાઓ સ્થળ પર જ મળી. કચેરીઓના ધક્કા ટળતા લોકોનો સમય અને ખર્ચ બચ્યા.કાર્યક્રમ દરમિયાન માણાવદર વન વિભાગ દ્વારા શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરાયું. અધિકારીઓ, અગ્રણીઓ અને ગ્રામજનોએ સાથે મળી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો.આ કાર્યક્રમમાં મામલતદાર મહેશભાઈ શુક્લ, નાયબ મામલતદાર પી.બી. પંડ્યા, તાલુકા પંચાયત સદસ્ય ધર્મેન્દ્રભાઈ બોરખતરીયા અને વન રક્ષક રિદ્ધિબેન બેરા સહિત સ્થાનિક પ્રતિનિધિઓ અને લાભાર્થી ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.


**જામનગર મહાનગર સેવા સદન**
**વોટર વર્કસ શાખા**
*** ઈ - ટેન્ડર નિવિદા ***

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શ્રી શહેરી વિકાસ યોજના ગ્રાન્ટ હેઠળ મ્યુ. કમિશ્નર જામનગર મહાનગરપાલિકા જામનગર દ્વારા વોટર વર્કસ શાખાના નીચે મુજબના કામ માટે રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ રૂા. લાખમાં (જીએસટી વગર) |
|---|---|---|
| ૧ | પ્રોવાઇડીંગ, સપ્લાઇંગ,લોવરીંગ, લેઇંગ, ટેસ્ટીંગ એન્ડ કમિશનીંગ ૪૬૫૦ મીટર ડી.આઇ.કે-૭ પાઇપલાઇન ૧૦૦ એમ.એમ ટુ ૫૦૦ એમ.એમ. ડાયા ફોર વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ફ્રોમ સમર્પણ ઇ.એસ.આર. ટુ હનુમાન ટેમ્પલ એન્ડ હનુમાન ટેમ્પલ ટુ ધરારનગર-૨ વિથ ઓલ એલાઇડ વર્કસ, જામનગર. | ૬૨૫.૯૭ |
| ૨ | પ્રોવાઇડીંગ, સપ્લાઇંગ, લોવરીંગ, લેઇંગ, ટેસ્ટીંગ એન્ડ કમિશનીંગ ૪૩૦૦ મીટર ડી.આઇ. કે-૭ પાઇપલાઇન ૧૦૦ એમ.એમ. ટુ ૭૫૦ એમ.એમ ડાયા ફોર વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ફ્રોમ પટેલ પાર્ક હેડ વર્કસ ટુ પવન ચકકી એરિયા એન્ડ ધર્મશાળા ટુ પવન ચકકી વિથ ઓલ એલાઇડ વર્કસ, જામનગર. | ૪૫૯.૦૭ |

ઇ.એમ.ડી. તથા ડોકયુમેન્ટ ફી મ્યુનિસિપલ કમિશનર જામનગર મહાનગરપાલિકાની તરફેણમાં ભરવાની રહેશે. સદરહું કામની ટેન્ડર નિવિદા, ડોકયુમેન્ટસ તથા ટેન્ડરને લગત વધુ માહિતી માટે જામનગર મહાનગરપાલિકાની વેબ સાઇટ https://jmctender.nprocure.com પરથી મેળવી શકાશે. ટેન્ડર ઇલેકટ્રોનીક ફોરમેટમાં વેબ સાઇટ https:/jmctender.nprocure.com પરથી ડીજીટલ સહી સાથે ઓનલાઇન સબમિટ કરવાનું રહેશે. ઉપરોકત ટેન્ડર તા. ૦૫-૧૦-૨૦૨૬ થી ઓનલાઇન જોઇ શકાશે.

કાર્યપાલક ઇજનેર, વોટર વર્કસ શાખા
કમિશ્નર, જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/વો.વ./૦૨૧/૧૦૯/૨૦૨૬-૨૭
તા. 30-૦૯-૨૦૨૬ 93



## છઠ્ઠી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



**સ્વ. ઘોઘાભાઇ જીણાભાઇ મકવાણા (ભુવાશ્રી)**
સ્વ.તા. ૦૨-૧૦-૨૦૨૦, શુક્રવાર

વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી વસમી વિદાય લઇ ચંદન જેવું જીવન જીવીને સુખ સૌને આપી ગયા. આપે વારસામાં આપેલા આદર્શ સદ્ગણોનાં જીવન પંથે અમો ચાલીશું. સમય વહી જશે, સ્મરણો અમારા હૃદયમાં ભુતકાળ બનીને નહીં પરંતુ સ્મરણીય બનીને સદાય અમર રહેશે. આપની વિદાયને છ વર્ષ વીતી ગયા છતા હયાતીનો અહેસાસ હજુય લાગે છે. સ્નેહ સાગરમા સંભારણા તાજા કરીએ તો હૈયે ભીનાશ હજુય લાગે છે. આપના પવિત્ર આત્માને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના...

ખીમજીભાઇ ટીડાભાઇ મકવાણા — અશ્વિનભાઇ રમેશભાઇ મકવાણા
રમેશભાઇ ટીડાભાઇ મકવાણા — દર્શનભાઇ રમેશભાઇ મકવાણા
સ્વ. કનુભાઇ ટીડાભાઇ મકવાણા — દર્શિતભાઇ રમેશભાઇ મકવાણા
જીતેન્દ્રભાઇ ખીમજીભાઇ મકવાણા — ક્રિશ જીતેન્દ્રભાઇ મકવાણા
નિલેશભાઇ કનુભાઇ મકવાણા — રાજ નિલેશભાઇ મકવાણા
જયંતિભાઇ પ્રભુદાસભાઇ ચોલેરા — મીત જયંતિભાઇ ચોલેરા
દર્શ જયંતિભાઇ ચોલેરા — તથા મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ

• મે. સમજુ ટ્રેકટર્સ • ઓરેંજ ડીજીટલ વર્લ્ડ (Ex. BMW Showroom)
• ઓમ પાર્ટી લોન્સ • ડાયમંડ પાર્ટી લોન્સ - કુવાડવા રોડ

SIMPLE-2460111





"દારૂ માણસને પોતાનું ભાન ભુલાવી દે છે અને જ્યાં સુધી તેની અસર રહે છે, ત્યાં સુધી તે કોઈ પણ ઉપયોગી કામ કરવા માટે તદ્દન અસમર્થ બની જાય છે. જેઓ દારૂ પીવે છે તેઓ પોતાને બરબાદ કરે છે અને પોતાના પરિવારને પણ પાયમાલ કરે છે.

-મહાત્મા ગાંધી

## નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૬ થી તા. ૦૮-૧૦-૨૦૨૬ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર | ઘર ઘર સ્વદેશી

### સંદેશો

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રતજી**
**રાજ્યપાલ, ગુજરાત રાજ્ય**

**નશામુક્ત સમાજનું નિર્માણ સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ રાષ્ટ્રના પાયામાં મહત્ત્વપૂર્ણ** યોગદાન આપે છે. વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવારના સુખ-શાંતિ અને સમાજની પ્રગતિ માટે વ્યસન ગંભીર રીતે પડકારરૂપ બને છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યક્તિના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. **નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.** તેથી વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવી અને યુવા પેઢીને નશાના દુષ્પરિણામોથી માહિતગાર કરવી એ સમયની આવશ્યકતા છે.

ગુજરાતની સ્થાપનાથી રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ થી ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે, તેનું આયોજન અભિનંદનીય છે.** ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ એટલે કે **૦૨ ઓક્ટોબરથી ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલા "નશાબંધી સપ્તાહ" નિમિત્તે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.**

વિકસિત ગુજરાતના નિર્માણમાં વ્યસનમુક્તિ એ સૌથી મહત્વનો પાયો છે. નશો માત્ર સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને આર્થિક તથા સામાજિક રીતે બરબાદ કરે છે. રાજ્યની યુવાશક્તિ ખોટા માર્ગે ન ફંટાય અને વ્યસનમુક્ત રહી પોતાની ઊર્જા રાષ્ટ્રના વિકાસમાં લગાવે તે અત્યંત જરૂરી છે. ગુજરાત સરકારે નશાબંધીના કાયદાનો હંમેશા કડક અમલ કર્યો છે, પરંતુ આ લડતને જનઆંદોલન બનાવવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

આવો, આ **'નશાબંધી સપ્તાહ'** નિમિત્તે આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણે પોતે વ્યસનોથી દૂર રહીશું અને અન્ય લોકોને પણ નશામુક્ત અને સ્વસ્થ જીવન જીવવા પ્રેરિત કરીશું.

ચાલો, ગાંધીજીના આદર્શોને સાર્થક કરી ગુજરાતને વધુ સમૃદ્ધ, સ્વસ્થ અને ઉજ્જવળ બનાવીએ.

**"વ્યસન મુક્ત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત."**
જય જય ગરવી ગુજરાત!

**હર્ષ સંઘવી**
**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨ જી ઓક્ટોબરથી શરૂ થતા **'નશાબંધી સપ્તાહ' (તા.૦૨/૧૦/૨૦૨૬ થી તા.૦૮/૧૦/૨૦૨૬) ની ઉજવણી પ્રસંગે સમગ્ર રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામના.**

**આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશનું યુવાધન વ્યસનમુક્ત અને સશક્ત બને તે અત્યંત જરૂરી છે.** માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ દેશમાં નશાની પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબના સબળ નેતૃત્વ હેઠળ નશાબંધી અને આબકારી ખાતું રાજ્યમાંથી નશાના દૂષણને નાબૂદ કરવા તથા યુવા પેઢીને વ્યસનમુક્ત બનાવવા માટે નિરંતર સરાહનીય પ્રયાસો કરી રહ્યું છે.**

વ્યસન એ માત્ર એક વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજનું પતન નોતરે છે. નશાબંધી અને આબકારી ખાતા દ્વારા આયોજિત આ **'નશાબંધી સપ્તાહ'** દરમિયાન યોજાનાર વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા રાજ્યના નાગરિકો અને વિશેષ કરીને યુવાનો વ્યસનના દૂષણથી દૂર રહેવા પ્રેરણારૂપ બનશે.

આપણે સૌ સામૂહિક સંકલ્પ લઈએ અને **'વ્યસનમુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ ગુજરાત'ના** નિર્માણમાં આપણું યોગદાન આપીએ.

**'નશાબંધી સપ્તાહ'** ની ઉજવણીના તમામ આયોજનો સફળ રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ!

**કમલેશ પટેલ**
**રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાત રાજ્ય**

### ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત

# મચ્છુ નદી કાંઠે સ્વચ્છતા અભિયાનમાં પ્રભારી મંત્રી સહિત સરકારી અધિકારીઓ જોડાયા

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં ‘સેવા સંકલ્પ અભિયાન’ અને ‘સ્વચ્છતા હી સેવા’ ની ઉજવણીના ભાગરૂપે પર્યાવરણની જાળવણી અને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવવાના આશયથી ખાસ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત મોરબીના બેઠા પુલ પાસે મચ્છુ નદીના કાંઠે જીલ્લા પ્રભારી મંત્રી ત્રિકમભાઈ છાંગાની વિશેષ ઉપસ્થિતિમાં સઘન સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.




આ તકે પ્રભારી મંત્રી સહિત ઉપસ્થિત પદાધિકારીઓ તથા વહીવટી તંત્રના અધિકારીઓએ શ્રમદાન કરી નદી કાંઠા વિસ્તારની સફાઈ કરી હતી.

આ ઝુંબેશમાં મોરબી મેયર ઉત્તમ સુરાણી, સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, કમિશનર સંગીતા રૈયાણી, કોર્પોરેટરો, સ્થાનિક અગ્રણીઓ, અધિકારીઓ, વિવિધ સંસ્થાઓના સ્વયંસેવકો અને સેવાભાવી નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# મોરબી: ૫૪ ચોરીના ગુનામાં સંડોવાયોલા તસ્કર સહિત છ વોન્ટેડ શખ્સ પકડાયા

## દારૂના પાંચ અને ઘરફોડરીના ગુનાના ફરાર આરોપીઓને પકડી લેતી એલસીબી-પેરોલ ફર્લો સ્કવોડ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી એલસીબી અને પેરોલ ફર્લો સ્કવોડે અલગ-અલગ પોલીસ સ્ટેશનના પાંચ પ્રોહિબિશન અને એક ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા કુલ છ આરોપીઓને ઝડપી સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપ્યા છે. જેમાં દાહોદનો એક આરોપી ગુજરાત અને રાજસ્થાનમાં ૫૪ જેટલા ઘરફોડ ચોરીના ગુનાઓમાં અગાઉ પકડાઈ ચૂક્યો છે.સરહદી રેન્જ ભુજ પોલીસ મહાનિરીક્ષક દ્વારા તા. ૧ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ સુધી નાસતા ફરતા આરોપીઓ અને તપાસ દરમિયાન પકડવાના બાકી આરોપીઓને ઝડપી પાડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી એલસીબી અને પેરોલ ફર્લો સ્કવોડે ટેકનિકલ માધ્યમો, હ્યુમન સોર્સિસ અને બાતમીદારોની મદદથી કુલ છ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

પકડાયેલા આરોપીઓમાં મોરબીના લખધીરપુર રોડ પર વૈભવ હોટલ સામે રહેતી શોભનાબેન નવઘણભાઈ હમીરપરા ઉ.વ.૩૭, વાંકાનેરના જડેશ્વર મંદિર પાસે ઝૂંપડામાં રહેતો સોમાભાઈ લઘુભાઈ વાઘેલા ઉ.વ.૨૫, મોરબીના લીલાપર મેલડી માતાની શેરીમાં રહેતો નવઘણભાઈ જેઠાભાઈ દેગામા ઉ.વ.૨૮, મોરબીના કાંતિનગરમાં રહેતો ગનીભાઈ જાકુબભાઈ નોડે ઉ.વ.૩૫ અને મોરબીના વીસીપરા કુલીનગર-૧માં રહેતો સલીમભાઈ ઉર્ફે રાહુલ ફિરોજભાઈ પઠાણ ઉ.વ.૨૯ એમ આ પાંચેય આરોપીઓ પ્રોહિબિશનના અલગ-અલગ ગુનાઓમાં નાસતા ફરતા હતા.આ ઉપરાંત દાહોદ જીલ્લાના જાલોદ તાલુકાના લીમડી પ્રતાપનગરમાં મોડર્ન સ્કૂલ પાસે રહેતા પરેશ ઉર્ફે પારસ દેવીલાલ સોની ઉ.વ.૪૫ને દાહોદ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે. તે હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વર્ષ ૨૦૨૩ના ઘરફોડ ચોરીના ગુનામાં ફરાર હતો. આ ઉપરાંત આ આરોપી ગુજરાત અને રાજસ્થાન રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા આશરે ૫૪ ઘરફોડ ચોરીના ગુનાઓમાં અગાઉ પકડાઈ ચૂક્યો છે.ઉપરોક્ત ઝડપાયેલા નાસતા ફરતા છ આરોપીઓને સંબંધિત વાંકાનેર સીટી, મોરબી સીટી એ ડિવિઝન, મોરબી તાલુકા અને હળવદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. આ કામગીરી એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.પી. જાડેજા, પીએસઆઈ બી.ડી. ભટ્ટ, પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ વી.જી. માલાણી તથા એલસીબી અને પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# વાંકાનેરમાં ગાંધી જયંતિ નિમિત્તે ધારાસભ્ય અને પાલિકાની ટીમ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિના પાવન અવસરે વાંકાનેર શહેરમાં સ્વચ્છતાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાના હેતુથી વાંકાનેર નગરપાલિકા દ્વારા વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સ્થાનિક ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની અધ્યક્ષતામાં યોજાયેલી આ ઝુંબેશમાં શહેરના મુખ્ય જાહેર માર્ગો, બજારો અને શૈક્ષણિક પરિસરોની સઘન સાફ-સફાઈ કરવામાં આવી હતી.



અભિયાન અંતર્ગત શહેરના હૃદયસમા માર્કેટ ચોક, ગર્લ્સ હાઈસ્કૂલ રોડ તેમજ મુખ્ય માર્ગો પર પદાધિકારીઓ, આગેવાનો અને સફાઈ કર્મીઓએ સાથે મળીને સફાઈ કરી હતી. આ તકે ઉપસ્થિત નાગરિકો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને પોતાના ઘર તેમજ દુકાનની આસપાસ કચરો ન ફેંકવા અને વાંકાનેરને સ્વચ્છ-સુંદર રાખવા અપીલ કરવામાં આવી હતી.

સ્વચ્છતા અભિયાનમાં નગરપાલિકા ઉપપ્રમુખ માધવીબેન દવે, કાઉન્સિલરો બ્રિજરાજસિંહ ઝાલા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, જિજ્ઞેશ નાગ્રેચા તેમજ ભાજપ સંગઠનના કાર્યકરો, મહિલા મોરચાના આગેવાનો તથા નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત અધિકારી-કર્મછારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને શ્રમદાન કર્યુ હતું.

# મોરબીમાં બાકી મિલકતવેરો નહીં ભરનાર સામે સીલિંગની કાર્યવાહી કરાશે

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની હાઉસ ટેક્સ શાખા દ્વારા બાકી મિલકતવેરાની વસૂલાત માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. હાલ બાકી વેરો ધરાવતા મિલકતધારકોને માંગણા નોટિસ આપવામાં આવી રહી છે. ત્યારબાદ પણ વેરો ભરવામાં નહીં આવે તો વોરંટ નોટિસ આપી બાકી મિલકતધારકોની મિલકત સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા માટે https://mmcgujarat.in/ વેબસાઈટ તેમજ મોબાઈલ એપ્લિકેશન મારફતે ઓનલાઈન વેરો ભરવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. એન્ડ્રોઈડ મોબાઈલમાં પ્લે સ્ટોર પર 'Morbi Municipal Corporation' લખીને મહાનગરપાલિકાના લોગોવાળી એપ્લિકેશન ડાઉનલોડ કરી પ્રોપર્ટી ટેક્સ અને વ્યવસાયવેરાના વિભાગમાં જઈ મિલકત નંબર દાખલ કરીને સરળતાથી ઓનલાઈન વેરો ભરી શકાય છે.

મહાનગરપાલિકા દ્વારા વિકસાવવામાં આવેલી વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને અનેક અરજદારોએ ઓનલાઈન મિલકતવેરો ભર્યો છે. ત્યારે નાગરિકોને સરળ અને સમયસર સેવા મળી રહે તે હેતુથી તમામ મિલકતધારકો અને ભોગવટેદારોને ઓનલાઈન વેરો ભરવા તેમજ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી રિબેટ યોજનાનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# મોરબી : મફતમાં ઠંડુ પીણું આપવાનો ઈન્કાર કરતા દુકાનમાં તોડફોડ

## વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર નશાખોર અશોક પરમાર લોકઅપમાં

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના વાવડી રોડ પર આવેલી મીરા પાર્ક સોસાયટીમાં મોમાઈ ડેરી એન્ડ બેકરીના વેપારી જયેન્દ્રગીરી પી. ગોસ્વામી અને તેમના પત્ની જાગૃતિબેન દુકાને હાજર હતા ત્યારે અશોક પરમાર નામનો શખ્સ કેફી પ્રવાહી પીધેલી હાલતમાં આવી ઠંડુ પીણું મફતમાં માંગતો હતો. જેથી વેપારીએ મફતમાં આપવાનો ઈનકાર કરતા શખ્સે ગાળાગાળી કરી માથાકૂટ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ છૂટા પથ્થરો વડે દુકાનમાં તોડફોડ કરી હતી. ત્યારે વેપારીએ ૧૧૨માં જાણ કરતા પોલીસ ટીમ સ્થળ પર પહોંચી હતી, પરંતુ શખ્સ ત્યાંથી નાસી ગયો હતો.

ત્યારબાદ રાત્રે ફરી અશોક પરમાર ધોકો લઈને દુકાને આવી માથાકૂટ કરી દાદાગીરી કરતો હતો. જેથી વેપારીએ ફરી ૧૧૨ માં જાણ કરાતા પોલીસે બાદમાં તેના ઘરે જઈ ધરપકડ કરી હતી.

પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ, અશોક પરમાર નશાની હાલતમાં મળી આવતા તેની વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે અને હાલ તે લોકઅપમાં છે. જ્યારે દુકાનમાં તોડફોડ અને વેપારીને જાનથી મારી નાખવાની ધમકીના આક્ષેપ અંગે ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા તજવીજ ચાલી રહી છે. સમગ્ર મામલે એ ડિવિઝન પોલીસ મથકના વી.જે. ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

# મોરબીના દરબારગઢથી પાડાપુલ જતા રસ્તે જોખમી દીવાલનું તાત્કાલિક સમારકામ કરવા મહિલા કોંગ્રેસ પ્રમુખની માંગ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના દરબારગઢથી પાડાપુલ તરફ જતા રસ્તા પર ઊંડી ખાઈ પાસેની દીવાલ જોખમી હાલતમાં હોવાના આક્ષેપ કરી જીલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ નિરંજનબેને મહાનગરપાલિકા પાસે તાત્કાલિક સમારકામ અને સ્થળને સુરક્ષિત બનાવવાની માંગ કરી છે.

મોરબીના દરબારગઢથી પાડાપુલ તરફ જતા રસ્તા પર રાજાશાહી સમયની ગ્રીલો અને દીવાલો આવેલી છે. આ માર્ગ પર આશરે ૩૦થી ૪૦ ફૂટ ઊંડી ખાઈ પાસેની એક દીવાલ છેલ્લા એક મહિનાથી ઘસાઈને જોખમી હાલતમાં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ રસ્તા પરથી દરરોજ મોટી સંખ્યામાં બાળકો, વૃદ્ધો, મહિલાઓ અને રાહદારીઓ પસાર થાય છે. ઉપરાંત, આ જ સ્થળે નાસ્તાની લારીઓ અને ફેરિયાઓ પણ બેસતા હોવાથી અકસ્માતની શકયતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. મોરબી જીલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ નિરંજનબેને આ મામલે મહાનગરપાલિકાના તંત્રની કામગીરી સામે સવાલ ઉઠાવી જોખમી દીવાલ એક મહિનાથી આવી સ્થિતિમાં હોવા છતાં સમારકામ કેમ કરવામાં આવ્યું નથી તે અંગે જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે. અને રજૂઆત કરતા જણાવ્યું કે કોઈ અઘટિત ઘટના બને તે પહેલાં જોખમી દીવાલનું તાત્કાલિક નિરીક્ષણ કરવામાં આવે, જરૂરી સમારકામ હાથ ધરવામાં આવે અને સ્થળને સુરક્ષિત બનાવવામાં આવે. જો તંત્ર દ્વારા વહેલી તકે કાર્યવાહી કરવામાં નહીં આવે તો સ્થાનિકો સાથે મહાનગરપાલિકા કચેરીનો ઘેરાવ કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ગોપાલ સોસાયટીમાં રહેણાંકમાં જુગાર રમતા ચાર ઝડપાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે મળેલી ખાનગી બાતમીના આધારે મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ ગોપાલ સોસાયટીમાં ધરમશીભાઈ ભગવાનજીભાઈ પટેલના રહેણાંક મકાનમાં મોડી રાત્રે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ગંજીપતાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા ધરમશીભાઈ ભગવાનજીભાઈ પટેલ ઉવ.૬૧ રહે.ગોપાલ સોસાયટી મોરબી-૨ ઉપરાંત ધનજીભાઈ કેશવજીભાઈ પટેલ ઉવ.૬૨ રહે. હરીગુણ હાઈટ્સ મોરબી-૨, અનીલભાઈ મગનભાઈ પટેલ ઉવ.૫૪ રહે. સરસ્વતી સોસાયટી શેરી નં.૧ મોરબી-૨ અને અંકીતભાઈ દશરથભાઈ પટેલ ઉવ.૨૬ રહે. પ્રભુકૃપા ટાઉનશીપ મોરબી-૨ વાળાને રોકડા રૂ.૩૯,૪૦૦/- સાથે ઝડપી લઈ તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેર નજીક દેશી દારૂ ભરેલી ક્રેટા કાર સાથે રફીક ઝડપાયો

## તાલુકા પોલીસે રૂ.૫.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો, દારૂનો જથ્થો મોકલનારની તપાસ શરૂ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના મહીકા ગામ પાસે પોલીસે દેશી દારૂની હેરાફેરી કરતી ક્રેટા કારને ઝડપી પાડી ચાલક રફિક ઉર્ફે રફલો વિકીયાણીની ધરપકડ કરી છે. આ સાથે વાંકાનેર તાલુકા પોલીસે ૯૫૦ લીટર દેશી દારૂ, ક્રેટા કાર અને મોબાઈલ સહિત કુલ રૂ.૫.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.



વાંકાનેર તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હોય ત્યારે બાતમી મળી કે, સફેદ રંગની હ્યુન્ડાઈ ક્રેટા કાર નંબર જીજે-૦૭-ડીએ-૮૦૩૦માં દેશી દારૂ ભરી વાંકાનેર તરફ આવનાર છે. બાતમીના આધારે પોલીસે મહીકા ગામ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન ઉપરોક્ત ક્રેટા કાર ત્યાંથી પસાર થતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલકે કાર રોકવાને બદલે નાસવાનો પ્રયાસ કરતાં પોલીસે પીછો કરી મહીકા ગામના પુલ પાસે કારને કોર્ડન કરી ઝડપી લીધી હતી. જે બાદ ક્રેટા કારની તલાસી લેતા તેમાંથી ૯૫૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧,૯૦,૦૦૦/- મળી આવ્યો હતો. આ સાથે પોલીસે કાર ચાલક આરોપી રફિક ઉર્ફે રફલો હબિબભાઈ વિકીયાણી ઉવ.૩૭ રહે. ચંદ્રપુર તા. વાંકાનેર વાળાની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી. આરોપી પાસેથી દેશી દારૂ ઉપરાંત રૂ.૪ લાખની ક્રેટા કાર અને રૂ.૫ હજારનો વિવો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. હાલ વાંકાનેર તાલુકા પોલીસે દારૂનો જથ્થો મોકલનાર સહિત અન્ય સંડોવાયેલા ઈસમોની તપાસ હાથ ધરી છે.

# ઉપલેટા: ધ્રુવ આયુર્વેદ હોસ્પિટલ ખાતેના શારદીય વિરેચન કેમ્પમાં ગ્રામ્ય પંથકના અનેક દર્દીઓએ લાભ લીધો

**અબતક, કિરીટ રાણપરી,ઉપલેટા**

ઉપલેટાના સુપેડી ગામે આવેલ ઈવા કોલેજ ઓફ આયુર્વેદ સંલગ્ન ધ્રુવ આયુર્વેદ હોસ્પિટલ ખાતે તા.૨૫ થી ૩૦ છ દિવસ માટે શરદીય વિરેઅન કેમ્પ યોજાયો હતો. તેમાં બહોળી સંખ્યામાં ગ્રામ્ય વિસ્તારના લોકો જોડાયા હતા.



આ શરદીય વિરેઅન કેમ્પનો મુખ્ય હેતુ શરદ ઋતુમાં પિતનો પ્રકોપ થાય છે. ઋતુ પરિવર્તનના કારણે થતા વિવિધ રોગોથી બચવા માટે સ્વચ્છ રહેવા માટે શરીરની સુધ્ધીનું વિશેષ મહત્વ છે. આ સુધી પ્રક્રિયાને એક નામ એટલે વિરેઅન કર્મ જે વિશેષ કરીને આચાર્યોએ શરદ ઋતુચર્થામાં વર્ણાવ્યું છે. આ અંગે દર્દીઓને આરોગ્ય માટે વિશેષ સારવાર અને માહિતી માટે મો. ૯૯૯૮૬૧૮૨૯ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# સામખિયાળીમાં યુવાનની હત્યામાં વિનોદ લુહારને આજીવન કેદ

## ત્રણ વર્ષ પહેલા ૫૦ હજારની ઉઘરાણીના મામલે છરી વડે યુવકનું ઢીમઢાળી દીધું તુ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સામખિયાળી ગામે પોણા ત્રણ વર્ષ અગાઉ રૂ.૫૦ હજારની લેવડ-દેવડ બાબતે થયેલી બોલાચાલીમાં યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા કરવાના કેસમાં ભચાઉની અધિક જિલ્લા એન્ડ સેશન્સ કોર્ટે આરોપી વિનોદ અમરશી લુહાર (રાઠોડ)ને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે.

તા.૨૩/૧૧/૨૦૨૩ના રોજ શાંતિનગર પ્લોટ વિસ્તારમાં દશામાના મંદિર પાસે મરણજનાર ગફુર ઈસ્માઈલ મન્સુરી પોતાના ઉછીના આપેલા રૂ.૫૦ હજાર પરત માંગતા આરોપી સાથે બોલાચાલી થઈ હતી. દરમિયાન આરોપીએ છરી વડે ગફુરભાઈના પેટ, બગલ, સાથળ અને માથાના ભાગે ઘા મારતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર માટે ખસેડાયેલા ગફુરભાઈને તબીબોએ મૃત જાહેર કર્યા હતા.

સામખિયાળી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસનીશ અધિકારી વી.આર. પટેલે આરોપીની અટકાયત કરી ઈઉછ, ઋજ્રક રિપોર્ટ, બેંક સ્ટેટમેન્ટ સહિતના પુરાવા એકત્ર કરી ચાર્જશીટ રજૂ કરી હતી.

કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ ડી.એસ. જાડેજાએ રજૂ કરેલા ૨૨ સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવાઓ, જેમાં મરણજનારના માતાની જુબાની, ડોક્ટર તથા અન્ય સાહેદોની જુબાની અને ઋજ્રક રિપોર્ટનો સમાવેશ થાય છે, તેને આધારે આરોપ વિના શંકાએ સાબિત થતાં ન્યાયાધીશ બી.એલ. ચોઈથાણીએ આરોપીને આજીવન કેદની સજા સંભળાવી હતી.

દરમિયાન સાહેદ તૈયબ ગુલમામદ માણેક તથા સલીમ સુભાન કટિયા પોલીસ સમક્ષના નિવેદનથી વિમુખ થઈ કોર્ટમાં ખોટો પુરાવો આપ્યાના મુદ્દે તેમને કારણદર્શક નોટિસ પાઠવી તા.૫/૧૦ના રોજ કોર્ટમાં હાજર રહેવા હુકમ કરવામાં આવ્યો છે.

# ગીરગઢડાના મોતિસર ગામે જમીનના વિવાદમાં ખેડુત પર હુમલો

## ખેતરનો કબ્જો મેળવવા સાત શખ્સો વૃધ્ધ પર હથિયારો સાથે તૂટી પડ્યા

**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકાના મોતિસર ગામે અરજણભાઈ કરશનભાઈ કાથરોટીયા ઉ.વ.૬૮ પોતાના ખેતર મા કામ કરતા હતા. ત્યારે મોતીસર ગામના અજીતભાઈ દાનસિંગભાઈ દાહીમાં, દાનસિંગભાઈ ભગવાનભાઈ દાહીમાં, દિવ્યેશ બારડ, ગાંડાભાઈ મોરી સહીત સાત લોકો. પાઈપ, ધારિયા જેવા હથિયાર લઈ જમીન નો કબ્જો લેવા ખેતર મા ઘુસી ગયા હતા અને અરજણ ભાઈ ઉપર તૂટી પડી આડેધડ માર મારતા અરજણ ભાઈ ને ડાબા હાથ અને પગ મા ફેક્ચર આવેલ હતું. શરીર મા ઈજાઓ પહોંચી હતી અને અરજણભાઈને બચાવવાં ખેતર મા કામ કરતા શ્રમિક અજીત ભાઈ સમા વચ્ચે પાડતા તેમને પણ મૂઢ ઈજાઓ પહોંચી હતી. અરજણ ભાઈ ને પ્રથમ ઉના અને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવેલ છે. ગીર ગઢડા પોલીસ સ્ટેશનમા ફરિયાદમા જણાવેલ કે આ ખેતીની જમીનનો વિવાદનો દાવો કોર્ટ મા ચાલુ છે. તેમ છતાં આરોપીઓ કબ્જો લેવા હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ કરી રહી છે.

# સાસણમાં કાલથી જ સિંહ દર્શન શરૂ થશે? સવાલનો મારો

## સિંહ દર્શન વહેલું શરૂ કરવા મુદ્દે વિચારણા ચાલુ: પર્યાવરણ મંત્રી માળી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

દર વર્ષ કરતા થોડું વહેલું એટલે કે, આગામી તા.૩ ઓક્ટોબરથી સાસણનું સફારી પાર્ક ખુલ્લુ મુકાશે કે કેમ? તેની સામે પ્રશ્નાર્થ ખાડા થયા છે. રાજ્યના કેબિનેટ મંત્રી મોઢવાડિયા એ ૩ ઓક્ટોબરે સિંહ દર્શન શરૂ કરી દેવાશે તેવી કરેલ જાહેરાત અને સોશિયલ મીડિયામાં ફરતા થયેલ સમાચારો બાદ આજે જુનાગઢ ખાતે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી એ આ બાબત હજુ વિચારણાધીન હોવાનું જણાવતા સિંહ દર્શન આગામી ત્રણ ઓક્ટોબરથી શરૂ થશે કે કેમ? તેવા સિંહ પ્રેમીઓમાં સવાલો ખડા થયા છે.




રાજ્યના વન વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા એ આ વર્ષે વહેલું એટલે કે, આગામી ત્રણ ઓક્ટોબરથી સાસણનું સફારી પાર્ક સિંહ દર્શન માટે ખુલ્લું મૂકવામાં આવશે તેવું જણાવતા સિંહ પ્રેમીઓમાં આનંદની લહેરો ઉછળવા લાગી હતી. અને આ સમાચારો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થતા, સાસણના સ્થાનિક વેપારીઓ અને સિંહ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

જે દરમિયાન આજે જુનાગઢ ખાતે આવેલ રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી માળીએ પત્રકારોને જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયામાં જે વાતો અને સમાચારો પ્રસિદ્ધ અને વાયરલ થઈ રહ્યા છે તે આખરી નિર્ણય નથી. પરંતુ આ બાબત વિચારણાધીન છે કે, આ વર્ષે સિંહ દર્શન વહેલું શરૂ કરવામાં આવે. જો કે આ માટે સિંહના મેટિંગ પિરિયડ સહિતના વિવિધ પાસાઓ અંગે પણ વિચારશે કારણ કે, વનમાં વસતા સિંહોને કોઈ ખલેલ ના પહોંચે અને સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓની સુરક્ષા પણ એટલી જ મહત્વની છે.

આમ રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીએ આજે જૂનાગઢ ખાતે પત્રકારો સમક્ષ કરેલ સ્પષ્ટતા મુજબ કાલથી સિંહ દર્શન વહેલું શરૂ કરી દેવામાં આવશે તે બાબત હજુ વિચારણાધીન છે. આ બાબતે સરકાર કે વન વિભાગ દ્વારા કોઈ જ આખરી નિર્ણય લેવામાં આવ્યો નથી. જેથી કરીને આ વખતે સિંહ દર્શન દર વર્ષની જેમ રાબેતા મુજબ જ શરૂ કરવામાં આવશે કે અગાઉ મંત્રીએ કરેલ જાહેરાત મુજબ વહેલું શરૂ કરવામાં આવશે તે અંગે પ્રશ્નાર્થ ખડા થયા છે.

# જૂનાગઢ: નવા રેન્ટ એક્ટનો વિરોધ કરતું બાર એસોસિએશન

## કાલે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાની ચીમકી પણ અપાઈ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં બાર એસોસિએશન દ્વારા નવા રેન્ટ એક્ટનો ભારે વિરોધ ઉઠ્યો છે, તથા કોર્ટની સત્તા કલેક્ટરને સોંપવાના નિર્ણય સામે ગઈકાલે વકીલો એ સુત્રોચ્ચાર સાથે રેલી યોજી હતી, તે સાથે કાલ હડતાળનું પણ એલાન કરવામાં આવ્યું છે.

બાર એસો.ના પ્રમુખના જણાવ્યા મુજબ, મકાન માલિક અને ભાડૂઆત વચ્ચેના રેન્ટ એક્ટના વિવાદો હવે કોર્ટના બદલે ડેપ્યુટી કલેક્ટર અને કલેક્ટર સમક્ષ ચલાવવાની નવી જોગવાઈ કરવામાં આવી છે જેનો જૂનાગઢ બાર એસોસિએશ ભારે વિરોધ કરે છે, તથા ગઈકાલે જૂનાગઢના ધારાશાસ્ત્રીઓ દ્વારા કાયદાને પરત ખેંચવાની માંગ સાથે રેલી યોજવામા આવી હતી, આ સાથે જૂનાગઢના ધારાશાસ્ત્રીઓ ‘ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬’નો વિરોધ નોંધાવવા આગામી ૩ ઓક્ટોબરે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેશે તેવો બાર દ્વારા ઠરાવ પસાર કર્યો છે.

આ વિષયક સામે ધારાશાસ્ત્રીઓએ એવી દલીલો પણ કરી છે કે, જિલ્લા કલેક્ટર અને ડેપ્યુટી કલેક્ટર પાસે વહીવટ કામનું ભારે ભારણ હોય છે, અને આવા કેસ જો તેમની પાસે જશે તો, સમયના અભાવે સમયસર સુનાવણી નહીં થાય, જેના કારણે સ્ટે એપ્લિકેશન કે ન્યાયિક ઓર્ડર સમયસર થઈ શકશે નહીં. જેને લઈને સમયસર ન્યાય ન મળતાં સામાન્ય નાગરિકો મુશ્કેલીમાં મુકાશે અને મકાન માલિકો ફાવી જશે.

દરમિયાન જૂનાગઢ બાર એસોસિએશનના સેક્રેટરી મનોજ દવેએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬ પસાર કરીને નામદાર કોર્ટની સત્તા છીનવી લીધી છે. તે સાથે બારના સેક્રેટરીએ આ નવા વિધેયકને 'કાળો કાયદો' ગણાવી તેનો સખત વિરોધ કર્યો છે. અને આ લડતમાં તમામ સાથી વકીલો અને ન્યાયતંત્રને આ આંદોલનમાં સાથ આપવા અપીલ કરી છે.

### રાજકોટમાં ગુરૂ-શિષ્યના સંબંધને લાંછનરૂપ બનાવ

# મધર ટેરેસા સ્કૂલના શિક્ષકે ધો.-૮ ની છાત્રા પર દુષ્કર્મ આચર્યું

**નરાધમ શિક્ષક મોહિત ટાંક ગણિતમાં સારા માર્ક્સ આપવાનું કહી શાળામાં પણ બાળકીની એકલતાનો લાભ ઉઠાવી હગ-કિસ કરી અડપલાં કરતો**

**ગણિત વિષયમાં નાપાસ કરી દેવાની ધમકી આપી સ્કૂલેથી કારમાં અપહરણ કરી સ્વામિનારાયણ ચોક નજીક આવેલ ફ્લેટએ લઈ જઈ દેહ ચૂંથ્યો**

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગુરૂ-શિષ્યના પવિત્ર સંબંધને લાંછનરૂપ બનાવ સામે આવ્યો છે. મધર ટેરેસા સરકારી સ્કૂલમાં ધો.-૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની છાત્રાને ગણિત વિષયમાં નાપાસ કરી દેવાની ધમકી આપી નરાધમ શિક્ષક મોહિત ટાંકએ છાત્રાનું શાળાએ કારમાં અપહરણ કરી સ્વામિનારાયણ ચોક નજીક આવેલ ફ્લેટએ લઈ દુષ્કર્મ આચર્યું હતું. હેવાન બનેલા શિક્ષકે ગણિત વિષયમાં સારા માર્ક્સ આપવાનું કહી છાત્રાની એકલતાનો લાભ ઉઠાવી શાળા પરિસરમાં પણ શારીરિક અડપલાં કરતો હતો. માસુમે આપવીતી વર્ણવતા માતા-પિતા સ્તબ્ધ થઈ ગયા હતા. સમગ્ર મામલે તાલુકા પોલીસે દુષ્કર્મ, પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી નરાધમ શિક્ષક મોહિત ટાંકની ધરપકડ કરી હતી.

બનાવ અંગે ભોગ બનનાર છાત્રાની માતાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સીતાજી ટાઉનશિપ પાછળ આવેલ મધર ટેરેસા સરકારી સ્કૂલ નં.૮૮ ના શિક્ષક મોહિત ટાંકનું નામ આપી પોલીસને જણાવ્યું કે તેની પુત્રી ૨૦૨૩ થી લઈ ૨૦૨૬ સુધી એમ ત્રણ વર્ષ ધો. ૬થી ૮માં સરકારી શાળામાં અભ્યાસ કરતી હતી. હાલ બીજી શાળામાં અભ્યાસ કરે છે. ગઈ તા. ૨૩ ના રોજ તે ઘરે હતી ત્યારે પુત્રીને ગુમસુમ જોઈ ચિંતા થઈ હતી. હિંમત આપી પૂછતા કહ્યું કે મમ્મી, હું ગત જાન્યુઆરી માસમાં જ્યારે ધો. ૮માં અભ્યાસ કરતી હતી ત્યારે મેથ્સનો પિરિયડ લેવા આવતા મોહિત ટાંક સરે મેથ્સમાં સારે માર્ક્સ આપી પાસ કરાવી દઈશ, મને બહુ ગમે છે તેમ કહ્યું હતું.

ત્યારબાદ ક્લાસમાં કોઈ ન હોય ત્યારે તેને હગ અને કિસ કરતા હતા. તે વિરોધ કરે તો મેથ્સમાં ફેઈલ કરવાની ધમકી આપતા હતા, જેને કારણે કોઈને કાંઈ કહી શકતી ન હતી. ગત જાન્યુઆરી માસમાં સવારે સ્કૂલે પહોંચી ત્યારે ઓફિસમાં બેઠેલા મોહિત સરે તેને બોલાવી કહ્યું કે આપણે ઘરે જવું છે, જેનો તેણે ઈન્કાર કરતા તેની પાછળ આવી તેણીની બેગ ખેંચવા લાગ્યા હતા અને કહ્યું કે તને કોઈ પૂછે તો કહેજે બૂક ઘરે ભૂલી ગઈ છું, એટલે સર મને ઘરે મુકવા આવે છે, જો તું તેમ નહીં કરે તો તને મેથ્સમાં ફેઈલ કરી દઈશ અને ભણતરમાં આગળ નહીં વધવા દઉં તેમ ધમકી આપેલ હતી.

શિક્ષકની ધમકીને કારણે ડરી જતાં સાથે જવા સિડીથી ઉતરતી હતી ત્યારે અન્ય છાત્રાઓ અને તેના વાલીઓ તેને જોઈ ગયા હતા. પૂછયું ક્યાં જાય છે તો કહ્યું કે બૂક ઘરે ભૂલી ગઈ છું એટલે મોહિત સર મને ઘરે મુકવા આવે છે તેવું બહાનું બતાવ્યું હતું. આ પછી મોહિત સર તેને પોતાની કારમાં મવડી રોડ પરના સ્વામિનારાયણ ચોકની આજુબાજુ આવેલા ફ્લેટે લઈ ગયા હતા. તેને બેડરૂમમાં લઈ હગ અને કિસ શરૂ કરી દીધી હતી. તેણે પુછ્યું સર આ શું કરો છો તો કહ્યું કે મેથ્સમાં પાસ થવું છે ને, આગળ વધવું છે ને તો કોઈને આ વાત કહીશ તો મેથ્સમાં ફેઈલ કરી દઈશ. આ પછી તેની ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું.

આ પછી તેને પોતાની કારમાં બેસાડી સ્કૂલે ઉતારી દીધી હતી. આ ઘટનાક્રમ પણ તેને ખાલી ક્લાસમાં બોલાવી પછી અવારનવાર હગ અને કિસ કરતા હતા. તેમ પણ કહેતા કે જો હું કહું તેમ નહીં કરવા દે તો તને મેથ્સમાં ફેઈલ કરી દઈશ, હું મારી જાતે હાથમાં છરકા મારી દઈશ. પુત્રીની આપવીતી જાણ્યા બાદ ચોંકી ઉઠેલા વાલીઓએ રાજકોટ તાલુકા પોલીસ મથકના પીઆઈ એસ.આર. મેઘાણીનો સંપર્ક કરતા તત્કાળ પોક્સો સહિતની કલમો નોંધી શિક્ષક મોહિતની અટકાયત કરી આકરી પૂછપરછ શરૂ કરી છે.

**માસુમ પુત્રીએ શિક્ષકના કુકર્મનો ભાંડો ફોડતા માતા-પિતા સ્તબ્ધ : તાલુકા પોલીસે દુષ્કર્મ, પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી હેવાનને દબોચ્યો**

## ૨૦૦૮ સિરિયલ બ્લાસ્ટના આતંકી અબુ બકરની મૃત્યુદંડની સજા મોકૂફ રાખતી સુપ્રીમ

**ફક્ત કાવતરામાં સામેલ હોવાના આધારે દોષિત ઠેરવવામાં આવ્યો છે, જેના સીધા પુરાવા નથી : બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખતી સર્વોચ્ચ અદાલત, ગુજરાત સરકાર પાસે ખુલાસો માંગ્યો**

**અબતક, રાજકોટ**



વર્ષ ૨૦૦૮માં અમદાવાદ સીરિયલ બ્લાસ્ટ કેસમાં સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય લીધો છે. કોર્ટે મૃત્યુદંડની સજા પામેલા દોષિત અહેમદ બાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવીની અરજી પર રાજ્ય સરકારને નોટિસ જાહેર કરીને જવાબ માગ્યો છે. આ ઉપરાંત તેની ફાંસીની સજાના અમલ પર રોક (સ્ટે) લગાવી દીધી છે. અહેમદ બાવાએ ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેને દોષિત ઠેરવવા અને ફાંસીની સજા બહાલ રાખવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.

જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ખંડપીઠે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન દોષિતના વકીલે દલીલ કરી હતી કે અરજદારને માત્ર કાવતરાના આધારે જ દોષિત ઠેરવવામાં આવ્યો છે. આ દલીલો ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટે આ કેસમાં ગુજરાત સરકારને નોટિસ જાહેર કરીને ફાંસી પર રોક લગાવી દીધી. આ સુનાવણી દરમિયાન કેસ સંબંધિત દસ્તાવેજોના અનુવાદનો વિષય પણ સામે આવ્યો હતો. બચાવ પક્ષના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટના મોટાભાગના દસ્તાવેજો સ્થાનિક ભાષામાં છે. તેથી ગુજરાત હાઈકોર્ટના નિર્ણય અને સંબંધિત કાગળોનો અનુવાદ પૂરો પાડવા માટે પણ અલગથી અરજી દાખલ કરવામાં આવી છે

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં સાતમી જુલાઈએ ૨૦૨૬ના રોજ ગુજરાત હાઈકોર્ટે દેશનો સૌથી મોટો અને ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે વર્ષ ૨૦૨૨માં સ્પેશિયલ કોર્ટ (સિટી સેશન્સ કોર્ટ) દ્વારા સંભળાવવામાં આવેલી તમામ સજાઓને માન્ય રાખીને ૩૮ આતંકીઓની ફાંસીની સજા અને ૧૧ દોષિતોને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા યથાવત રાખવાનો આદેશ આપ્યો હતો અત્રે નોંધનીય છે કે, બચાવ પક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે, અબુ બકરને મુખ્યત્વે કાવતરામાં શામેલ હોવાના આધારે દોષિત ઠેરવવામાં આવ્યો છે, જેના સીધા પુરાવા નથી જે દલીલને ગ્રાહ્ય રાખી સુપ્રીમે ફાંસીની સજા પર રોક લગાવી દીધી છે.

## ફલ્લા નજીક ગાય આડી ઉતરતા સર્જાયો અકસ્માત: રાજકોટના આધેડનું મોત

**જામનગરમાં કંપનીમાં કામદારના યુનિફોર્મનું માપ લઈ પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો**

**અબતક રાજકોટ**

જામનગર હાઈવે પર ફલ્લા નજીક ગાય આડી ઉતરતા કારનો અકસ્માત સર્જાયો હતો જેમાં રાજકોટ સંત કબીર રોડ પર રહેતા ૪૫ વર્ષીય આધેડને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે જામનગર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ગત રાત્રે તેમનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા જામનગર પંચ એ ડિવિઝન પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી મૃતક જામનગર કંપનીમાં યુનિફોર્મના માપ લઈ પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો હતો

**પંચ એ ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી:પરિવારમાં હૈયાફાટ રૂદનના દ્રશ્યો સર્જાયા**

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ શહેરમાં સંત કબીર રોડ પર શેરી નંબર ૧૦ માં રહેતા અને દરજી કામ કરતા વિશાલભાઈ દિનેશભાઈ ગોહેલ ઉંમર વર્ષ ૪૫ વર્ષીય આધેડ ગત ૨૮ તારીખના રાત્રે ૧૧ વાગ્યા આસપાસ કાર લઈ ને જામનગર થી રાજકોટ પરત ફરી રહ્યા હતા ત્યારે ફલ્લા નજીક ગાય આડી ઉતરતા કારનો અકસ્માત સર્જાયો હતો જેમાં ચાલક વિશાલભાઈ ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તાત્કાલિક જામનગર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગત રાત્રે તેમનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા જામનગર પંચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે મૃતક પોતે દરજી કામ કરતા હોય અને જામનગર કંપનીમાં કામદારોના યુનિફોર્મનું માપ લેવા ગયેલ હોય અને પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો હતો આ અંગે પંચ એ ડિવિઝનના હેડ કોન્સ્ટેબલ ગીરુભા જાડેજા એવધુ કાર્યવાહી હાથ ધરી છે

## ઉપલેટાના હરિયાસણ ગામે વાડીમાં અને કોલકી ગામે મકાનમાં જુગારના દરોડા

**રોકડ, વાહન અને મોબાઈલ મળી રૂ.૨.૩૦ લાખના મુદ્દામાલ સાથે બે મહિલા સહિત ૧૧ ઝડપાયા**

**અબતક કિરીટ રાણપરીયા ઉપલેટા**



રાજકોટ જિલ્લાના ઉપલેટાના હરિયાસણ ગામે વાડીમાં અને કોલકી ગામે મકાનમાં ચાલતા જુગાર ધામ પર પોલીસે દરોડો પાડી, જુગાર રમતી બે મહિલા સહિત ૧૧ પતાપ્રેમીને રોકડ, બાઈક અને મોબાઈલ મળી રૂ ૨.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

રાજકોટ જિલ્લામાં દારૂ અને જુગાર સહિતની બદીઓ નાબૂદ કરવા જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરે આપેલી સૂચનાના પગલે, ભાયાવદર પોલીસ ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, હરિયાસણ ગામે રહેતો દેવેન્દ્રસિંહ ઉર્ફે દિગુભા કિરીટસિંહ વાળા તેની વાડીમાં જુગાર ધામ ચલાવી રહ્યો છે.

ભાયાવદર પોલીસની ટીમે વાડીમાં દરોડો પાડી જુગાર રમતો દેવેન્દ્રસિંહ ઉર્ફે દિગુભા વાળા, શિવભદ્રસિંહ નરેન્દ્રસિંહ વાળા, પરાક્રમસિંહ મજબૂત સિંહ વાળા, વિક્રમ દેવાયતભાઈ ગંભીર,બુટાવદર ના વિજય જેઠાભાઈ કરમુર અને મોટી પાનેલી ગામનો માવજી છગનભાઈ ગોહેલ નામના પતાપ પ્રેમીઓન ઝડપી લઈ, જુગારના પટમાંથી રોકડ, સાત મોબાઈલ અને છ બાઈક મળી રૂ.૨.૨૦ લાખનો મુદ્દા માલ ભાયાવદર પોલીસની ટીમે કબ્જે કર્યો છે.

જ્યારે બીજો દરોડો ઉપલેટા

પોલીસે કોલકી ગામે રહેતા નીલમબેન રમેશભાઈ દધાણીયા ના મકાનમાં પાડી જુગાર રમતા નીલમબેન સહિત ફરીદાબેન ઈકબાલભાઈ કોડીયા, ચેતનભાઈ સરમણભાઈ ડાંકી અને સવાભાઈ આલાભાઈ ઝાપડાને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૧૦ હજારની રોકડ કબ્જે કરી છે. જ્યારે દરોડા દરમિયાન પુંજા હરજીભાઈ દધાણીયા અને એક શખ્સ નાસી જતા બંનેની શોધખોળ હાથ ધરી છે.

## રૈયા ગામેથી ગુમ થયેલા બંને બાળકો શાપરથી હેમખેમ મળ્યા

**બાળકોના લાપતા થવા અંગેના સમાચાર વાયરલ થતાં ગૌપ્રેમીએ બંનેને ઓળખી પોલીસને જાણ કરી : નાનીને મળવા જેતપુર જતાં'તા, બકરીનું બચ્ચું એકલું રહેતું ન હોય સાથે લઈ ગયા'તા**

**અબતક, રાજકોટ**



રાજકોટ શહેરના રૈયા ગામેથી બે સગા ભાઈઓ બકરીના બચ્ચા સાથે ભેદી રીતે લાપતા થઈ જતાં પોલીસે બંને તરુણોની શોધખોળ આદરી હતી. દરમિયાન બે બાળકો ગુમ થઈ ગયા અંગેના સમાચાર વાયરલ થતાં શાપરના ગૌપ્રેમીએ બંને બાળકોને ઓળખી તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જેથી યુનિવર્સીટી પોલીસે તાત્કાલિક બંને બાળકોનો કબ્જો સંભાળી પરીવાર સાથે ભેંટો કરાવ્યો હતો. બંને બાળકો જેતપુર મુકામે નાનીને મળવા જતાં હોવાનું અને બકરીનું બચ્ચું એકલું રહેતું ન હોય માટે સાથે લઈ ગયાનું સામે આવ્યું છે.

રૈયા ગામમાં રહેતા રવિભાઈ વિકાણી બે બાળકો સુરેશ(ઉ.વ.૧૦) અને દેવરાજ(ઉ.વ.૮) તા. ૨૯ ના ઘરેથી બકરીનું બચ્ચું લઈ નીકળી ગયા બાદ લાપતા બન્યા હતા. બાળકોના પિતાએ પ્રથમ ઓડશ પાડોશમાં અને સગા સંબંધીઓમાં તપાસ કરી હતી. પરંતુ બંને બાળકોનો કોઈ પતો ન લાગતા અંતે પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ કે.કે. ગોહિલની રાહબરીમાં પીએસઆઈ આઈ.એ. બેલીમ તથા ટીમે બાળકોને શોધી કાઢવા માટે ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી તપાસ આગળ ધપાવી હતી. દરમિયાન બંને બાળકો શાપરમાંથી હેમખેમ મળી આવ્યા હતા.

પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, બંને ભાઈઓ જેતપુર રહેતા તેના નાનીને મળવા માટે ઘરેથી ભાગ્યા હતા. પગપાળા શાપર સુધી પહોંચી ગયા હતા. દરમિયાન સોશિયલ મીડિયા પર બાળકો ગુમ થયાના સમાચાર વાયરલ થતા શાપરના ગૌભક્ત ભરતભાઈએ બંનેને ઓળખી કાઢ્યા હતા અને બંનેને બેસાડી નાસ્તો કરાવી પોલીસને જાણ કરી હતી.બંને ભાઈઓ વગર બકરીનું બચ્ચું રહેતું ન હોવાથી ઘરેથી નીકળ્યા ત્યારે તેને પણ સાથે લઈ ગયા હતા. ઘરેથી નીકળ્યા બાદ આખો દિવસ પગપાળા શહેરમાં રખડતા રહ્યા હતા. બાદમાં જેતપુર તરફ જવા નીકળ્યા હતા. પોલીસે ગુમ થયેલા બંને બાળકોનુ પરિવાર સાથે મિલન કરાવતા પરિવાર પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કામગીરીમાં યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ વાવેચા, મુન્નાભાઈ ઢાપા અને કીર્તેશભાઈ જરીયા સાથે રહ્યા હતા.

## કાલાવડના પીઠડીયા ગામે નવોઢાનો અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાત

**રૂરલ પોલીસે વધુ તપાસ હાથ ધરી: પરિવારમાં ગમગીની છવાઈ**

**અબતક રાજકોટ**

જામનગર જિલ્લાના પીઠડીયા ગામે વાડી વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય નવોઢાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર હશે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર મળે તે પહેલા તબીબે નવોઢાને મૃત જાહેર કરી હતી ઘટનાની જાણ થતા કાલાવડ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને ખસેડવામાં આવ્યો હતો

આ અંગે ભરતી માહિતી મુજબ જામનગરના કાલાવા તાલુકાના પીઠડીયા ગામે રહેતી આશબેન કૈલાશભાઈ ભુરીયા ઉંમર વર્ષ ૧૯ વર્ષીય નવોઢાએ ગઈકાલે પોતે વાડી હતી ત્યારે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ કાલાવડ બાદ રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર મળે તે પહેલા તબીબે નવોઢાએ દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકના છ માસ પહેલા લગ્ન થયા હતા અને આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે પીઠડીયા ગામે શ્રમિક કામ કરતા પરિવારની નવોઢાએ પગલું ભરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી આ અંગે કાલાવડ રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નિતેશભાઇ છાયા એ વધુ તપાસ હાથ ધરી છે

## ગોંડલમાં ગેરકાયદે બાંધકામો પર ફરી વળ્યું નગરપાલિકાનું બુલડોઝર

**આઠ દુકાનો અને સાત મકાનો ચીફ ઓફિસર બ્રિજરાજસિંહ વાળાની સૂચનાથી હટાવાયા**

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલમાં ગોંડલી નદી પર બની રહેલા પાંજરાપોળ નજીકના નવા બ્રિજની કામગીરીમાં અડચણરૂપ ગેરકાયદેસર કાચા પાકા મકાનો અને કોમર્શિયલ દબાણો પર નગરપાલિકાએ બુલડોઝર ફેરવી દીધું છે.

ચીફ ઓફિસર બ્રિજરાજસિંહ વાળાની સૂચનાથી સેનિટેશન ઈન્સ્પેક્ટર કેતનભાઈ મકવાણા , ચિરાગભાઈ શ્યારા સહિતની ટીમ જેસીબી સાથે

પાંજરાપોળ ફુલવાડી કોમ્પ્લેક્ષ સામે પંહોચી રોડ ઉપર ની આઠ દુકાનો તથા દુકાનો પાછળ નદી કાંઠામાં બનાવાયેલા સાત મકાનો તોડી પાડી સોળ હજાર સ્કવેરફુટ જગ્યા ખુલી કરી હતી.

ચીફ ઓફિસર બ્રિજરાજસિંહ વાળા નાં જણાવ્યાં મુજબ, આરએનબી વિભાગ દ્વારા રોડની બંને સાઈડ એપ્રોચ રોડ બનાવવાના હોવાથી આ દબાણો દૂર કરવા જરૂરી હતા.દુકાન તથા મકાન ધારકોને ત્રણ મહીના પહેલાં દબાણ હટાવવા નોટીસો અપાઈ હતી.તેમ છતા દબાણ દુર નહી થતાં ડીમોલેશન કરાયુ છે.

## ગોંડલના ભુણાવા ગામે ડુબી જતાં માસુમનું મોત

**માસી સાથે કપડા ધોવા ગયેલી ભાણેજના મોતથી પરપ્રાંતિય પરિવારમાં અરેરાટી**

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકાના ભુણાવા ગામે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં માસી સાથે ગયેલા એક માસૂમ બાળકનું રમત-રમતમાં પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે શ્રમિક પરિવારમાં ભારે કલ્પાંત છવાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ બિહારનો વતની અને હાલ ગોંડલના ભુણાવા ગામના શેમલા પરા વિસ્તારમાં ચિરાગભાઈના મકાનમાં રહેતો શ્રમિક પરિવાર છૂટક મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આ પરિવારમાં ત્રણ દીકરા અને એક દીકરી છે. ૬ વર્ષીય મૃતક બાળક આદિત્ય કુમારની માતા આજથી ચારેક દિવસ પહેલાં જ પોતાના વતન બિહાર ગયા હતા. ઘટનાના દિવસે સવારે આદિત્યના પિતા રાબેતા મુજબ મજૂરી કામે જવા નીકળી ગયા હતા અને બાળકો ઘરે હતા.

ઘરમાં માતાની ગેરહાજરી હોવાથી આદિત્યના માસી કપડાં ધોવા માટે ગયા હતા, ત્યારે આ માસૂમ બાળક પણ તેમની સાથે ગયો હતો.

માસી જ્યારે કપડાં ધોવામાં વ્યસ્ત હતા, ત્યારે આદિત્ય ત્યાં આસપાસમાં રમી રહ્યો હતો. રમતા-રમતા અચાનક તે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને ડૂબી જવાના કારણે તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટના બાદ તેના મૃતદેહને ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ગોઝારી ઘટનાની જાણ થતાં જ મજૂરીએ ગયેલા પિતા અને વતન ગયેલી માતા પર આભ તૂટી પડ્યું હતું. બનાવ અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## મોરબીના બોની પાર્કમાં યુવતિનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના રવાપર ગામના બોની પાર્કમાં ધનજીભાઈ શેરસીયાના મકાનના રહેતી દિશાબેન નરેશભાઈ વીંઝુડા ઉવ.૨૧ એ ગત તા.૩૦ સપ્ટેમ્બરની રાત્રે ઘરે રૂમમાં અગમ્ય કારણોસર ચુંદડી વડે પંખાના હુક સાથે ગળેફાંસો ખાઈ લીધો હતો. તેમને સારવાર માટે મોરબીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે મરણ નોંધ કરી આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

## લખતર નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં યુવક ઘવાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

કડુ થી લખતર તરફ જઈ રહેલ કાર લખતર નજીક પહોચતા બાઈક સાથે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલક વિનોદભાઈ પીતાંબરભાઈ રાઠોડ (રહે.લખતર) વાળાને ઈજાઓ પહોંચતા લોકોના ટોળેટોળા સ્થળ પર એકત્ર થઈ ગયા હતા અને અકસ્માતની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત બાઈક ચાલકને સારવાર અર્થે લખતર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો પરંતુ બાઈક ચાલકને પગના ભાગે વધુ ઈજાઓ પહોંચતા ફરજ પરના તબીબ દ્વારા વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી લખતર હાઈવે પર નાના મોટા અકસ્માતોના બનાવો વધી રહ્યા છે ત્યારે વધુ એક અકસ્માતમાં બાઈક ચાલકને ઈજાઓ પહોંચી હતી.

# ચોટીલામાં પાણીની રામાયણ: ત્રણ દિવસ પાણી કાપથી પ્રજામાં રોષ

## નર્મદાની પાઈપલાઈનના કામના નામે પાણી પુરવઠો બંધ; પાણીના ટાંકા મંગાવવા પણ એકથી દોઢ દિવસનું વેઈટિંગ

**અબતક રણજીત ધાંધલ ચોટીલા**

ચોટીલામાં છેલ્લા કેટલાક સમયથી પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓને લઈને નગરજનોમાં નારાજગી જોવા મળી રહી છે. ત્યારે હાલ નર્મદાની પાઈપલાઈનનું કામ ચાલી રહ્યું હોવાનું જણાવી નગરપાલિકા દ્વારા આગામી ત્રણ દિવસ પાણી પુરવઠો નહીં મળે તેવી જાહેરાત કરવામાં આવતા લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. નગરપાલિકા દ્વારા શહેરમાં રિક્ષા ફેરવીને ત્રણ દિવસ પાણી નહીં આવે તેવી જાહેરાત કરવામાં આવી છે. પાણી પુરવઠો બંધ રહેવાનું કારણ નર્મદાની પાઈપલાઈનનું કામ હોવાનું જણાવાયું છે. જોકે, જીવનજરૂરિયાતનું પાણી નહીં મળે ત્યારે રોજિંદી જરૂરિયાતો કેવી રીતે પૂરી કરવી તે અંગે નગરજનોમાં સવાલો ઉઠી રહ્યા છે. પાણીની અછત વચ્ચે ચોટીલામાં પાણીના ટાંકા પહોંચાડતા વેપારીઓની માંગમાં વધારો થયો છે. સ્થિતિ એવી છે કે પાણીના ટાંકા માટે પણ એકથી દોઢ દિવસનું વેઈટિંગ હોવાનું જાણવા મળે છે. જેના કારણે સામાન્ય પરિવારો માટે પીવાના અને ઘરવપરાશના પાણીની વ્યવસ્થા કરવી મુશ્કેલ બની રહી છે. સ્થાનિકોમાં એવો પણ રોષ છે કે એક તરફ પ્રાથમિક સુવિધાઓ માટે લોકોને મુશ્કેલી પડી રહી છે, ત્યારે બીજી તરફ નગરપાલિકા દ્વારા વેપારીઓ સામે પ્લાસ્ટિકની થેલીઓના મુદ્દે કાર્યવાહી કરવામાં આવી રહી છે. પાણી જેવી મૂળભૂત સુવિધા માટે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી નગરજનોની માંગ છે. ત્રણ દિવસ સુધી પાણી પુરવઠો બંધ રહેવાની સ્થિતિમાં નગરજનોને રાહત મળે તે માટે નગરપાલિકા દ્વારા વૈકલ્પિક પાણી વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### રાણપુરમાં મુખ્ય માર્ગના ખાડા પુરાયા

# લીંબડી ત્રણ રસ્તાથી નવા બસ સ્ટેશન સુધીના રોડ પર આરએનબી વિભાગે ડામર પાથર્યો

## જિલ્લા પંચાયત સભ્ય પરેશ સલૈયાની રજૂઆત રંગ લાવી



**અબતક, વિપુલ લુહાર, બોટાદ**

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં લીંબડી ત્રણ રસ્તાથી નવા બસ સ્ટેશન સુધીના મુખ્ય માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી પડેલા અસંખ્ય મસમોટા ખાડાઓને કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. માર્ગ પર ઠેર-ઠેર ખાડાઓ પડી જતાં વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ પણ વધ્યું હતું અને સ્થાનિકોમાં માર્ગના તાત્કાલિક સમારકામની માંગ ઉઠી હતી.

આ સમગ્ર મામલે રાણપુર જિલ્લા પંચાયત બેઠકના સદસ્ય તથા જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના ચેરમેન પરેશભાઈ સલૈયા દ્વારા સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરી લીંબડી ત્રણ રસ્તાથી નવા બસ સ્ટેશન સુધીના માર્ગ પર આવેલા તમામ ખાડાઓનું તાત્કાલિક ધોરણે પુરાણ કરી માર્ગનું યોગ્ય સમારકામ કરવા માંગ કરવામાં આવી હતી.

રજૂઆતને પગલે આર.એન.બી. વિભાગ દ્વારા માર્ગ પર પડેલા ખાડાઓ પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ડામરથી ખાડા પૂરવાની કામગીરી શરૂ થતાં શહેરના વાહનચાલકો અને સ્થાનિક રહિશોમાં રાહતની લાગણી જોવા મળી હતી. સ્થાનિક લોકોએ કામગીરી બદલ પરેશભાઈ સલૈયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

દરમિયાન ખાડા પૂરવાની કામગીરી દરમિયાન પરેશભાઈ સલૈયા, તાલુકા પંચાયતના સદસ્ય મેહુલભાઈ સાકરીયા, રાણપુર બાર એસોસિએશનના પ્રમુખ ચાંપરાજસિંહ ડોડીયા સહિતના આગેવાનો સ્થળ પર પહોંચ્યા હતા અને ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આગેવાનો દ્વારા માર્ગ પરના તમામ ખાડાઓનું વ્યવસ્થિત રીતે પુરાણ થાય તેમજ માર્ગનું યોગ્ય અને ટકાઉ સમારકામ કરવામાં આવે તે અંગે સંબંધિત તંત્રને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

મુખ્ય માર્ગ પર ખાડાઓ પૂરવાની કામગીરી હાથ ધરાતા રાણપુર શહેરમાંથી પસાર થતા વાહનચાલકો તથા સ્થાનિક રાહદારીઓને હવે મોટી રાહત મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. સાથે જ સ્થાનિકો દ્વારા માર્ગનું સમારકામ ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય અને ભવિષ્યમાં ફરીથી ખાડાઓ ન પડે તે માટે તંત્ર દ્વારા જરૂરી તકેદારી રાખવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

# લાલપુરના ખટિયા ગામ પાસે આઈસર પલટી ગયું: યુવકનું મોત

## મગફળીનો ભુસો ભરીને જતી વેળાએ સર્જાયો અકસ્માત : ડ્રાઈવર સહિત બેની હાલત ગંભીર



**અબતક, જામનગર**

લાલપુર તાલુકાના ખટિયા ગામ નજીક મગફળીનો ભૂકો-ભૂસો ભરીને જઈ રહેલું આઈસર વાહન પલટી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં આશરે ૩૦ વર્ષીય યુવકનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેના મોટા ભાઈ સહિત બે વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ, કાલાવડ પંથકમાંથી મગફળીનો ભૂકો તથા ભૂસો આઈસર વાહનમાં ભરીને લઈ જવામાં આવી રહ્યો હતો. આઈસરમાં ડ્રાઈવર જુમાભાઈ ઉપરાંત અન્ય સાત જેટલા મજૂરો સવાર હતા. આઈસર ખટિયા ગામ નજીકથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક પલટી મારી જતાં આઈસરમાં સવાર લોકો નીચે પટકાયા હતા. અકસ્માતમાં આશરે ૩૦ વર્ષીય માલદે રામજી વાઘેલા નામના યુવકને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે તેના મોટા ભાઈ વીરમભાઈ રામજીભાઈ વાઘેલા (ઉં.વ. ૩૨)ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં આઈસરના ડ્રાઈવર જુમાભાઈને પણ ગંભીર ઈજાઓ થતાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય ચાર વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી અને તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

### સ્વચ્છતા હી સેવા ૨૦૨૬ અંતર્ગત

# વેરાવળ ચોપાટી ખાતે સફાઈ અભિયાનમાં નગરપાલિકાના પ્રમુખ સહિતના અધિકારીઆનુ સામુહિક શ્રમદાન

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



વેરાવળ ચોપાટી ખાતે એક દિવસ, એક કલાક, એકસાથે-રાષ્ટ્રવ્યાપી શ્રમદાન દિવસ નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે પદાધિકારીઓ, અધિકારીઓ-કર્મચારીઓએ સામૂહિક શ્રમદાન કર્યું હતું. વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા પ્રમુખ નરેશભાઈ ગોહિલ અને જિલ્લાના મહાનુભાવોએ શ્રમદાન કરી ચોપાટી પરથી પ્લાસ્ટિકની કોથળીઓ, નકામા કાગળો, વેફરના પડીકા, સૂકા નારિયેળ, નાસ્તાની ડિશો, કાચની બોટલો સહિત સૂકો કચરો અને ભીનો કચરો એકત્ર કર્યો હતો. આ સ્વચ્છતા અભિયાનમાં નગર પાલિકાના કારોબારી ચેરમેન ઉદયભાઈ શાહ, તાલુકા પંચાયત પ્રમુખ નાથીબહેન વાજા, અગ્રણી ડો.સંજયભાઈ પરમાર, પ્રદ્યુમનસિંહ ડોડિયા, શૈલેષભાઈ મેસવાણિયા, ભરતભાઈ બાકુ, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ સચિવ અશ્વિનભાઈ પાઠક, જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સી નિયામક બી.બી.ડાંગર, ચીફ ઓફિસર અશ્વિન વ્યાસ, આત્માના ડિરેક્ટર પુષ્પકાંત સ્વર્ણકાર સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ સહભાગી થયા હતાં.

# કાલાવડના રાપર ગામે સોલાર પ્લાન્ટમાં હુમલામાં ગોકુલ માળિયાની ધરપકડ

## ઓપેરા કંપનીના મેનેજર સહિત ત્રણને માર મારવામાં ધરપકડ કરાયેલા શખ્સના મોબાઈલમાંથી મળેલા રેકોર્ડિંગના આધારે કાર્યવાહી

## બળજબરીથી કામ બંધ કરાવી કોન્ટ્રાક્ટ મેળવવા માટે હુમલો કરાવ્યાની શંકા વ્યક્ત કરી

**અબતક, જામનગર**

કાલાવડ તાલુકાના રામપર ગામ નજીક ઓપેરા કંપનીના સોલાર પ્લાન્ટ ખાતે કંપનીના મેનેજર સહિત ત્રણ વ્યક્તિઓ પર લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે થયેલા હુમલાના કેસમાં કાલાવડ ગ્રામ્ય પોલીસે તપાસ આગળ ધપાવી ગોકુલ કારાભાઈ માળીયાની ધરપકડ કરી છે. પોલીસે કોર્ટ સમક્ષ રજૂ કરેલી વિગતો મુજબ આ કેસમાં અગાઉ ધરપકડ કરાયેલા આરોપીઓ સાથેની કથિત સાંઠગાંઠ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ ફરિયાદ મુજબ તા. ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ ના બપોરે રામપર ગામ પાસે આવેલા ઓપેરા કંપનીના સોલાર પ્લાન્ટમાં કંપનીના મેનેજર રાજેશભાઈ ઉર્ફે રાજુ બરડીયાવદરા, તેમના ભાઈ રાયદેભાઈ અને નથુભાઈ ગાગલીયા બેઠા હતા ત્યારે એક જૂથ હથિયારો સાથે ત્યાં પહોંચ્યું હતું. કામ બંધ કરવા બાબતે બોલાચાલી બાદ લોખંડના પાઈપ અને ધોકા વડે હુમલો કરાયો હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. હુમલામાં ત્રણેયને ઈજાઓ પહોંચી હતી અને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ગુનામાં પોલીસે અગાઉ બશીર ઉર્ફે બસલો સમા, ઈકબાલ થૈયમ સહિત કુલ નવ આરોપીઓની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન ત્રણ લોખંડના પાઈપ, ચાર લાકડાના ધોકા અને બે મોટરસાઈકલ કબજે કરવામાં આવી હતી. કેટલાક હથિયારો પર લોહી જેવા ડાઘા મળ્યાનું પણ પોલીસ તપાસમાં નોંધાયું છે.

પોલીસના જણાવ્યા મુજબ કોલ ડિટેઈલ, બેન્ક ટ્રાન્ઝેક્શન અને બનાવ સમયના વીડિયો ફૂટેજની તપાસમાં આરોપીઓ વચ્ચે અગાઉથી બેઠક થઈ હોવાના તથા હુમલાનું કાવતરું ઘડાયું હોવાના પુરાવા મળ્યાનો દાવો કરવામાં આવ્યો છે. પોલીસે એવો પણ દાવો કર્યો છે કે હુમલા બાદ કેટલાક આરોપીઓને ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી.

દરમિયાન અગાઉ પકડાયેલા કિશન કરમુરના મોબાઈલની તપાસ દરમિયાન કિશન કરમુર અને ગોકુલ માળીયા વચ્ચેની વાતચીતનું રેકોર્ડિંગ મળી આવ્યું હોવાનું પોલીસે જણાવ્યું છે. આ રેકોર્ડિંગ તથા અન્ય તપાસના આધારે ગોકુલ માળીયાની સંડોવણી હોવાની શંકા ઊભી થતાં પોલીસે તા. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ તેની ધરપકડ કરી હતી.

(શાપર-વેરાવળ ... and other continuations follow below)

કોઈ મોટા ફેરફાર કરવાને બદલે પ્રક્રિયાગત સુધારાઓ અને તાજેતરના દરોના સરળીકરણના અમલીકરણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કેન્દ્રીય નાણામંત્રીએ સંકેત આપ્યો છે કે આ બેઠકમાં ઈલેક્ટ્રોનિક બિલિંગ અને કર શાખના નિયમો સહિત નવા સુધારાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. અગાઉ ઓગસ્ટ મહિનામાં પણ કુલ આવક ૧૪.૮ ટકા વધીને રૂ.૧,૯૯,૮૫૩ કરોડ નોંધાઈ હતી અને કર પરત (રિફંડ)માં ૬૭.૯ ટકાનો તીવ્ર વધારો જોવા મળ્યો હતો.

**શાપર-વેરાવળ...**

પસાર થતી હાઈ ટેન્શન વીજ લાઈનના કોઈ કારણોસર ગેસ વીજ લાઈન સાથે અડી જતા બંને યુવકો ને પ્રચંડ વીજ કરંટ લાગ્યો હતો. વીજ કરંટમાં રાજકોટ કોઠારીયા રોડ પર ડાયમંડ પાર્ટી પ્લોટ સામે રહેતા હિરેનભાઈ અરવિંદભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૩૨ વર્ષીય યુવક અને રાજકોટ સાઈબાબા સર્કલ પાસે રહેતા દીતેશ ભાઈ હરીશભાઈ હંસસોડા ઉંમર વર્ષ ૪૨ વર્ષીય નામના બંનેનું ઘટના સ્થળ પર કમ કમાતી ભર્યું મોત નીપજ્યું હતું ઘટનાને પગલે શાપર વેરાવળ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતો આ અંગે હિરેનભાઈ માતા-પિતાના એકના એક પુત્ર હોય અને દિપેશભાઈ પોતે પત્ની અને માતાપિતા સાથે રહેતા હોય બંને પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે સાપર વેરાવળ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**ખાદીની ખરીદી...**

રોજગારી મળતી રહેશે. આ સહાય યોજના અંતર્ગત ઉત્પાદિત આસન, શેતરંજી, રેશમ પટોળા, ઊની સ્વેટર, જર્સી, શાલ અને ખાદીના વિવિધ રેડિમેઈડ ગારમેન્ટ્સ જેવાં ઉત્પાદનોની બહોળા પ્રમાણમાં ખરીદી થવાથી સ્થાનિક ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે.

આ ઉપરાંત, ખાદીના વેચાણને વ્યાપક પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ શહેરોમાં ખાસ પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓનું દર વર્ષે આયોજન પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે ગાંધી જયંતી નિમિત્તે તા. ૭ ઓક્ટોબર સુધી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે, તા. ૦૧ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન ભરૂચ ખાતે અને ૧૧ થી ૧૭ ઓક્ટોબર દરમિયાન વડોદરા ખાતે ખાદી પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓ યોજાશે. રાજ્ય સરકાર દ્વારા તમામ નાગરિકોને આ મેળાઓની મુલાકાત લઈ સ્વદેશી ખાદી વસ્ત્રોની ખરીદી કરીને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહિત કરવા અપીલ કરવામાં આવી છે.

**સ્માર્ટ એડવાઈઝરી...**

ઉપયોગથી રોગ-જીવાતની ત્વરિત ઓળખ થશે અને તેના નિવારણ માટે સચોટ ભલામણો મળશે. એઆઈ સંચાલિત અને મેન્યુઅલ ચેટ-બોટ મારફત ખેડૂતો પોતાના કૃષિ વિષયક પ્રશ્નોનું ક્ષણવારમાં નિરાકરણ મેળવી શકશે. કૃષિલક્ષી સહાય યોજનાઓ, સુધારેલું કૃષિ સાહિત્ય અને વિવિધ મંડીઓના બજાર ભાવની માહિતી સરળતાથી મળી રહેશે.

પૂર, દુષ્કાળ કે કમોસમી વરસાદ જેવી આફતો સમયે પાક નુકસાનીનું સચોટ આંકલન સેટેલાઈટ ઈમેજરીથી થશે, જેથી સરકારી યોજનાઓ અને રાહત-સહાયના પગલાં વિના વિલંબે અમલી બનાવી શકાશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના કૃષિ ભવન ખાતે હાઈ-ટેક વિડીયો વોલ, કન્ટ્રોલ રૂમ અને ૧૫ વિષય નિષ્ણાતોની ટીમ સાથેનું આધુનિક 'કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર' સતત કાર્યરત છે. આ સેન્ટર વોટ્સએપ, ચેટબોટ અને હેલ્પલાઈન દ્વારા ખેડૂતોને ૨૪x૭ માર્ગદર્શન પૂરું પાડે છે. ક્ષેત્રીય કચેરીઓ અને યોજનાકીય સંપત્તિઓનું જીઓ-ટેગિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે.

ઈસરો (એસએસી) સાથેની આ ભાગીદારી ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં ટેકનોલોજીકલ ક્રાંતિનો નવો સૂર્યોદય લાવશે અને રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ અને સક્ષમ બનાવશે.

# ટંકારા આઈટીઆઈમાં વિદ્યાર્થીઓને મતદારયાદી સુધારણા અંગે માર્ગદર્શન અપાયું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબી જીલ્લામાં લોકશાહીની પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા અને યુવાનોમાં મતદાન પ્રત્યે જાગૃતિ કેળવવાના ઉમદા આશયથી આઈ.ટી.આઈ. ટંકારા ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન નવા ઉમેરાતા યુવા મતદારોને મતદારયાદીમાં પોતાનું નામ કેવી રીતે નોંધાવવું, નામ રદ કરાવવું તેમજ નામ કે સરનામામાં જરૂરી સુધારા-વધારા કરવા અંગેની કાયદાકીય અને સરળ પ્રક્રિયા વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ચૂંટણી પંચની આધુનિક ટેકનોલોજી આધારિત સેવાઓ જેવી કે ઈસીઆઈ નેટ અને 'વોટર સર્વિસસીસ પોર્ટલ' નો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે પણ પ્રાયોગિક માહિતી પૂરી પાડવામાં આવી હતી. ટંકારા આઈટીઆઈના તમામ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ એ આ જાગૃતિ અભિયાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ લોકશાહીને મજબૂત કરવાના આ કાર્યક્રમમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી.

(ત્રીજા પાનાનું ચાલુ)

**બજાર ...**

અસર કરી શકે છે, જેનાથી કમાણી અંગે ચિંતા વધે છે. આ વર્ષના ૯ મહિનામાંથી ૬ મહિનામાં વિદેશી રોકાણકારો વેચવાલ રહ્યા છે, કારણ કે તાઈવાન અને દક્ષિણ કોરિયા જેવા કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત બજારોમાં તેજીને કારણે રોકાણકારો ત્યાં નાણાં રોકી રહ્યા છે.

જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં આ વિદેશી બજારો ધીમા પડતા ભારતમાં વિદેશી રોકાણકારોનું ૪૬,૧૮૦ કરોડ રૂપિયાનું સંયુક્ત રોકાણ આવ્યું હતું, પરંતુ સપ્ટેમ્બરમાં પશ્ચિમ એશિયાના તણાવ અને અન્ય કારણોસર ફરી ૩૩,૦૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચાયા હતા. સરકારી બોન્ડ્સમાં, જૂન અને જુલાઈમાં ૪૯,૩૫૫ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું પરંતુ બ્લૂમબર્ગ દ્વારા સૂચકાંકમાં સામેલ કરવામાં વિલંબ થતાં ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ૧૧,૪૩૯ કરોડ રૂપિયાનું રોકાણ પાછું ખેંચાયું હતું. જીક્વોન્ટ અને ફર્સ્ટ ગ્લોબલના સ્થાપક શંકર શર્માએ જણાવ્યું હતું કે ભારતમાં વિદેશી રોકાણકારોનો મૂડ અત્યંત નકારાત્મક છે અને તેઓ મોટા શેરોમાંથી બહાર નીકળીને માત્ર પસંદગીના નાના અને મધ્યમ કદની કંપનીઓના શેરો જ ખરીદી રહ્યા છે.

**ખાંડ...**

૧૫ ટકાનો ઘટાડો થયો છે અને લોઅર એક્સ-મિલ ભાવનો લાભ સપ્લાય ચેઈન દ્વારા આગળ વધતાં તેમાં વધુ ઘટાડો થવાની ધારણા છે. એક્સ-મિલ ખાંડના ભાવમાં આશરે ૨૮ ટકાનો ઘટાડો થયો છે અને છેલ્લા ત્રણ અઠવાડિયાથી તે સ્થિર રહ્યા છે.

ખાંડની મિલોને તેમના સંબંધિત વિસ્તારોમાં પ્રવર્તતી કૃષિ-આબોહવાની પરિસ્થિતિઓ અનુસાર પિલાણ કામગીરી શરૂ કરવા માટે અગાઉથી જ સલાહ આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર અમુક ખાંડ ઉત્પાદક પ્રદેશોમાં શેરડી પર અલ નીનો સ્થિતિ સાથે સંકળાયેલા અસમાન અને અપર્યાપ્ત વરસાદની અસર પર નજર રાખવાનું ચાલુ રાખશે અને સ્થાનિક ઉપલબ્ધતા, ગ્રાહક હિત અને શેરડીના ખેડૂતોના હિતો વચ્ચે સંતુલન જાળવવા માટે તમામ જરૂરી અને સમયસર પગલાં લેશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**મુખ્યમંત્રી...**

તેવી જ રીતે, પૂ.બાપુને પ્રિય ખાદીને 'ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન'ના સંદેશ સાથે નવી પેઢી અને યુવાનો સાથે જોડવાના પ્રયાસો થઈ રહ્યા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા વર્ષોમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગરીબ, વંચિત અને છેવાડાના માનવી સુધી સુખ-સુવિધાઓ પહોંચાડવાની નેમ સાથે રાષ્ટ્રના વિકાસને ગતિ આપવામાં આવી છે. પૂ.બાપુના અહિંસા, સર્વોદય અને વિશ્વબંધુત્વના વિચારોને અનુરૂપ 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાથી ભારત સમગ્ર વિશ્વને એક પરિવાર તરીકે જોઈ રહ્યું છે અને સંવાદ, ભાગીદારી તથા માનવકેન્દ્રિત સહકાર માટે વિશ્વસનીય સહયોગી તરીકે પોતાની ભૂમિકા નિભાવી રહ્યું છે.

અંતમાં મુખ્યમંત્રીએ સર્વધર્મ પ્રાર્થના સભા દ્વારા સૌને પૂ.બાપુના સત્ય, અહિંસા, પ્રેમ અને સર્વોદયના માર્ગે ચાલવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. હૃદયમાં પ્રેમ, જીવનમાં અહિંસા, સમાજમાં સમરસતા અને રાષ્ટ્ર પ્રથમનો ભાવ રાખીને સૌએ પોતાના કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ તેવી ભાવના વ્યક્ત કરી તેમણે પૂ.બાપુને ભાવવંદના અર્પણ કરી હતી.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું કે ગાંધીજી એક એવા દૈવી વ્યક્તિત્વ હતા. જેમણે નાના-નાના પ્રયાસોથી માનવજીવન બદલવાનું કાર્ય કર્યું છે. તેમણે આજની વૈશ્વિક સ્થિતિનો સંદર્ભ આપી સ્પષ્ટ કર્યું કે આખરે તો સમાધાન માટે વાતચીતના ટેબલ પર જ આવવું પડે છે. જો દેશો આ સંવાદ પહેલાં કરી લે તો લાખો માનવ જિંદગીઓ અને પીડા બચી શકે છે. હિંસા સામે અહિંસા અને અસત્ય સામે સત્યની ગાંધી વિચારધારા આજે પણ સમગ્ર વિશ્વ માટે શાશ્વત અને અનિવાર્ય છે.

પોરબંદરની પવિત્ર ભૂમિ સાથે જોડાયેલી આ વૈશ્વિક ઓળખને તેમણે ગૌરવપૂર્ણ ગણાવી હતી. આ સાથે જ તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વિઝનનો ઉલ્લેખ કરતાં આહવાન કર્યું કે સ્વચ્છતા એ માત્ર ઉજવણી નથી પરંતુ આપણા દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનવી જોઈએ. ઘર, શેરી અને દેશને સ્વચ્છ રાખીને ગાંધીજીના વિચારોને આચરણમાં ઉતારવાએ જ બાપુ પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ છે.

ગાંધીજીની જન્મભૂમિ ખાતે યોજાયેલી આ પ્રાર્થના સભામાં પૂ.બાપુના સત્ય, અહિંસા, સ્વચ્છતા અને સર્વધર્મ સમભાવના શાશ્વત જીવનમૂલ્યોનું સ્મરણ કરવામાં આવ્યું હતું. કલાકાર વૃંદે સુંદર પ્રાર્થના અને ભાવમય ગીતો રજૂ કર્યા હતા.

પ્રાર્થના સભામાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, પોરબંદર મનપા મેયર સાગર મોદી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શીતલબેન ઓડેદરા, પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખિરિયા, પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા, જિલ્લા કલેક્ટર એસ. ડી .ધાનાણી, જિલ્લા વિકાસ અધિકારી બી. બી ચૌધરી, મનપા કમિશનર ટી. સી તીરથાણી, જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

**જીએસટીની આવક...**

૧૪.૭% ના જીએસટી કલેક્શન ગ્રોથ કરતા ઘણો વધારે છે. વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ છ મહિના દરમિયાન, ગુજરાતની જીએસટી આવક ૨૯% વધીને રૂ. ૪૯,૮૫૮ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૩૮,૫૪૦ કરોડ હતી. આ ઉપરાંત, રાજ્ય વેરા વિભાગે સપ્ટેમ્બર માસમાં વેટ દ્વારા રૂ. ૨,૯૩૦ કરોડ, વીજળી ડ્યુટી દ્વારા રૂ. ૧,૧૦૨ કરોડ અને વ્યવસાય વેરા (પ્રોફેશન ટેક્સ) દ્વારા રૂ. ૨૪ કરોડ એકત્રિત કર્યા છે. આમ, સપ્ટેમ્બર મહિનામાં જીએસટી, વેટ, ઈલેક્ટ્રિસિટી ડ્યુટી અને પ્રોફેશનલ ટેક્સમાંથી વિભાગની કુલ આવક રૂ. ૧૨,૨૨૨ કરોડ નોંધાઈ છે.

આગામી ૭ ઓક્ટોબરના રોજ જીએસટી પરિષદની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. અહેવાલો અનુસાર, આ બેઠકમાં કરના દરોમાં કોઈ મોટા ફેરફાર કરવાને બદલે (see above)

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**ભાટિયા :** મુળ કેનેડી વાળા હાલ ભાટીયા રહેતા કાંતિલાલ ઠાકરશીભાઈ બદયાણી ના ધર્મ પત્ની ગુણવંતી બેન કાંતિલાલ બદિયાણી (ઉ.વર્ષ ૮૭) તે સ્વ.મનસુખલાલ, જેન્તીભાઈ, સ્વ.ગોપાલભાઈ, તથા આદર્શ ઈલે.વાળા દામોદરભાઈ ના માતૃ નું તા.૧/૧૦ ને ગુરુવાર ના રોજ અવસાન પામેલ છે. સદગત ની પ્રાર્થનાસભા તા. ૨/૧૦ ને શુક્રવાર ના રોજ દુધેશ્વર મહાદેવ મંદિર ભાટીયા ખાતે સાંજે ૪:૩૦ થી ૫ દરમ્યાન રાખેલ છે.

**રાજકોટ :** ચા.મ.મો. બ્રાહ્મણ મુળ નાની બરાર હાલ રાજકોટવાળા કુમુદિનીબેન (કુમાબેન) ચેતનભાઈ મહેતા, તે ઉમિયાશંકર નરભેરામના પુત્રવધુ તે ચેતનભાઈ ઉમિયાશંકર મહેતાના પત્ની વિપુલભાઈ ઉમિયાશંકર મહેતાના નાનાભાઈના પત્ની સાગર અને ઋષિના માતા, સ્વ. નટવરલાલ નાનાલાલ પંડ્યાના પુત્રી પ્રફુલભાઈ નટવરલાલ પંડ્યા, દિલીપભાઈ નટવરલાલ પંડ્યાના બહેનનું તા. ૧ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું-બેસણું તા. ૩ ના રોજ શનિવારે ચા.મ.મો. બ્રાહ્મણ બોર્ડિંગ 'ગુલાબવાડી' મીલપરા શેરી નં. ૧ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સોરઠીયા બ્રહ્મક્ષત્રિય - જેતપુર નિવાસી હાલ રાજકોટ સ્વ. મોતીલાલ મોહનલાલ પડીયાના ધર્મ પત્ની ગં.સ્વ. મંજુલાબેન મોતીલાલ પડીયા, ઉમર વર્ષ ૭૭, તે સ્વ. સુપુત્રી ભારતી મોતીલાલ પડીયા, સરોજબેન ભરતકુમાર વાઢેર, મીતાબેન ભાવેશભાઈ મેર, હિમાંશુ મોતીલાલ પડીયા, તથા ઉર્વશીબેન પિયુષકુમાર છાટબારના માતા સ્વ. ગંગારામ ગોપાલજી જોગી જેતપુરના સપુત્રી તથા કીર્તિકુમાર ગંગારામ જોગી તેમજ જસુમતીબેન લલિતકુમાર મણિયારના મોટા બહેનનું તારીખ ૧૫/૦૭/૨૦૨૬ ને બુધવારના અષાડી બીજના રોજ અવસાન પામેલ છે.

**રાજકોટ :** સ્વ. જયેશભાઈ મથુરદાસ મહેતા ના ધર્મપત્ની સ્વ. અલ્કાબેન (ઉં. વ. ૬૫) તે જૂનાગઢ નિવાસી સ્વ. ભગવાનદાસ ભુપતરાય કામદાર ના સુપુત્રી, પારસભાઈ તથા દર્શનભાઈ ના માતુશ્રી તથા આ. સૌ શિલ્પાબેન અને હિરલબેન ના સાસુ તારીખ ૦૧.૧૦.૨૦૨૬ના રોજ અવસાન પામેલ છે. સદગત નુ ઉઠમણું તા. ૦૩.૧૦.૨૦૨૬ શનિવાર ના રોજ ૧૦.૩૦ વાગે તથા પ્રાર્થના સભા સવારે ૧૧ વાગે રોયલ પાર્ક ઉપાશ્રય, કેકેવી હોલ પાસે કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ખેતી બેંકની વોટ્સએપ મોબાઈલ બેન્કિંગ સેવાઓનો શુભારંભ કરાવતા મંત્રી જીતુભાઈ વાઘાણી

## 'સેવા સંકલ્પ અભિયાન' 'એક પેડ માઁ કે નામ' અંતર્ગત વૃક્ષારોપાણ-સેવા સાથે સંવેદનાનો પણ સંકલ્પ કરાયો



**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગના કેબિનેટ મંત્રી જીતુભાઈવાઘાણીએ ખેતી બેંકની વડી કચેરી, અમદાવાદની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમના હસ્તે વોટ્સએપ બેન્કિંગ અને મોબાઈલ બેન્કિંગ સેવાઓનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બેંકનાસભાસદોમાટે બેન્કિંગસેવાઓ વધુ સરળ અને સુલભ બનાવવાની દિશામાં આ પહેલ બેંકનીસેવાયાત્રાનું મહત્વપૂર્ણ પગલું છે.

નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈશાહના 'સહકારથી સમૃદ્ધિ'ના વિચારથી પ્રેરિત ભાવના સાથે ખેતી બેંક પોતાની સેવા પરંપરાને આધુનિક ટેક્નોલોજી સાથે આગળ વધારવા પ્રયત્નશીલ છે. સેવાનામાધ્યમોબદલાય, પરંતુ સભાસદોપ્રત્યેની આત્મીયતા અને વિશ્વાસ અખંડ રહે આ ભાવના ડિજિટલપહેલના કેન્દ્રમાં છે.

'સેવા સંકલ્પ અભિયાન' હેઠળ 'એક પેડ મા કે નામ' અંતર્ગત માનનીય મંત્રીના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. નરેન્દ્રભાઈ મોદી સાથે જોડાયેલી આ પહેલની ભાવના અનુસાર માતા પ્રત્યેની કૃતજ્ઞતા અને પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીનો સંદેશ વ્યક્ત થયો હતો.

માતાનો સ્નેહ જીવનને પોષે છે, વૃક્ષની છાંયડી આવતી પેઢીઓને આશ્રય આપે છે. માતાના નામે રોપાયેલું વૃક્ષ એ સ્નેહને સંભાળ અને જવાબદારી દ્વારા જીવંત રાખવાનો સુંદર સંકલ્પ છે.

# ૧૭૪ મૂસાફરો માટે દેવદુત બનેલા સ્મિત મચ્છર સાવરકુંડલાના જમાઈ



**અબતક, રેહાન ધાનાણી, સાવરકુંડલા**

અમરેલી અને સાવરકુંડલા પંથક માટે ગર્વની ક્ષણ છે કે આકાશમાં ઉડાન ભરી રહેલી ફ્લાઈટમાં સર્જાયેલી પડકારજનક પરિસ્થિતિમાં, સાવરકુંડલાના જમાઈ અને કુશળ પાયલટ કેપ્ટન સ્મિત મચ્છરે પોતાની અજોડ સૂઝબૂઝથી ૧૭૪ મુસાફરોના જીવનની રક્ષા કરી છે. દુબઈથી ઈઝરાયેલ જઈ રહેલી ફ્લાઈટમાં અણધારી પરિસ્થિતિ સર્જાતા તેમણે જરાય વિચલિત થયા વગર અત્યંત શાંતિ અને કુશળતાપૂર્વક વિમાનનું સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું.

આ પ્રશંસનીય સાહસ અને કર્તવ્યનિષ્ઠાની નોંધ લઈને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સાવરકુંડલાના લોકપ્રિય ધારાસભ્ય મહેશ કસવાળાએ કેપ્ટન સ્મિત મચ્છરને ઉષ્માભરી શુભેચ્છાઓ પાઠવી છે. ધારાસભ્યએ તેમને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે તેમની સમયસૂચકતાથી સેંકડો મુસાફરોના જીવનની રક્ષા થઈ છે અને સાવરકુંડલાનું નામ રોશન થયું છે.

આ ઉપરાંત, કેપ્ટન સ્મિત મચ્છરના કુટુંબિક સાળા હિરેનભાઈ જોગીએ હર્ષ અને ગર્વની લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે આ કપરી પરિસ્થિતિમાં સ્મિતે દાખવેલા સંયમ અને સમજદારીથી સમગ્ર સાવરકુંડલા પંથક ધન્ય બન્યો છે અને આખા નગરમાં ગર્વનો માહોલ છે.

## પાઈલોટ સ્મિત મચ્છરનો પરિવાર ૧૦૦ વર્ષ પહેલા વઢવાણના ખાંડીપોળમાં રહેતો હતો !!



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

તાજેતરમાં દુબઈથી ઈઝરાયલ જઈ રહેલ ફ્લાઈટને ક્રેશ થવાથી ભારતીય પાયલોટ સ્મિત મચ્છરએ બચાવી લીધી હતી અને ફ્લાઈટમાં સવાર તમામ મુસાફરોના બહાદુરી પૂર્વક જીવ બચાવ્યો હતો ત્યારે સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણના વતની એવા મચ્છર પરિવારના પાયલોટની આ વીરતા બદલ ઝાલાવાડનું નામ દેશ વિદેશમાં રોશન કરી ગૌરવ વધાર્યું છે.

પાયલોટ સ્મિત મચ્છરનો પરિવાર મુળ સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ ગામના વતની હતો અને વઢવાણ ખાંડીપોળ વિસ્તારમાં આવેલ પંડ્યા-પા શેરીમાં રહેતો હતો અને અંદાજે ૧૦૦ વર્ષ પહેલા મુંબઈ કામ ધંધા અર્થે મુંબઈ સ્થાયી થયો હતો. જયારે પાડોશીઓ અને સમાજના પીઢ આગેવાનોના જણાવ્યા મુજબ વઢવાણ ખાતે આવેલ મકાન હરજીવનભાઈ મચ્છરનું હતું અને તેમના દીકરા ભુપેન્દ્રભાઈ અને તેમનો દીકરો સ્મિત હોવાનું જણાવ્યું હતું. હાલ વઢવાણ ખાતેનું મકાન પણ તેઓએ અન્ય લોકોને વર્ષો થી વહેંચી નાખ્યું હોવાનુ પણ જાણવા મળ્યું હતું. જો કે સ્મિત મચ્છરની બહાદુરી અંગે જાણ થતા વઢવાણ ખાતે રહેતા સમાજના લોકો, આગેવાનો સહિત પાડોશીઓમાં પણ આનંદ સાથે ગર્વની લાગણી જોવા મળી હતી.

# માણાવદર પટેલ સમાજ ટ્રસ્ટની ૫૮મી વાર્ષિક સાધારણ સભામાં લેવાયા મહત્વના નિર્ણયો



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર પટેલ સમાજ ટ્રસ્ટની ૫૮મી વાર્ષિક સાધારણ સભા પટેલ સમાજ ખાતે યોજાઈ હતી. આ સભા મેનેજિંગ ટ્રસ્ટી દેવજીભાઈ ઝાટકિયાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં ટ્રસ્ટી મંડળના હોદ્દેદારો અને સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા. સભામાં ગત વર્ષના વિકાસ કાર્યોની વિગતો રજૂ કરાઈ હતી. જ્ઞાતિજનોની સુવિધા માટે એસી રૂમ, આધુનિક શૌચાલય-બાથરૂમ અને ગરમ પાણીની વ્યવસ્થા કરાશે.

નવા સૂચનો ધ્યાને લઈને મહત્વના નિર્ણયો લેવાયા. મેન્યુઅલ જનરેટરની જગ્યાએ સેલ્ફ-સ્ટાર્ટ જનરેટર અને ફાયર સેફ્ટીની સુવિધા ઊભી કરાશે. બાકી રૂમોમાં એસી, નવા પલંગ અને ફોમના ગાદલા પણ ઉપલબ્ધ કરાવાશે. ટ્રસ્ટી વિજયભાઈ ઝાટકીયાએ જણાવ્યું કે સમાજ વાડીનું રંગરોગાન શિયાળામાં પૂર્ણ થશે. ટ્રસ્ટી મંડળે ખાતરી આપી કે તમામ સૂચનો પર પ્રાથમિકતા આપીને આગામી વર્ષ પહેલાં વિકાસ કાર્યો પૂરા કરાશે.

# ભલગામને મોટા કોટડા પીજીવીસીએલ સબ-ડિવિઝનમાં જોડવા સામે ગ્રામજનોનો આક્રોશ

## વિસાવદર સબ-ડિવિઝનમાં જ યથાવત રાખવા પ્રાંત અધિકારીને આવેદન પત્ર પાઠવાયું: માંગ ન સંતોષાય તો ચૂંટણી બહિષ્કારની ચીમકી



**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર તાલુકાના મોટા કોટડા ગામે પીજીવીસીએલનું નવું સબ-ડિવિઝન મંજૂર થતાં જ નજીકના ભલગામને આ નવા સબ-ડિવિઝનમાં સમાવવાની હલચલ શરૂ થતાં જ ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ અન્યાયી નિર્ણયના વિરોધમાં સમસ્ત ભલગામના ગ્રામજનો દ્વારા પ્રાંત અધિકારી વિસાવદરને આવેદન પત્ર પાઠવીને ભલગામને હયાત વિસાવદર પીજીવીસીએલ સબ-ડિવિઝનમાં જ કાર્યરત રાખવા મજબૂત રજૂઆત કરવામાં આવી છે.

ગ્રામજનોએ આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર, ભલગામથી મોટા કોટડાનું અંતર અંદાજે ૧૫ થી ૧૭ કિલોમીટર થાય છે અને ત્યાં જવા-આવવા માટે પૂરતી બસ કે વાહનવ્યવહારની સુવિધા નથી. ભલગામ તાલુકા મથક વિસાવદરની તદ્દન નજીક આવેલું હોવાથી ગ્રામજનોને રોજબરોજના તમામ સરકારી તથા વ્યવહારિક કામકાજ અર્થે વિસાવદર જ જવાનું થાય છે. જો ભલગામને મોટા કોટડા સબ-ડિવિઝનમાં જોડી દેવામાં આવશે, તો વીજળીને લગતા માત્ર એક કામ માટે ગ્રામજનોને ૧૫-૧૭ કિમી દૂર ધક્કા ખાવા પડશે, જેનાથી સમય, શક્તિ અને નાણાંનો ભારે વ્યય થશે.

ગ્રામજનોએ તંત્રને સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું છે કે જો આવનારા દિવસોમાં તેમની આ વ્યાજબી માંગણી સ્વીકારવામાં નહીં આવે, તો સમગ્ર ભલગામના લોકો દ્વારા લાઈટ બિલ ભરવાનો બહિષ્કાર, સરકારની વિવિધ યોજનાઓનો બહિષ્કાર તેમજ આગામી તમામ ચૂંટણીઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવશે.

## ભાજપ યુવા મોરચાના પ્રભારી કિરીટ પટેલની ઉર્જામંત્રી કૌશિક વેકરીયાને રજૂઆત



ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ યુવા મોરચાના પ્રભારી અને જિલ્લા ખેતી બેન્કના ચેરમેન કિરીટભાઈ પટેલ દ્વારા ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને રજુઆત કરી જણાવેલ છે કે, ભલગામ ગામના લોકો દ્વારા ગઈકાલે પ્રાંત અધિકારી, વિસાવદર તથા તેમને રજુઆત કરી છે. ભલગામના ગ્રામજનોની વ્યવહારિક મુશ્કેલીઓને ધ્યાને રાખી પીજીવીસીએલ સબ-ડિવિઝન વિસાવદરમાં જ યથાવત રાખવામાં આવે તેવી તાત્કાલિક અસરથી રજુઆત કરતા ભલગામના તમામ લોકોની માંગણી મુજબ તેઓને વિસાવદર સબ ડીવીજનમા જ રાખવા માંગણી સાથે રજુઆત કરેલ હોવાનું એક અખબારી યાદીમાં જણાવેલ છે.

### આંગણ સેવા મિલન કાર્યક્રમમાં

# જીવાપર આંગણવાડી ખાતે ભુલકાઓને પૌષ્ટિક આહાર અંગે માર્ગદર્શન અપાયું



**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર શહેરના જીવાપરા વોર્ડ નં. ૫ ખાતે આવેલ આંગણવાડી કેન્દ્રમાં 'આંગણ સેવા મિલન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીમાં આવતા નાના ભૂલકાઓને ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકો સાથે આનંદપૂર્વક સમય વિતાવી તેમને પૌષ્ટિક આહારનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. બાળકોના આરોગ્ય અને પોષણ પ્રત્યે જાગૃતિ વધે તેમજ આંગણવાડી કેન્દ્ર સાથે સમાજનો જોડાણ વધુ મજબૂત બને તેવા હેતુથી આ સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વિસાવદર નગરપાલિકાના સદસ્ય રક્ષાબેન ઉદયભાઈ મહેતા, આંગણવાડી વર્કર ચેતનાબેન ચિતલીયા સહિતના મહીલાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ભૂલકાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને સેવાભાવી વાતાવરણમાં કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

# ગાંધીધામ: ૯૦મી બટાલિયન બીએસએફ જુનિયર વોલીબોલ ટુર્નામેન્ટ સંપન્ન

## બીએસએફ કમાન્ડર વિજય કુમાર, ગાંધીધામ ધારાસભ્ય માલતી મહેશ્વરી સહિતનાઓ ઉપસ્થિત રહ્યાં




**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ ખાતે યોજાયેલી ૯૦મી બટાલિયન જિલ્લા કક્ષાની વોલીબોલ ટુર્નામેન્ટનું ભવ્ય સમાપન થયું.

સમાપન સમારોહમાં સાંસદ વિનોદભાઈ ચાવડા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બીએસએપ એસએચક્યુ ભુજના ડીઆઈજી વાય.એસ. રાઠોડ, ૯૦મી બટાલિયન બીએસએફના કમાન્ડન્ટ વિજય કુમાર, ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ગાંધીધામ મહાનગરપાલિકા કમિશનર બી.ડી. ડાવેરા, અધિકારીઓ-જવાનો, નાગરિક વહીવટીતંત્રના અધિકારીઓ, સીઆઈએસએફ અધિકારીઓ, આઈબીના પરવીન માયાત્રા તથા મીડિયા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટૂર્નામેન્ટમાં ગાંધીધામ, અંજાર, માંડવી, શિણાય, ભચાઉ અને ભુજની વિવિધ શાળાઓ તથા કલબની કુલ ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. ખેલાડીઓએ સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન ઉત્સાહ, શિસ્ત અને રમતગમતની ભાવનાનું પ્રદર્શન કર્યું હતું. સમાપન પ્રસંગે વિજેતા સહિત અન્ય સ્થાન મેળવનારી ટીમોનું સન્માન કરી મુખ્ય અતિથિના હસ્તે ટ્રોફી, મેડલ અને પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ટીમો અને ખેલાડીઓને વિશેષ રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. ટિમ્બર એસોસિએશન ગાંધીધામના પ્રમુખ નવનીત આર. ગજ્જર દ્વારા વિજેતા ટીમને રૂ.૩૧,૦૦૦, રનર્સ અપને રૂ.૨૧,૦૦૦, ત્રીજા ક્રમે રહેલી ટીમને રૂ.૧૧,૦૦૦, મેન ઓફ ધ મેચને રૂ.૨,૧૦૦ તથા મેન ઓફ ધ ટૂર્નામેન્ટને રૂ.૫,૧૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

જ્યારે ચેમ્બર ઓફ કોમર્સ ગાંધીધામના પ્રમુખ તેજાભાઈ કાનગડ દ્વારા વિજેતા ટીમને રૂ.૧૫,૦૦૦, રનર્સ અપને રૂ.૧૧,૦૦૦ તથા ત્રીજા ક્રમે રહેલી ટીમને રૂ.૭,૫૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

# ચોટીલા: ચામુંડા માતાજીના મંદિરે કેપ્ટન સ્મિત મચ્છર માટે પ્રાર્થના કરાઈ



**અબતક, રણજીત ધાંધલ, ચોટીલા:** ફરજ દરમિયાન બનેલી દુર્ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા કેપ્ટન સ્મિત મચ્છર ઝડપથી સ્વસ્થ થાય તે માટે ચોટીલાના ચામુંડા માતાજીના મંદિરે ખાસ પ્રાર્થના કરવામાં આવી હતી. મૂળ ગુજરાતના કેપ્ટન સ્મિત મચ્છરે કપરા સમયે અપ્રતિમ સાહસ અને અડગ મનોબળ દર્શાવી ૧૭૪ નિર્દોષ લોકોના જીવ બચાવ્યા હોવાનું જણાવાયું છે.કેપ્ટન સ્મિત મચ્છરની વહેલી તકે સંપૂર્ણ સ્વસ્થતા માટે માં ચામુંડા સમક્ષ ભક્તોએ નતમસ્તક થઈ પ્રાર્થના કરી હતી. ચોટીલા ડુંગર પર આવેલા ચામુંડા માતાજીના મંદિરે ભક્તોએ તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી આશીર્વાદ માંગ્યા હતા.

# રાણપુર: ખેલ મહાકુંભમાં શ્રીજી વિદ્યાધામ કરમડ ગુરૂકુલનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

## અંડર-૧૪ ખો-ખો અને કબડ્ડીમાં સમગ્ર તાલુકામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું



**અબતક, વિપુલ લુહાર, રાણપુર**

રમશે ગુજરાત, જીતશે ગુજરાતના નારા સાથે સમગ્ર ગુજરાતમાં ખેલ મહાકુંભની ઉજવણી ઉત્સાહભેર ચાલી રહી છે. ત્યારે બોટાદ જિલ્લાના રાણપુર પાસે લીંબડી રોડ ઉપર આવેલ કરમડ પાટીયા પાસે આવેલ શ્રીજી વિદ્યાધામ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલેન્સના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ રમતગમત કૌશલ્યનું પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.કરમડ ખાતે યોજાયેલા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં ગુરુકુલ જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ખાસ કરીને અંડર-૧૪ વિભાગમાં ખો-ખો અને કબડ્ડી બંને રમતોમાં સમગ્ર તાલુકામાં પ્રથમ સ્થાન મેળવી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે ધમાકેદાર એન્ટ્રી કરી છે.

આ ઉપરાંત અંડર-૧૭ વિભાગમાં ખો-ખોમાં દ્વિતીય અને કબડ્ડીમાં તૃતીય સ્થાન મેળવ્યું છે. જ્યારે ઓપન ગેમ્સમાં પણ ગુરુકુલના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં ખો-ખોમાં પ્રથમ અને કબડ્ડીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ ગુરુકુલના સંસ્થાપક જીસ્રૂપદાસજી સ્વામી તેમજ સંસ્થાના સમગ્ર સ્ટાફ દ્વારા તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જ શાળાના આચાર્ય ક્રિષ્નાભાઈ પંડ્યા તથા સ્પોર્ટ્સ ટીચર ઈમ્તિયાઝભાઈના માર્ગદર્શન અને મહેનતને પણ બિરદાવવામાં આવી હતી.

# લોકભારતી સંસ્થામાં પૂ.મોરારિબાપુની પધરામણી થતા હરખની હેલી



**અબતક, રાજકોટ**

સણોસરા સ્થિત ગોહિલવાડની સુપ્રસિદ્ધ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સંસ્થામાં મોરારિબાપુનું આગમન થતાં સંસ્થાનાં વડા અરુણભાઈ દવે અને કાર્યકર્તા પરિવાર દ્વારા આવકાર વંદના થઈ. શુક્રવારે ગાંધીજયંતી પર્વે અહીંની લોકભારતી વિશ્વવિદ્યાલયમાં યોજાનાર દીક્ષાંત સમારોહમાં મોરારિબાપુ આશિર્વચન પાઠવનાર છે.

## ભાટીયા લોહાણા મહાજનના પૂર્વ કારોબારી પ્રફુલ ભાટીયાનો આજે જન્મદિવસ



મા વર્ષ માં પ્રવેશ કર્યો છે ,ભાટીયા લોહાણા મહાજન ના પૂર્વ કારોબારી , ભાટિયા ગ્રામપંચાયત ના પૂર્વ સદસ્ય, એ પી એમ સી ભાટિયા ના પૂર્વ ડાયરેક્ટર જેવી અનેક સંસ્થા સાથે પ્રફુલભાઈ સક્રિયતા થી જોડાયેલા તેમજ નાત જાત ના બંધનો બનાવ્યા વગર દરેક સમાજ સેવા મા તત્પર રહી દરેક સમાજ ને સાથે રહી કામ કરનારા નાના મોટા સહુ ને સાથે લઈ ચાલનારા કોઈપણ ની મદદ કરવામાં ક્યારેય પીછે હઠ પ્રફુલભાઈ નથી કરતા,પ્રફુલભાઈ પોતાની પોઝિટિવ વિચારશ્રેણી ને લઈ ને ભાટીયા સહિત સમગ્ર દેવભુમી દ્વારકા જિલ્લા માં બહોળો મિત્રવર્ગ ધરાવે છે તેવા બારાડી લોહાણા સમાજ ના હીર એવા પ્રફુલભાઈ ભાયાણી નો આજ જન્મ દિવસ તેમના મિત્ર વર્તુળમાંથી તેમને શુભેચ્છાઓ મળી રહી છે.

## ગુરુકુળના ૫૦થી વધુ સ્ટાફ અને ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ સત્યનારાયણ ભગવાનની કથાનો લાભ લીધો

**અબતક, વિપુલ લુહાર, રાણપુર**

જીસ્રૂપદાસજી સ્વામીના આશીર્વાદથી આચાર્ય ક્રિષ્નાભાઈ પંડ્યા તથા ગુરુકુળના સમગ્ર સ્ટાફ દ્વારા કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગમાં ગુરુકુળના ૫૦થી વધુ સ્ટાફ સભ્યો તથા ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સત્યનારાયણ ભગવાનની કથાનો લાભ લીધો હતો.

કથા પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સૌએ ભગવાનના આશીર્વાદ મેળવી મહાપ્રસાદનો પણ લાભ લીધો હતો. વિદ્યાર્થીઓમાં ધાર્મિક સંસ્કારો અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની ભાવના વધુ મજબૂત બને તેવા શુભ હેતુથી ગુરુકુળ દ્વારા સમયાંતરે આવા ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સત્યનારાયણ ભગવાનની કથાના આ દિવ્ય આયોજનથી ગુરુકુળના વિદ્યાર્થીઓ, સ્ટાફ તથા સમગ્ર વાતાવરણમાં આધ્યાત્મિક ઉર્જા અને ભક્તિભાવ છવાયો હતો.

ટ્રમ્પ ટેરિફની 'ઐસી કી તૈસી'!!

# આગામી ૫ વર્ષમાં કેનેડા સાથેની વેપાર સંધિથી રૂ૭ લાખ કરોડનો વેપાર થશે : પિયુષ ગોયલ

## અર્થતંત્રને ગતિ આપવા એનર્જી અને ક્રિટિકલ મિનરલ્સ ક્ષેત્રે સહયોગ વધારવા પર વિશેષ ભાર અપાશે

## અમેરિકાએ આડેધડ ટેરિફ લગાવતા કેનેડાએ હવે પોતાના અર્થતંત્રની સ્થિરતા માટે ભારત તરફ નજર દોડાવી

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાએ આડેધડ ટેરીફ લગાવતા કેનેડાએ હવે પોતાના અર્થતંત્રની સ્થિરતા માટે ભારત તરફ નજર દોડાવી છે. જેથી ભારત અને કેનેડા વચ્ચેના આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે દ્વિપક્ષીય વેપારમાં મોટો વધારો કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. આગામી પાંચ વર્ષમાં બંને દેશો વચ્ચેનો વેપાર વર્તમાન સ્તરથી વધારીને બમણાથી વધુ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ માટે મુક્ત વેપાર કરારની વાટાઘાટોને ખૂબ જ ઝડપી બનાવવામાં આવી છે અને આગામી કેટલાક મહિનાઓમાં તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવે તેવી પૂરી શક્યતા છે. આર્થિક વિકાસને ગતિ આપવા માટે ખાસ કરીને ઊર્જા અને ક્રિટિકલ મિનરલ્સ જેવા મહત્વના ક્ષેત્રોમાં ભાગીદારી વધારવા પર બંને રાષ્ટ્રો અત્યારે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

મિલવૌકી ખાતે યોજાયેલી ૨૦૨૬ની જી-૨૦ ટ્રેડ મિનિસ્ટર્સની બેઠક દરમિયાન કેનેડાના ઈન્ટરનેશનલ ટ્રેડ મિનિસ્ટર મનિન્દર સિદ્ધુએ જણાવ્યું હતું કે બંને દેશોના નેતાઓએ વર્તમાન ૩૦ બિલિયન ડોલરના દ્વિપક્ષીય વેપારને પાંચ વર્ષમાં ૭૦ બિલિયન ડોલર સુધી લઈ જવાનું વિઝન નક્કી કર્યું છે. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે મુક્ત વેપારને સરળ બનાવવા પર કામ ચાલી રહ્યું છે. અર્થતંત્રોને સ્પર્ધાત્મક બનાવવાને બદલે એકબીજાના પૂરક કેવી રીતે બનાવી શકાય અને સપ્લાય ચેઈનનું વૈવિધ્યકરણ કેવી રીતે કરી શકાય તે દિશામાં હાલમાં સઘન વાટાઘાટો ચાલી રહી છે.



થોડા દિવસો પહેલા જ મુંબઈમાં ભારતના કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને કેનેડિયન મંત્રી વચ્ચે ચોથા રાઉન્ડની સાર્થક ચર્ચા પૂર્ણ થઈ હતી. હવે ૫ ઓક્ટોબરના રોજ ઓટાવા ખાતે પાંચમા રાઉન્ડની બેઠક યોજાવા જઈ રહી છે. બંને દેશોએ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ માટેની વાટાઘાટોને 'ફાસ્ટ-ટ્રેક' પર મૂકવાનો નિર્ણય લીધો છે. વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં આ વ્યાપક વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાનો બંને સરકારોનો ઉદ્દેશ્ય છે, જે ભારત-કેનેડાના રાજદ્વારી અને આર્થિક સંબંધોમાં એક નિર્ણાયક તબક્કો સાબિત થશે.

નોંધનીય છે કે કેનેડા ભારતમાં ૧૦૦ બિલિયન ડોલરથી વધુના રોકાણ સાથે સૌથી મોટું સામૂહિક રોકાણકાર છે. કેનેડિયન કંપનીઓ ભારતના હાઈવે અને એરપોર્ટ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં સક્રિય છે. બીજી તરફ, ભારતનું અર્થતંત્ર ૭% ના દરે વધી રહ્યું છે અને ૨૦૩૫ સુધીમાં દેશને ૭૦% વધુ ઊર્જાની જરૂર પડશે, જે કેનેડા પૂરી પાડી શકે તેમ છે. ઈલેક્ટ્રિક વાહનો અને બેટરી માટે જરૂરી ક્રિટિકલ મિનરલ્સમાં પણ કેનેડા પશ્ચિમી ગોળાર્ધમાં અગ્રેસર હોવાથી ભારતને તેનાથી મોટો ફાયદો મળી શકે છે.

### ૨૦૨૩માં વાટાઘાટો અટકી હતી, ૨૦૨૫માં ફરી વેગ પકડ્યો

ભારત અને કેનેડા વચ્ચેના વ્યાપક વેપાર કરારની ચર્ચાઓ એક દાયકાથી વધુ સમયથી ચાલી રહી છે. માર્ચ ૨૦૨૨માં સત્તાવાર રીતે વાટાઘાટો ફરી શરૂ કરવામાં આવી હતી. જોકે, ૨૦૨૨ અને ૨૦૨૩ વચ્ચે નવ રાઉન્ડ યોજાયા બાદ ઓગસ્ટ ૨૦૨૩માં દ્વિપક્ષીય સંબંધોમાં તણાવ આવતા આ પ્રક્રિયાને અટકાવી દેવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૫માં બંને દેશોના વેપાર જોડાણે ફરીથી વેગ પકડ્યો અને માર્ચ ૨૦૨૬માં નવી સીઈપીએ પ્રક્રિયા શરૂ કરી વેપાર વધારવા કવાયત હાથ ધરાઈ.

### નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દ્વિપક્ષીય વેપાર ૮ બિલિયન ડોલર રહ્યો

વાણિજ્ય મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત અને કેનેડા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર લગભગ ૮ બિલિયન ડોલરના સ્તરે નોંધાયો હતો. આ સમયગાળા દરમિયાન ભારત દ્વારા કેનેડામાં ૪.૬૭ બિલિયન ડોલરની કિંમતની વિવિધ ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવી હતી. તેની સામે ભારતે કેનેડામાંથી ૩.૨૮ બિલિયન ડોલરની કિંમતના માલસામાનની આયાત કરી હતી. આ આંકડાઓ દર્શાવે છે કે બંને દેશો વચ્ચે આયાત અને નિકાસ ક્ષેત્રે ભવિષ્યમાં પણ મોટી સંભાવનાઓ રહેલી છે.

''વસધૈવ કુટુંબકમ''

# મોદીના વિચારો શાંતિ અને યુદ્ધ સમાપ્તિના : રશિયાના રાષ્ટ્રપતિ

## રશિયા સાથે ભારતના મજબૂત અને મિત્રતાપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો હોવા છતાં, ભારતે આ મુદ્દા પર સંપૂર્ણપણે તટસ્થ રહીને માનવતાવાદી વલણ અપનાવ્યું

**અબતક, રાજકોટ**



રશિયા અને યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષમાં શાંતિ સ્થાપવાના વૈશ્વિક પ્રયાસો વચ્ચે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું મોટું નિવેદન સામે આવ્યું છે. મોસ્કોમાં આયોજિત વાલ્ડાઈ કલબ ફોરમ દરમિયાન પુતિને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાંતિ પ્રયાસોની સરેઆમ પ્રશંસા કરતા જણાવ્યું છે કે, પીએમ મોદી પાસે આ સંઘર્ષનો શાંતિપૂર્ણ અને સર્વસ્વીકૃત ઉકેલ લાવવા માટે ખૂબ જ વ્યાવહારિક અને ઉમદા વિચારો છે.

રશિયા સાથે ભારતના મજબૂત અને મિત્રતાપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો હોવા છતાં, ભારતે આ મુદ્દા પર સંપૂર્ણપણે તટસ્થ રહીને માનવતાવાદી વલણ અપનાવ્યું છે. પીએમ મોદીએ સતત રશિયા અને યુક્રેન બંને દેશોના વડાઓ સાથે સીધી વાતચીત કરીને ''આ યુદ્ધનો યુગ નથી'' નો સંદેશ આપ્યો છે અને વાટાઘાટો તેમજ મુત્સદ્દીગીરી દ્વારા જ સમસ્યાનો અંત લાવવા પર ભાર મૂક્યો છે.પુતિને સ્પષ્ટ કર્યું કે પીએમ મોદી સતત રશિયા સાથેની બેઠકોમાં યુદ્ધ અટકાવવા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા અંગે ચર્ચા કરે છે અને બંને પક્ષોને મંજૂર હોય તેવા ઉકેલો શોધવામાં રસ દાખવે છે. ભારત કોઈપણ એક જૂથનો પક્ષ લેવાને બદલે યુદ્ધના સંતોષકારક અંત માટે મધ્યસ્થની ભૂમિકા ભજવી રહ્યું છે, જેની કદર રશિયા અને યુક્રેન બંને દેશો કરી રહ્યા છે. ઓગસ્ટમાં જાપાની મીડિયા 'દ યોમિઉરી શિમ્બન'ને આપેલા ઈન્ટરવ્યુમાં પીએમ મોદીએ કહ્યું હતું કે રશિયા અને યુક્રેન બંને સાથે ભારતના ઉત્તમ સંબંધો હોવાથી ભારત શાંતિની પુનઃસ્થાપના માટે કોઈ પણ સાર્થક ભૂમિકા ભજવવા તૈયાર છે.પુતિને ફરી એકવાર સ્પષ્ટ કર્યું કે રશિયાનો યુરોપિયન દેશો પર હુમલો કરવાનો કોઈ ઈરાદો નથી, પરંતુ જો પશ્ચિમી દેશો સૈન્ય અભ્યાસ કે સંપત્તિઓ જપ્ત કરીને ઉશ્કેરણી કરશે તો રશિયા પોતાની પાસે ઉપલબ્ધ તમામ હથિયારોથી તેનો જવાબ આપશે.

પશ્ચિમી દેશોના દબાણ છતાં ભારતે રશિયા સાથેના પોતાના સંબંધો જાળવી રાખ્યા અને સાથે સાથે યુક્રેનને માનવતાવાદી સહાય પૂરી પાડીને પોતાની તટસ્થતા સાબિત કરી છે. પીએમ મોદીએ ઝેલેન્સ્કી અને પુતિન બંને સાથે વ્યક્તિગત રીતે વાતચીત જાળવી રાખી છે, જેથી તેઓ બંને પક્ષોનો વિશ્વાસ જીતી શક્યા છે. વૈશ્વિક સ્તરે યુદ્ધના કારણે તેલ, અનાજ અને ખાતરના ભાવ વધી રહ્યા છે, જેનો સૌથી વધુ ફટકો વિકાસશીલ દેશોને પડી રહ્યો છે. ભારતે આ પરિસ્થિતિ બદલવા શાંતિનો માર્ગ અપનાવવો જરૂરી ગણાવ્યો છે.

# પતિની જગ્યાએ નોકરી મેળવનાર પત્નીએ સાસુની પણ 'સંભાળ' રાખવી પડે: હાઈકોર્ટ

## અનુકંપાની નોકરી સમગ્ર પરિવાર માટે છે, અંગત સ્વાર્થ માટે નહીં: મહિલાના પગારમાંથી દર મહિને ૨૫% સાસુના ખાતામાં જમા કરાવવા રાજસ્થાન હાઈકોર્ટનો આદેશ

**અબતક, રાજકોટ**

કોઈપણ પત્નીએ એ બાબત હંમેશા યાદ રાખવી જોઈએ કે લગ્ન બાદ પતિ તેનો જીવનસાથી જરૂર બને છે, પરંતુ એ પહેલાં તે તેના વૃદ્ધ માતા-પિતાનો પુત્ર છે. પતિના અવસાન બાદ અનુકંપાના ધોરણે મળતી સરકારી નોકરી માત્ર વિધવા પત્નીનો વ્યક્તિગત હક નથી, પરંતુ સમગ્ર પીડિત પરિવારની આર્થિક સુરક્ષા માટે છે. અનુકંપા નિમણૂક મેળવ્યા બાદ સાસુ-સસરાને નિરાધાર છોડી દેવાના કિસ્સામાં રાજસ્થાન હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનાત્મક ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે પતિના અવસાન બાદ તેની સરકારી નોકરી મેળવનાર પત્ની પોતાની નૈતિક અને કાનૂની જવાબદારીમાંથી ભાગી શકે નહીં.

અજમેર વિદ્યુત વિતરણ નિગમમાં ફરજ બજાવતા એક કર્મચારીનું ૨૦૧૭માં અકાળે અવસાન થયું હતું. કર્મચારીના અવસાન બાદ પરિવારની સહમતિથી તેમની વિધવા પત્નીને અનુકંપાના ધોરણે નોકરી આપવામાં આવી હતી. સાસુ-સસરાએ એ શરતે અને વિશવાસે સંમતિ આપી હતી કે વહુ નોકરી લાગ્યા બાદ તેમની પણ સંભાળ રાખશે. મહિલાએ નોકરી મેળવતી વખતે પણ પરિવારના સભ્યોનું ભરણપોષણ કરવાની લેખિત બાંહેધરી આપી હતી. જોકે, નોકરી મળી ગયા બાદ મહિલાએ સાસુ-સસરાને આર્થિક ટાંચમાં છોડી દીધા હતા, સાસરું છોડી દીધું હતુ અને અન્ય વ્યક્તિ સાથે પુનઃલગ્ન કરી લીધા હતા. જેથી નિરાધાર બનેલી વૃદ્ધ સાસુએ ન્યાય માટે કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા.

આ કેસની સુનાવણી દરમિયાન રાજસ્થાન હાઈકોર્ટે અત્યંત સખત વલણ અપનાવતા જણાવ્યું હતું કે, અનુકંપા નિમણૂકનો મુખ્ય ઉદ્દેશ્ય કમાનાર વ્યકિતના અચાનક મૃત્યુથી પરિવાર પર આવી પડેલી આર્થિક વિપત્તિમાંથી ઉગારવાનો છે. આ યોજના હેઠળ માત્ર વિધવા પત્ની જ નહીં, પરંતુ મૃતક કર્મચારીના માતા-પિતા અને નિયમો મુજબ માન્યતા પ્રાપ્ત અન્ય આશ્રિતો પણ આવરી લેવાય છે. નોકરી મેળવતી વખતે આપેલી બાંહેધરીના આધારે લાભ લીધા બાદ, મહિલા આવી મૂળભૂત જવાબદારીથી સંપૂર્ણપણે મોં ફેરવી શકે નહીં.કોર્ટે વધુમાં ટાંક્યું હતું કે, ''પતિના મૃત્યુ બાદ વહુ અનુકંપા નિમણૂક મેળવી લે અને ત્યારબાદ તેના વૃદ્ધ સાસુ-સસરાને કુદરતના ભરોસે છોડી દે - તેવી બાબત ચલાવી લેવાય નહીં.'' આ અવલોકનો ધ્યાને રાખીને હાઈકોર્ટે અજમેર વિદ્યુત વિતરણ નિગમને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે મહિલાના માસિક પગારમાંથી દર મહિને ૨૫ ટકા રકમ કાપીને સીધી તેની સાસુના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવી. આ ઉપરાંત, મૃતક કર્મચારીના તમામ નિવૃત્તિ અને સેવા વિષયક લાભો સરખા ભાગે વહેંચીને પત્નીને ૫૦% અને મૃતકની માતાને ૫૦% આપવા હુકમ કર્યો છે.સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા એડવોકેટ અમિતરાજ કૌશલે જણાવ્યું હતુ કે, આ ચુકાદો અનુકંપા યોજના હેઠળ નોકરી મેળવતા લોકો માટે એક મોટો બોધપાઠ છે. આ યોજના મૃતક કર્મચારીના પરિવારના તમામ સભ્યોને મદદ કરવા માટે છે, નહીં કે માત્ર કોઈ એક વ્યક્તિના અંગત ફાયદા માટે. હાઈકોર્ટે આ આદેશ આપીને સાબિત કર્યું છે કે અનુકંપાની નોકરી સાથે જોડાયેલી જવાબદારીઓમાંથી કોઈ છટકી શકતું નથી.

# સોમનાથ મહાદેવને કેપ્ટન સ્મિત મચ્છરના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના સાથે મહાઆરતી

**અબતક, અતુલ કોટેચા**
**વેરાવળ**



કેપ્ટન તરીકે વિમાન ઉડયન દરમિયાન સર્જાયેલી અત્યંત કપરી પરિસ્થિતિમાં કેપ્ટન સ્મિત મચ્છરે અદમ્ય સાહસનો પરિચય આપ્યો છે. પોતાના પર હુમલો થતાં ગંભીર રીતે ઘાયલ હોવા છતાં, તેમણે પોતાના પ્રાણની ચિંતા કર્યા વિના ૧૭૪ મુસાફરોના જીવ બચાવીને એક મોટી દુર્ઘટના ટાળી છે. મૂળ ગુજરાતના આ વીર સપૂતની રગોમાં વહેતા ગુજરાતી લોહીએ શૌર્ય અને ખુમારીનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આજે સોમનાથ મહાદેવના અનેક ભક્તો પણ તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. અને સોમનાથ મંદિરમાં આ માટે ખાસ પ્રાર્થના યોજાઈ છે. પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને હૃદયપૂર્વકની પ્રાર્થના કરાઈ કે, તેઓ વહેલી તકે પૂર્ણ સ્વસ્થ થઈ જાય.ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ઉંબા ગામના ઓમનાથ મંદિર તથા સુત્રાપાડા તાલુકાના પ્રાંચી તીર્થ તથા ગીરગઢડા તાલુકાના દ્રોણેશ્વર મંદિર અને તુલસી શ્યામ મંદિર વિગેરે મંદિરોમાં પણ કેપ્ટન સ્મિત ઝડપથી સંપૂર્ણ સ્વસ્થ થાય તે માટે ખાસ પ્રાર્થનાઓ કરવામાં આવી હતી.

# ચોટીલાના ચીરોડા ગામે રૂ.૪.૨૪ લાખના દારૂ સાથે હરેશ ખીચડીયા ઝડપાયો

## સ્થાનિક પોલીસે વાડીમાં દરોડો પાડી રહેણાંકમાં છૂપાવેલો ૧૮૬૯ બોટલ દારૂ કબ્જે કર્યો: બુટલેગરની શોધખોળ

**અબતક, રણજીતસિંહ ધાધલ**
**ચોટીલા**

રાજકોટ - અમદાવાદ ધોરીમાર્ગ પર આવેલા ચોટીલા નજીક ચીરોડા (ભાદર) ગામની સીમમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી વાડીની ઓરડીમાં છૂપાવેલો ૧૮૬૯ બોટલ વિદેશી દારૂ સાથે ખેડૂત હરેશ ખીચડીયાની ધરપકડ કરી દારૂના મૂળ સુધી પહોંચવા તપાસનો પોલીસ દ્વારા ધમધમાટ આદરવામાં આવી રહ્યો છે.



વધુ વિગત મુજબ સુરેન્દ્રનગર પંથકમાં વિદેશી દારૂ અને જુગારની બદીને ડામી દેવા જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ આપેલી સૂચનાને પગલે ચોટીલા પોલીસ મથકના પીઆઇ જે.એમ.સોલંકી સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ચીરોડા ગામે રહેતો હરેશ ગેલા ખીચડીયા નામના શખ્સે પોતાની વાડીમાં વિદેશી દારૂનો જથ્થો છૂપાવ્યો હોવાની પોલીસને મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ કેહાભાઈ મકવાણા, દિલીપભાઈ માલકીયા અને વિહાભાઈ મેણીયા સહિતના સ્ટાફે દરોડો પાડી વાડીમાં આવેલી ઓરડીમાં છૂપાવેલો રૂા.૪.૨૪ લાખની કિંમતના ૧૮૬૯ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે ખેડૂત હરેશ ખીચડીયાની ધરપકડ કરી હતી. પોલીસે ઝડપાયેલ શખ્સ હરેશ ખીચડીયા આ દારૂનો જથ્થો કોની પાસેથી લાવ્યો અને કોને આપવાનો હતો? તે મુદ્દે પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ આદરવામાં આવી રહ્યો છે.

# કાઠિયાવાડી ઘોડાના સંવર્ધન માટે ભાવના કારિયાનું દિલ્હી ખાતે ડિશા એક્સેલન્સ એવોર્ડ્થી સન્માન

## સ્વદેશી અશ્વ જાતિઓના સંવર્ધન સાથે તેમની જાળવણી અને તાલીમમાં મહત્વનો ફાળો

**અબતક, રાજકોટ**

જામનગરના ઘોડાપ્રેમી અને દેશી અશ્વ જાતિના સંવર્ધન ક્ષેત્રે કાર્યરત ભાવના કારિયાને કાઠિયાવાડી ઘોડાની જાતિના સંરક્ષણ, સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે દિલ્હી ખાતે 'ડિશા એક્સેલન્સ એવોર્ડ્સ-૨૦૨૬'માં વિશેષ સન્માન મળ્યું છે.દિલ્હી સ્થિત ડિશા એનસીઆર દ્વારા આયોજિત એવોર્ડ સમારોહમાં ભાવના કારિયાને 'સ્પેશિયલ રેકગ્નિશન ઈન પ્રમોટિંગ ધ કાઠિયાવાડી હોર્સ બ્રીડ' કેટેગરીમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.




ભાવના કારિયા લાંબા સમયથી ભારતની સ્વદેશી અશ્વ જાતિઓ, ખાસ કરીને કાઠિયાવાડી અને મારવાડી ઘોડાની જાતિના સંરક્ષણ, જવાબદાર સંવર્ધન અને ઘોડા કલ્યાણ માટે કાર્યરત છે. તેઓ પતિ મિલન કારિયા સાથે 'રાજાલ સ્ટડ ફાર્મ'નું સંચાલન કરે છે, જ્યાં સ્વદેશી અશ્વ જાતિઓના સંવર્ધન સાથે તેમની જાળવણી, તાલીમ અને કલ્યાણને મહત્વ આપવામાં આવે છે.આ ઉપરાંત ભાવના કારિયા દ્વારા શરૂ કરાયેલા 'ઈન્ડિજિનસ હોર્સ મીડિયા'ના માધ્યમથી ઘોડાની સંભાળ, કલ્યાણ, જવાબદાર સવારી તેમજ સ્વદેશી અશ્વ જાતિઓના મહત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવે છે.

ભાવના કારિયા માટે કાઠિયાવાડી ઘોડો માત્ર અશ્વ જાતિ નહીં પરંતુ ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઓળખનો મહત્વપૂર્ણ હિસ્સો છે. કાઠિયાવાડી જાતિની મૂળ વિશેષતાઓ જળવાઈ રહે અને નવી પેઢી આ અમૂલ્ય અશ્વ વારસાથી પરિચિત બને તે દિશામાં તેઓ સતત કામગીરી કરી રહ્યા છે.

સન્માન અંગે ભાવના કારિયાએ જણાવ્યું હતું કે, આ સન્માન મારા માટે વ્યક્તિગત ઉપલબ્ધિ કરતાં પણ કાઠિયાવાડી ઘોડાની જાતિ માટેનું સન્માન છે. ગુજરાતની આ અમૂલ્ય અશ્વ ધરોહરને સાચવી રાખવા અને આવનારી પેઢી સુધી પહોંચાડવા માટે મારું કાર્ય સતત ચાલુ રહેશે.જામનગરથી કાઠિયાવાડી ઘોડાની સંવર્ધન અને જાગૃતિ માટે થઈ રહેલા પ્રયાસોને દિલ્હી ખાતે મળેલું આ સન્માન રાષ્ટ્રીય સ્તરે મળેલી મહત્વપૂર્ણ ઓળખ તરીકે સામે આવ્યું છે.

# જામજોધપુર: ટી.બી.ના દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરાયું

**અબતક, ભરત ગોહિલ**
**જામજોધપુર**



જામજોધપુર તાલુકા હેલ્થ ઓફિસર ખાતે ટી.બી મુકત ભારત અભિયાન અંતર્ગત ટી.બીની સારવાર લઈ રહેલા દર્દીઓને પોષણ સહાય કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

શરીરની રોગપ્રતિકારક શક્તિ માં ઘટાડો થવાને કારણે ટી.બી રોગ થવાની સંભાવના વધી જાય છે.* *જો સમયસર ટી.બી ની દવા અને પૂરતા પ્રમાણમાં પ્રોટિન અને વિટામિન મળે તો ટી.બી રોગ નાબૂદ વહેલી તકે થઈ શકે તેમ છે. તેથી આપણા જિલ્લામાં નામાંકિત નયારા એનર્જી દ્વારા જરૂરીયાતમંદ ટીબી ના દર્દીઓને સહ પ્રમાણસર પોષણ મળી રહે તેવા શુભહેતુથી નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલ પોષણયુક્ત રાશન કીટનું જામનગર જિલ્લાના જામજોધપુર ટી.બીની સારવાર હેઠળના દર્દીઓને નયારા એનર્જી દ્વારા પોષણ કીટ વિતરણ કરવામાં આવી હતી. જેથી દર્દીઓને સમયસર પૂરતું પોષણ મળી શકે.. ટીબીના દર્દીઓને ટીબી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ અને આ કિટમા બાસમતી ચોખા, મલ્ટીગ્રેન આટા, મગની દાળ, દેશી ચણા, મગફળીનું તેલ, ગોળ અને ઘી જેવી બ્રાન્ડેડ વસ્તુની રાશન કિટ તૈયાર કરી ને દર્દીઓને વિતરણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

વન મહોત્સવમાં મુખ્યમંત્રીની મહત્વપૂર્ણ જાહેરાત

# બરડા ડુંગરે સિંહની 'જગ્યા' કરી આપનાર માલધારીઓને રૂ.૧૫ લાખ અને ૧૦૦ ચો.વા. જમીન ફાળવાશે

## સ્થળાંતરિત થનારા માલધારી પરિવારોને રાજ્ય સરકારની યોજનામાં આવાસ માટે ૧૦૦ ચોરસ વારના પ્લોટ વિનામૂલ્યે અપાશે

**અબતક, રાજકોટ**

પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનો ૧૯૨.૩૧ ચોરસ કિલોમીટર વિસ્તાર બરડા અભયારણ્ય એશિયાઈ સિંહોના બીજા રહેઠાણ તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વન્ય પ્રાણી સંરક્ષણ અને સિંહની સુરક્ષા માટે તથા માનવ-વન્ય પ્રાણી ઘર્ષણ અટકાવવા ઉપરાંત બરડા અભયારણ્યના માલધારી પરિવારોને શિક્ષણ, આરોગ્ય અને રોજગારી જેવી સુવિધાઓ સાથે વિકાસના કામોનો લાભ આપી મુખ્યધારામાં જોડવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં બરડા અભયારણ્યના માલધારીઓને સ્વૈચ્છિક રીતે અભયારણ્ય બહાર વસાવવાની યોજનાની જાહેરાત ૭૭માં વન મહોત્સવ અન્વયે પોરબંદરમાં કરી છે. આ યોજના અનુસાર નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરીટીની ગાઈડલાઈન મુજબ લાભાર્થીઓને કુટુંબ દીઠ રૂ.૧૫ લાખની સમગ્ર રકમ એક સાથે ચુકવવામાં આવશે અને સ્વૈચ્છિક સ્થળાંતર બાદ તેઓના બરડા વિસ્તારમાં અન્ય કોઈ હક્કહિત માન્ય રહેશે નહિ. ઉપરાંત આ અંગે અન્ય કોઈ વધારાની રકમ ચૂકવવાપાત્ર રહેશે નહિ.મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું છે કે, સ્થળાંતરિત થનારા કુટુંબ દીઠ રાજ્ય સરકારની યોજના મુજબ રહેઠાણ માટે નિયમોનુસાર ૧૦૦ ચોરસ વારના પ્લોટની વિના મુલ્યે ફાળવણી કરવા માટે સબંધિત કલેકટર/ જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા અભયારણ્ય અને ઈકો સેન્સેટીવ ઝોનની હદ બહાર અને મહાનગરપાલિકાની હદથી ૧૦ કિ.મી. અને નગરપાલિકાની હદથી ૫ (પાંચ) કિ.મી. બહારના વિસ્તારમાં કોઈ પણ ગામની બાજુમાં જમીન વિનામુલ્યે આપી શકાશે.એટલું જ નહિં જે કુટુંબ પાસે માલઢોર હોય તો માલઢોર માટે તેઓની માંગણી મુજબ ૧૦૦ ચોરસ વાર સુધીના પ્લોટ બજાર કિંમત મુજબ આ પ્લોટની રકમ તેઓને આપવાના થતાં રૂ.૧૫ લાખની સહાયમાંથી બાદ કરી બાકીની રકમની ચુકવણી કરવામાં આવશે.  આ સમગ્ર યોજનાના અમલીકરણની સમીક્ષા અને માર્ગદર્શન માટે રાજયકક્ષાની સમિતિની રચના વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવની અધ્યક્ષ સ્થાને કરવામાં આવી છે. તેમાં અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન અને સમાજ કલ્યાણ વિભાગના નિયામકનો સભ્ય તરીકે અને વન સંરક્ષક, વન્યજીવ વર્તુળ, જુનાગઢની સભ્ય સચિવ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.





આ ઉપરાંત જિલ્લા કક્ષાએ યોજનાના અમલીકરણ અને કુટૂંબની સંખ્યાની જાણકારી મેળવવા તેમજ આ બાબતે જરૂરી આધાર પુરાવાની ચકાસણી માટે અને સ્થળાંતર કરવાના થતાં કુટૂંબની વિગતો નક્કી કરવા માટે સંબંધિત જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. તેમાં સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી, સંબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારી, સંબંધિત કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલની સભ્ય તરીકે તથા સંબંધિત નાયબ વન સંરક્ષકની સભ્ય સચિવ તરીકે કાર્ય કરશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં રાજ્ય સરકારે જાહેર કરેલી આ યોજના અન્વયે માલધારીઓના સ્વૈચ્છિક સ્થળાંતર થવાથી બરડા અભયારણ્યનો મોટો ભાગ વન્યજીવસૃષ્ટિ માટે ખુલ્લો થશે અને આ વિસ્તાર માનવ અતિક્રમણથી થતાં બાયોટીક પ્રેશરથી મુકત થશે. સ્થળાંતરિત થનારા કુટુંબો સમાજ જીવનની મુખ્ય ધારાઓમાં જોડાશે અને તેમને વધુ સારા જીવન નિર્વાહ, શિક્ષણ સ્વાસ્થ્ય અને રોજગારની ઉજવળ તકો ઉપલબ્ધ થવાના કારણે તેમની જીવનશૈલીમા સકારાત્મક/આમૂલ પરિવર્તન પણ આવશે.

# રૂ.૧૭.૫૩ કરોડના ચાર વિકાસકામોનું ખાતમુહૂર્ત કરતા મંત્રી દર્શનાબેન વાઘેલા

## સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ટાઉનહોલ ખાતે કાર્યક્રમ માં કલેકટર પી.બી. પંડ્યા, કમિશનર દીપેશ કેડિયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી, સહિતના ઉપસ્થિત રહ્યાં

### ઐતિહાસિક ભુજિયા કોઠાની પણ મુલાકાત



જામનગરની મુલાકાત દરમિયાન રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલાએ ઐતિહાસિક ભુજિયા કોઠાની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત રણમલ તળાવ અને ખંભાળિયા ગેઈટની ઐતિહાસિક વિશેષતાઓ અંગે પણ માહિતી મેળવી હતી.મંત્રીએ શહેરમાં ચાલી રહેલા વિવિધ વિકાસકામોની પ્રગતિ અંગે અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી. જામનગરની ઐતિહાસિક ઓળખ અને સાંસ્કૃતિક વારસાનું જતન થાય તેની સાથે આધુનિક સુવિધાઓનો વિકાસ કરી શહેરનો સંતુલિત વિકાસ થાય તે દિશામાં કામગીરી કરવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું.



જામનગર મહાનગર પાલિકાના સફાઈ કર્મચારીઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય અંતર્ગત ૫૫ સફાઈ કામદારોને કાયમી નિમણૂકના આદેશ એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે અન્ય ૨૦૦ સફાઈ કામદારોને અવેજી ઓર્ડર આપવામાં આવ્યા હતા. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ટાઉનહોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલાના હસ્તે આ આદેશો એનાયત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે મંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, સફાઈ કર્મચારીઓને કાયમી નિમણૂક મળવી તેમના જીવનમાં સ્થિરતા અને સુરક્ષાની નવી શરૂઆત છે. અવેજી તરીકે સફાઈ કામગીરી કરતા કર્મચારીઓ કાયમી નોકરીની આશા સાથે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હોય છે. ૫૫ સફાઈ કર્મચારીઓને કાયમી નિમણૂકના આદેશ મળતાં તેમના પરિવારોમાં દિવાળી જેવો આનંદ છવાયો છે.

ટાઉનહોલ ખાતેના કાર્યક્રમ દરમિયાન જામનગર મહાનગરપાલિકા અને જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના કુલ રૂ. ૧૭.૫૩ કરોડના ચાર વિકાસકામોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.જેમાં વોર્ડ નં. ૧૧ની ટી.પી. સ્કીમ નં. ૬માં રૂ. ૧.૧૧ કરોડના ખર્ચે સીસી રોડ, વોર્ડ નં. ૧૧ના હાપા વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૨માં રૂ. ૧.૦૭ કરોડના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટરનું મકાન, વોર્ડ નં. ૧૨ના ઘાંચીવાડ વિસ્તારમાં રૂ. ૧.૬૧ કરોડના ખર્ચે અર્બન હેલ્થ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું.

### રણમલ તળાવ-૩ ખાતે સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન



બીજી તરફ, રણમલ તળાવ-૩ ખાતે યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં પણ મંત્રી દર્શનાબેન વાઘેલા સહભાગી થયા હતા. 'એક દિન, એક ઘંટા, એક સાથ'ના સંકલ્પ સાથે મંત્રી સહિતના મહાનુભાવોએ શ્રમદાન કરી સ્વચ્છતા અંગે જનભાગીદારીનો સંદેશ આપ્યો હતો.

# કાલાવડ પંથકના ખેડુતોને વ્યાજે નાણા આપી જમીન પડાવી લેવા પ્રયાસ : અલ્પેશ દોંગા સહિત ૭ સામે ફરિયાદ

## નિકાવા અને હરીપર (ખંઢેરા)ના વૃદ્ધ સહિત બેને રૂા. ૩૩ લાખના રૂા. ૧.૪૧ કરોડ વસુલ્યા

કાલાવડ પંથકમાં નાણાંની જરૂરિયાત ધરાવતા ખેડૂતોને વ્યાજે રકમ આપી તેમની ખેતીની જમીનના દસ્તાવેજો કરાવી લીધા હોવાના આક્ષેપ સાથે રાજકોટના અલ્પેશ દોંગા સહિતના શખ્સો સામે બે અલગ-અલગ ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે. એક કિસ્સામાં રૂ.૨૦ લાખના ધિરાણ સામે ખેડૂત પાસેથી રૂ.૧.૨૫ કરોડ જેટલી રકમ પડાવી લીધાનો અને બીજી ફરિયાદમાં રૂ.૧૩ લાખ સામે રૂ.૧૬.૮૭ લાખ ચૂકવ્યા હોવા છતાં જમીનના દસ્તાવેજો પરત નહીં કર્યાના ધગધગતા આક્ષેપ લાગતા ખળભળાટ મચી ગયો છે.

કાલાવડ તાલુકાના નિકાવા-પીપર રોડ પર ખોડિયાર માતાજીના મંદિર નજીક રહેતા ખેડૂત પરેશભાઈ વલ્લભભાઈ સોજીત્રાએ આર્થિક જરૂરિયાતના સમયે રાજકોટના અલ્પેશ દોંગાએ તેમને ખેતીની લોનના નામે રૂ.૨૦ લાખ આપ્યા હતા. તેના બદલામાં માસિક ૨.૫ ટકા વ્યાજ નક્કી કરવામાં આવ્યું હતું. બાદમાં સિક્યુરિટી તરીકે જમીનના દસ્તાવેજો કરાવવાના બહાને તેમની ૧૪ વીઘા જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. અક્ષિત પટેલે વ્યાજ પેટે રૂ.૫૦ હજાર લીધા હતા. જમીન પરત કરવાના નામે વાઘુ વીરા ડાંગર મારફતે અલગ-અલગ ચેકથી રૂ.૬૩.૪૦ લાખ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત રૂ.૬૧.૬૦ લાખ રોકડ રકમ રણજીતને આપવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. રૂ.૨૦ લાખની મૂળ રકમ સામે કુલ રૂ.૧.૨૫ કરોડ જેટલી રકમ વસૂલવા છતાં જમીનના દસ્તાવેજો પરત નહીં કરી છેતરપિંડી, ધાકધમકી અને બળજબરીથી નાણાં પડાવ્યાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આ મામલે અલ્પેશ દોંગા, આકાશ ડાંગર સહિત પાંચ સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં હરીપર (ખંઢેરા) ગામના ૬૬ વર્ષીય જમનભાઈ ઘનાભાઈ વસોયાની ફરિયાદ સામે આવી છે. ફરિયાદ મુજબ તેમના પુત્રને ધંધાકીય જરૂરિયાત માટે નાણાંની જરૂર પડતાં રાજકોટના અલ્પેશ દોંગાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. અલ્પેશે રૂ.૧૩ લાખ માસિક ૨.૭૫ ટકા વ્યાજે આપવાની વાત કરી હતી. તેના બદલામાં હરીપર-ખંઢેરા ગામની ખેતીની જમીનના બે વેચાણ દસ્તાવેજ ધર્મેન્દ્રભાઈ ઠેસીયા અને નાગજીભાઈ નસીતના નામે કરાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. રૂ.૧૩ લાખ લીધા બાદ માસિક રૂ.૩૫,૨૦૦ના હિસાબે વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું અને કુલ રૂ.૩.૮૭ લાખ વ્યાજ ચૂકવ્યા બાદ ફરિયાદી મૂળ રકમ રૂ.૧૩ લાખ પરત આપવા રાજકોટ ગયા હતા. દસ્તાવેજો રદ કરવામાં આવ્યા ન હતા. ઉપરાંત જમીન ખાલી કરવા તથા લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ કરવાની ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. આમ, રૂ.૧૩ લાખના ધિરાણ સામે રૂ.૧૬.૮૭ લાખ ચૂકવવા છતાં જમીનના દસ્તાવેજો પરત નહીં કરી જમીન પોતાના નામે રાખવાના પ્રયાસનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

# જિલ્લા પંચાયતની મુલાકાતે બેડેશ્વર શાળા નં. ૫૫ના વિદ્યાર્થીઓએ વિવિધ શાખાઓની કામગીરી નિહાળી

## સરસ મેળા'ની મુલાકાત લઈ 'વોકલ ફોર લોકલ'નો સંદેશ મેળવ્યો



'બેક ટૂ સ્કૂલ' પ્રોજેક્ટ અંતર્ગત બેડેશ્વર, ધરારનગર-૧ સ્થિત શાળા નં. ૫૫ના ધોરણ ૫થી ૮ના ૬૧ વિદ્યાર્થીઓએ જિલ્લા પંચાયત કચેરીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ વેક્સીન સ્ટોર, મેડિસીન સ્ટોર, આઈસીડીએસ અને જન્મ-મરણ શાખાની કામગીરીની પ્રત્યક્ષ માહિતી મેળવી હતી.આઈસીડીએસ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને આંગણવાડી, પોષણ અને સમતોલ આહાર અંગે સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.મુલાકાતના અંતે વિદ્યાર્થીઓએ 'સરસ મેળા'ની મુલાકાત લઈ સ્થાનિક ઉત્પાદનો અંગે માહિતી મેળવી હતી. આ દરમિયાન તેમને 'વોકલ ફોર લોકલ'નો સંદેશ આપવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી નિશાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી મુલાકાત બદલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ જિલ્લા પંચાયત તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભાનુશાળી વાડમાં જર્જરિત મકાનની છત ધરાશાયી દંપતી સહિત વૃદ્ધ મહિલાનો ચમત્કારિક બચાવ

### સામાન્ય ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા



જામનગર શહેરમાં ખીજડા મંદિર નજીક આવેલી ભાનુશાળી વાડની શેરી નંબર-૫માં ગુરુવારે એક જૂનવાણી અને જર્જરિત મકાનની છત અચાનક ધડાકાભેર ધરાશાયી થતાં અફડાતફડી મચી ગઈ હતી.મળતી વિગતો મુજબ, મકાનમાં કનૈયાલાલ ખંધાણી, તેમના પત્ની ઈલાબેન તેમજ વૃદ્ધ અફસાનાબેન હાજર હતા. દરમિયાન અચાનક છતનો મોટો હિસ્સો ભારે ધડાકા સાથે નીચે તૂટી પડ્યો હતો. ઘટનાના પગલે ઘરમાં હાજર લોકોમાં ગભરાટ ફેલાયો હતો.છત ધરાશાયી થતાં ત્રણેયને સામાન્ય ઈજાઓ પહોંચતા આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી અને દંપતી સહિત વૃદ્ધ મહિલાનો ચમત્કારિક બચાવ થયો હતો.

# સતત ત્રીજા દિવસે હાલારમાં ખનન માફીયા પર તંત્રની સર્જીકલ સ્ટ્રાઈક

## લાલપુર ઝાંખર અને પડાણામાં ખાણખનિજ વિભાગની તવાઈઃ ત્રણ ડમ્પર મળી રૂ.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કબ્જે



જામનગર જિલ્લામાં ખનીજચોરી અને બિનઅધિકૃત ખનિજ વહન સામે ખાણખનિજ વિભાગ દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી આજે ઝાંખર પાટીયાથી પડાણા રોડ પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.તપાસ દરમિયાન બ્લેકટ્રેપ ખનિજનું વહન કરતા કુલ ત્રણ ડમ્પર અટકાવવામાં આવ્યા હતા. જેમાં એક ડમ્પર બિનઅધિકૃત રીતે બ્લેકટ્રેપ ખનિજનું વહન કરતું હોવાનું સામે આવ્યું હતું. જ્યારે અન્ય બે ડમ્પરમાં રોયલ્ટી પાસમાં દર્શાવેલી મર્યાદા કરતાં વધુ જથ્થામાં ખનિજ એટલે કે ઓવરલોડ વહન કરવામાં આવતું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

ખાણખનિજ વિભાગની ટીમે ત્રણેય ડમ્પર કબજે કરી આશરે રૂ.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જપ્ત કરાયેલા વાહનો તથા મુદ્દામાલનો કબજો રાજશ્રી સ્ટોન ક્રશર ખાતે સોંપવામાં આવ્યો હતો. આ મામલે ખાણખનિજ વિભાગ, જામનગર દ્વારા નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ કાર્યવાહી ખાણખનિજ વિભાગની ટીમના નિખીલભાઈ અને નૈતિકભાઈ દ્વારા હાથ ધરવામાં આવી હતી. જિલ્લામાં ખનિજના બિનઅધિકૃત વહન અને ઓવરલોડિંગ સામે વિભાગની સતત કાર્યવાહીથી ખનીજચોરોમાં ફફડાટ ફેલાયો છે.

ગુજરાત સરકાર



# ૨ ઓક્ટોબર
# ગાંધી જયંતી

પૂજ્ય મહાત્મા ગાંધીજીની
જન્મ જયંતીના અવસરે
**સર્વધર્મ પ્રાર્થના સભા**

**: ગરિમામયી ઉપસ્થિતિ :**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**તારીખઃ** ૨ ઓક્ટોબર, ૨૦૨૬, શુક્રવાર
**સમયઃ** સવારે ૮-૦૦ વાગે
**સ્થળઃ** મહાત્મા ગાંધી જન્મ સ્થળ, કીર્તિમંદિર, પોરબંદર

## સ્વદેશી વ્રત
## આ યુગનું **મહાવ્રત** છે
- મહાત્મા ગાંધી

**મહાત્મા ગાંધીજીને જન્મ જયંતી નિમિત્તે શત્ શત્ નમન**



"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- **નરેન્દ્રભાઇ મોદી**, વડાપ્રધાન







**સ્વચ્છતા અને સ્વદેશી અપનાવીએ**

સ્વચ્છતા અને સ્વદેશીનો સંકલ્પ એ માત્ર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ **'આત્મનિર્ભર ગુજરાત'** અને **'વિકસિત ભારત'** ના નિર્માણનો સૌથી મજબૂત પાયો છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

### પશ્ચિમ કચ્છ એલસીબીને મળી સફળતા, આંતરરાજ્ય ચડ્ડીધારી ગેંગ ઝબ્બે

# ગુગલ મેપથી પોશ વિસ્તારમાં દિવસે રેકી, રાત્રે ચોરી કરતા એમપીના પાંચ શખ્સો ઝડપાયા

## વડોદરા, ભાવનગર, અમરેલી, અમદાવાદ, કર્ણાટક, રાજસ્થાનમાં ગુનાઓમાં સંડોવણી ખુલી



**અબતક, નવીનગીરી ગોસ્વામી ભુજ**

પશ્ચિમ કચ્છ-ભુજ લોકલ ક્રાઈમ બ્રાન્ચએ આંતરરાજ્ય સ્તરે ઘરફોડ ચોરીઓને અંજામ આપતી મધ્યપ્રદેશના ધાર જિલ્લાની કુખ્યાત ચડ્ડીધારી ગેંગનો પર્દાફાશ કરી મોટી સફળતા મેળવી છે. પોલીસે ૧૦ હજારના ઈનામી સરગના સહિત ગેંગના પાંચ રીઢા આરોપીઓને અર્ટીગા કાર સાથે ઝડપી પાડ્યા છે.લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડેલા આરોપીઓમાં મુખ્ય માનસિંહ ઉર્ફે માનીયો બાયસિંહ મોહનિયા જે રહેવાસી ધાર, મધ્યપ્રદેશનો છે. તેની સામે ૧૦ હજારના ઈનામની જાહેરાત

## વાયોર, કોઠારા, નલીયા, પદ્ધર, માધાપર, માંડવી સહિત અનેક ઠેકાણે ચોરીઓની કબૂલાત અને મુદ્દામાલ સોની વેપારીને વેચતા હોવાનો ઘટસ્ફોટ

પણ કરવામાં આવી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. ઉપરાંત બીજો આરોપી દિનેશ ભેરુલાલ ચૌહાણ ચમાર, ત્રીજો આરોપી સ્વરૂપસિંહ ભંગુસિંહ અલાબા, ચોથો આરોપી શકરુબનસિંહ આમલીયારા અને પાંચમો આરોપી મોહબત ઈડુ મંડલોઈ તમામ રહેવાસી ધાર, મધ્યપ્રદેશ વાળાઓને ઝડપી પાડવામાં આવ્યા છે. તપાસમાં આરોપીઓની સંડોવણી કચ્છ જિલ્લાના વાયોર, કોઠારા, નલીયા, પદ્ધર, માધાપર અને માંડવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીઓમાં સામે આવી છે.આ ઉપરાંત ગુજરાતના વડોદરા, નડિયાદ રોડ, ભાવનગર, અમરેલીના ચિતલ અને અમદાવાદ સાયન્સ સિટી ખાતે થયેલી ચોરીઓ તે અન્ય કર્ણાટકના હબલી, મધ્યપ્રદેશના છિંદવાડા અને રાજસ્થાનના કોટા ચાંદીના દાગીના અને રોકડની ચોરીમાં પણ આરોપીઓની સંડોવણી ખુલ્લી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.ચોરીનો મુદ્દામાલ મધ્યપ્રદેશના સોની વેપારીઓ સંજય આમલીયારા અને ગૌરાંગ જૈનને વેચતા હોવાની 'વિગતો પણ પોલીસ તપાસમ આવી છે. આ દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ પૂછપરછ દરમિયાન ગેંગની ચોરી કરવાની અનોખી પદ્ધતિ પણ સામે આવી છે. ગેંગના સભ્યો મધ્યપ્રદેશથી અલગ અલગ વાહનોમાં નીકળી હાઈવે નજીક આવેલી પોશ સોસાયટીઓ અને ફેક્ટરી ક્વાર્ટરોને Google Maps પર શોધી ટાર્ગેટ કરતા હતા.દિવસ દરમિયાન સ્થળની રેકી કર્યા બાદ રાત્રે નજીકની ઝાડીઓમાં સંતાઈ રહેતા અને યોગ્ય તક મળ્યા બાદ ચોરીને અંજામ આપ્યો હતો.

### ચડ્ડી પહેરી આખા શરીર તેલ લગાવી ગુનાને અંજામ આપતી ટોળકી

ચોરી કરવા જતા આરોપીઓ મોઢે રૂમાલ બાંધતા અને શરીરે માત્ર ચડ્ડી પહેરી આખા શરીર પર તેલ લગાવતા હતા. કોઈ વ્યકિ પકડવાનો પ્રયાસ કરે તો તેલના કારણે હાથમાંથી લપસીને ભાગી શકાય તેવી તેમની રીત હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ જાગી જાય અથવા સામનો કરે તો આરોપીઓ પાસે રહેલા લોખંડના ગણેશિયા વડે હુમલો કરતા હોવાની પણ વિગતો સામે આવી છે.

# ધ્રાંગધ્રા નજીક કારમાંથી ૨૧૬૦ બોટલ દારૂ સાથે રાજસ્થાની ઝડપાયો

## એલસીબીએ દરોડો પાડી શરાબ અને વાહન મળી રૂ.૯.૯૨ લાખનો મુદામાલ કબ્જે: બુટલેગર સહિત બેની શોધખોળ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રોહિબિશન અને જુગાર જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ દ્વારા આપેલી કડક સૂચનાના પગલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ સક્રિય બની છે આ ઝુંબેશ દરમિયાન કઈઈના હેડ કોન્સ્ટેબલ પ્રતાપસિંહ રાઠોડને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે કોંઢ ગામથી રતનપર તરફ જવાના રસ્તા પર વોચ ગોઠવી હતી. દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી ક્રેટા કારને આંતરી તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂના ચપલા નંગ-૨૧૬૦ (કિંમત રૂ. ૩,૯૨,૪૦૦) મળી આવ્યા હતા પોલીસે રૂ. ૬ લાખની કિંમતની ક્રેટા કાર તથા વિદેશી દારૂ મળી કુલ રૂ. ૯,૯૨,૪૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરી રાજસ્થાનના જાલોર જિલ્લાના સાંચોર તાલુકાના રહેવાસી સુનીલકુમાર ભગવાનરામ સાહુ નામના શખ્સને ઝડપી લીધો હતો. પ્રાથમિક તપાસમાં માલ મોકલનાર તરીકે જાલોરના દિનેશભાઈ હીરાલાલ ખીસડ તથા માલ મંગાવનાર સ્થાનિક અજાણ્યા શખ્સની શોધકોળ હાથ ધરી છે.

# દેવધરી ગામે સરકારી શાળાના બાંધકામનો કોન્ટ્રાકટ અમને આપી દેજોઃ કોન્ટ્રાકટરને ધમકી

## બાંધકામ સાઈટ પર થાર કાર લઈને ધસી ગયેલા શખ્સે કામ બંધ કરાવી ખૂનની ધમકી આપીઃ ખાચર બંધુઓ સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

વિંછીયા તાલુકાના દેવધરી ગામે સરકારી શાળાનું બાંધકામ કરતા કોન્ટ્રાકટરને કામ બંધ કરી દેજો અને બાંધકામનો કોન્ટ્રાકટ મને આપી દેજો કહી ખાચર બંધુઓએ ખૂનની ધમકી આપી હતી. જેથી સરકારી કામમાં અવરોધ ઉભી કરી ધમકી આપનાર ખાચર બંધુઓ સામે કોન્ટ્રાકટરે વિંછીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સુરતના સરથાણા રોડ પર નિર્મળનગર સોસાયટીમાં રહેતા ૩૭ વર્ષીય બાંધકામના ધંધાર્થી અલ્પેશભાઈ હરજીભાઈ વઘાસીયાએ આરોપી તરીકે અનિરુદ્ધ વલકુભાઈ ખાચર અને પ્રતાપ વલકુભાઈ ખાચર (રહે. આંકડીયા, વિંછીયા)નું નામ આપી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું સી.આર. ઈન્ફ્રા નામે કંટ્રકશન પેઢી છે. રાજકોટ જીલ્લાના દેવધરી ગામે સરકારી સ્કુલના બાંધકામનો કોન્ટ્રાકટ રાખેલ હોય જેનુ બાંધકામ હાલ ચાલુ છે.

ફરિયાદીએ જણાવ્યુ હતું કે, ગઈ તા. ૨૭/૦૯/૨૦૨૬ ના રોજ સવારે આઠ વાગ્યે હું તથા અમારા સાઈટ ઈન્ચાર્જ વિનુભાઈ ભનાભાઈ કયાડા (રહે.રાજકોટ) બન્ને રાજકોટ જીલ્લાના દેવધરી ગામે સરકારી સ્કુલનું બાંધકામ ચાલુ હોય સવારે દસ વાગ્યે વિજીટ અર્થે ગયેલ હતા. બપોરના આશરે એક વાગ્યે એક કાળા કલરની થાર ગાડી જેના રજી.નંબર જીજે૨૩સીજે૦૧૧૧ લઈને એક વ્યક્તિ આવેલ અને મને કહેલ તમે કોને પુછીને આ કામ ચાલુ કરાવેલ? તો મેં કહેલ કે આ સરકારી કોન્ટ્રાક્ટ છે. જેથી તેણે કહેલ કે, કામ બંધ કરી દો અને ટેન્ડર મને આપી દો. પછી મેં તેમનુ નામ પુછતા તેણે પોતાની ઓળખ અનીરૂધ્ધભાઈ વલકુભાઈ ખાચર તરીકે આપી મને કહેલ કે, તમે જસદણ આવીને મને ફોન કરજો, તમને મારો મારો ભાઈ પ્રતાપભાઈ ખાચર આવીને મળી જાશે અને તમે તેની સાથે ટેન્ડર વિશે વાત કરી લેજો. જેથી મે કહેલ કે, આ સરકારી સ્કુલનુ કામકાજ છે, બંધ નહીં થાય. જે સાંભળી અનીરૂધ્ધભાઈ ઉશ્કેરાઈ ગયેલ અને જેમ ફાવે તેમ બોલવા લાગેલ હતો. જેથી મેં તેમને બોલવાની ના પાડતા અનીરૂધ્ધએ મને કહેલ કે, આ કોન્ટ્રાક્ટ અમને નહિ આપો તો તમને જાનથી મારી નાંખીશુ તેમ કહી બળજબરીથી અમારો સરકારી કોન્ટ્રાકટ લઈ લેવાના ઈરાદે મને ગાળો આપી ગેરકાયદેસર અવરોધ ઉભો કરી કામ બંધ કરાવી જતા રહેલ હતો. ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતું કે, ઘટના બાદ મે જસદણ પહોંચી પ્રતાપભાઈ ખાચરણે ફોન કરતા તેણે ફોન ઉપાડ્યો ન હતો. જેથી હું રાજકોટ જતો રહેલ હતો. બપોરના આશરે સાડા ત્રણ વાગ્યે દેવધરી ગામે અમારા સાઈટ મેનેજર ખોડાભાઈ (રહે મોઢુકા)નો ફોન આવેલ કે અનીરૂધ્ધભાઈ આવીને સાઈટનુ કામ કાજ બંધ કરાવી દીધેલ છે. બાદ તા.૨૯/૦૯/૨૦૨૬ ના રોજ અનિરુદ્ધએ મને વોટ્સઅપ કોલ કરેલ હતો અને પ્રતાપભાઈ ખાચર સાથે મળવાનું નક્કી કરેલ હતું. જેથી હું પ્રતાપભાઈને જસદણની શિવશક્તિ સોસાયટી ખાતે મળેલ હતો. મને પ્રતાપભાઈએ કહેલ કે ), આ કોન્ટ્રાક્ટનુ કામ મને આપો. જેથી મેં ના પાડતા પ્રતાપભાઈ મને ગાળો દેવા લાગેલ હતા. જેથી હું તથા વિનુભાઈ બન્ને રાજકોટ જતા રહેલ હતા. ખાચર બંધુઓએ કોન્ટ્રાકટ આપી દેવાનું જણાવી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતાં સરકારી કોન્ટ્રાકટરે બંને શખ્સો સામે વિંછીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# ગોંડલમાં રહેતા કપડાંના વેપારીના ક્રેડિટ કાર્ડમાંથી સાયબર ચાંચિયાઓએ રૂ.૭૩ હજાર ઉઠાવી લીધા

## એકસીસ બેંકની એપ્લિકેશન ચાલુ કરવાનું જણાવી મોબાઈલ સ્ક્રીન શેર કરાવી કટકે કટકે નાણાં ટ્રાન્સફર કરી લીધાઃ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલમાં રહેતા કપડાંના વેપારીને ક્રેડિટ કાર્ડની એપ્લિકેશન ચાલુ કરવાનું જણાવી સાયબર ચાંચીયાઓએ મોબાઈલની સ્ક્રીન શેર કરાવી ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૭૩,૭૦૭ ઉપાડી લીધા હતા. જેથી યુવાને વોટ્સઅપ કોલ કરી એકસીસ બેંકના કર્મચારી તરીકે ઓળખ આપનાર શખ્સ સામે ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ગોંડલના નાગરકા રોડ પર આઈટીઆઈ પાછળ તિરૂમાલા ગોલ્ડ સોસાયટીમાં રહેતા ૩૨ વર્ષીય યુવાન વેપારી સાગરભાઈ જયરાજભાઈ સીંધવે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે એકસીસ બેંકના કર્મચારીની ઓળખ આપનાર અને વિડીયો કોલ કરનાર શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, હું સરધાર ગામે કપડા હાઉસ નામે કપડાની દુકાન ધરાવી વેપાર કરુ છું. એસબીઆઈ બેંક-કોટડાસાંગાણી શાખા અને બેંક ઓફ ઈન્ડિયા-સરધાર શાખા ખાતે હું બેંક એકાઉન્ટ ધરાવું છું અને મારી પાસે એકસીસ બેંકનું ક્રેડિટ કાર્ડ છે. વેપારીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૨૭/૦૯/૨૦૨૬ ના રોજ સાંજના આશરે પાંચ વાગ્યે હું મારા ઘરે હતો ત્યારે મને મારા મોબાઈલ નંબર પર +૯૧ ૭૯૭૦૯ ૫૪૫૨૨ ઉપરથી ફોન આવેલ અને સામાવાળાએ હિન્દી ભાષામાં જણાવેલ કે, તમે એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ વાપરો છો તે ક્રેડીડ કાર્ડની એપ્લીકેશન તમારા મોબાઈલમા ચાલુ કરવી હોય તો તમને તમારા મોબાઈલમા વોટસએપમા વિડીઓ કોલ કરીએ તે ઉપાડજો તેમ વાત કરી મારા મોબાઈલ નંબર પર +૯૧ ૭૭૦૯૧૧૧૬૦૩ ઉપરથી વોટસએપ વીડીઓ કોલ આવેલ હતો. જેમા સામે એક પુરુષે મારી સાથે ગુજરાતી ભાષામાં વાત કરીને અને મને મારા મોબાઈલ ફોનની સ્ક્રીન શેર કરવા જણાવેલ હતું. જેથી મે મારા મોબાઈલ ફોનની સ્ક્રીન શેર કરતા વીડીઓ કોલ કરનારે પોતાની ઓળખ બેંકના કસ્ટમર કેર ડીપાર્ટમેન્ટના કર્મચારી તરીકે આપીને વિશ્વાસમાં લઈ વિડીયો કોલમાં ૧૫ થી ૨૦ સેકન્ડ વાત કરી ફોન કાપી નાખેલ હતો. થોડી વાર બાદ મારા મોબાઈલ નંબર પર એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડના અલગ અલગ આશરે ૧૨ જેટલા ઓ.ટી.પી આવેલ હતા. બાદ મારા મોબાઈલ નંબર પર મારા ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૨૭,૬૨૧, રૂ. ૭,૧૯૮, રૂ. ૭,૧૯૮, રૂ. ૯૯૯, રૂ.૩૦,૬૯૦ રૂપીયાનુ ટ્રાન્ઝેક્શન થયાં અંગેના મેસેજ આવેલ હતા. જેથી મારા ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂ. ૭૩,૭૦૭ સાયબર ફ્રોડ કરનાર શખ્સે બારોબાર ઉઠાવી લીધાની જાણ થતાં વેપારીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર પર અરજી કરી ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

# ગોંડલના ભગવતપરામાં બીમારીથી કંટાળી વૃધ્ધનો એસિડ પી આપઘાત

## કીડની, માનસિકની તકલીફ હોવાથી જીવન ટૂંકાવ્યુંઃ પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક રાજકોટ**

ગોંડલ શહેરમાં ભગવતપરામાં રહેતા ૮૨ વર્ષીય વૃધ્ધે ગઈકાલે બીમારીથી કંટાળીને એસિડ પી જતા તાત્કાલિક સારવાર અર્થે ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા તબીબે મરણ જાહેર જાહેર કર્યા હતા ઘટનાની જાણ થતા ગોંડલ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ ગોંડલ શહેરમાં ભાગવતપરા માં રહેતા મનસુખભાઈ પરસોત્તમભાઈ વરુ ઉંમર વર્ષ ૮૨ વર્ષીય વૃદ્ધ ગઈકાલે સવારે દસ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતા ત્યારે બીમારીથી કંટાળીને એસિડ પી જતા તાત્કાલિક તેમને ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા જ વૃદ્ધે દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા ગોંડલ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકને માનસિક તેમજ કિડની ની બીમારી હોય અને ત્રણ ભાઈ માં મોટા અને સંતાનમાં બે પુત્ર,એક પુત્રી એ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે હેડ કોન્સ્ટેબલ વી આર વર્ણવીએ વધુ તપાસ હાથ ધરી છે

# સુરેન્દ્રનગરની મૂક-બધિર શાળામાં વિદ્યાર્થીઓનું શોષણ, પ્રાંત અધિકારી અને ટીમની તપાસમાં ચોંકાવનારો ખુલાસો

## નવા જંક્શનની માનવ સેવા સંઘ સંચાલિત શાળામાં બાળકોને માર મારી, ભૂખ્યા રાખી રાત્રે ૧૨ સુધી ઘરકામ કરાવાતું હોવાનો ખુલાસો,ગૃહમાતા સોનલબેન ચૌહાણની ધરપકડ



**અબતક ધનશ્યામ ભટ્ટી સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર નવા જંક્શન વિસ્તારમાં માનવ સેવા સંઘ સંચાલિત મૂક-બધિર શાળામાં વિદ્યાર્થીઓ સાથે ગેરવર્તન તેમજ શોષણ થતું હોવાની ફરિયાદોના પગલે તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં ગ્રાન્ટેડ શાળામાં ખાનગી માહિતીના આધારે વઢવાણ પ્રાંત અધિકારી અને તેમની ટીમ દ્વારા ચેકિંગ કરી સમગ્ર મામલે તપાસ કરવામાં આવતા અનેક પ્રકારની ગેરરીતિ સામે આવી હતી અને આ મામલે શાળાની ગૃહમાતાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ વઢવાણ નવા જંક્શન વિસ્તારમાં આવેલ મૂક-બધિર શાળામાં કન્યા અને કુમાર મળી અંદાજે ૪૦ થી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યારે શાળામાં ગેરરીતિ થતી હોવાની ફરિયાદોને આધારે વઢવાણ પ્રાંત અધિકારી અને ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જે તપાસ દરમિયાન શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવા ઉપરાંત માર મારવો, ભૂખ્યા રાખવા તેમજ રાત્રિના ૧૨ વાગ્યા સુધી ઘરકામ સહિતના અન્ય કામો કરાવવામાં આવતા હોવાની ગંભીર બાબતો સામે આવી હતી. આ ઉપરાંત દાતાઓ દ્વારા સંસ્થાને આપવામાં આવતી દાનની રકમ તેમજ વિવિધ વસ્તુઓનો પણ અંગત સ્વાર્થ માટે ઉપયોગ કરવામાં આવતો હોવાનું તપાસ દરમિયાન જાણવા મળતા તેમજ મૂક-બધિર શાળાની ગૃહમાતા સોનલબેન ચૌહાણ વિરુદ્ધ ગંભીર ફરિયાદો મળતાં તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત શાળામાં એટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા પ્રશાંત ભટ્ટ દ્વારા અસામાજીક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોવાનું તેમજ વિદ્યાર્થીઓ પાસે કામ કરાવવામાં આવતું હોવાની ફરિયાદો સામે આવતા તંત્ર દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઘટનાને પગલે શાળાના સંચાલન અને વિદ્યાર્થીઓ સાથેના વર્તન અંગે તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે જ્યારે બીજી તરફ સંસ્થાના ટ્રસ્ટી સિદ્ધેશભાઈ વોરા દ્વારા પણ તપાસમાં ગેરરીતિઓ સામે આવી હોય તો યોગ્ય તપાસ કરાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

હાલ તો મૂક-બધિર વિદ્યાર્થીઓની સુરક્ષા અને સંસ્થાના સંચાલનમાં રહેલી ગેરરીતિઓ અંગે તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને આગામી સમયમાં વધુ અને આગવી ઢબે તપાસ કરી તમામ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ અધિકારીઓ દ્વારા જણાવવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

## દાનની રકમ અને વસ્તુઓનો અંગત સ્વાર્થ માટે ઉપયોગ થતો હોવાનું સામે આવ્યું, અનેક ગેરરીતિઓ ઉજાગર, ટ્રસ્ટી સિદ્ધેશભાઈ વોરાએ યોગ્ય તપાસની ખાતરી આપી

# અંજારઃ દારૂ-બિયરના જથ્થા સાથે યોગેશ અને રાહુલ પકડાયા

## શરાબ અને વાહન મળી રૂા.૩.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જેઃ સુમિતની શોધખોળ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર ટાઉન વિસ્તારમાં કારમાંથી વિદેશી દારૂની હેરફેર કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. અંજાર પીઆઈ એચ.એ. જાડેજાની ટીમે ડીવી સ્કૂલ તરફથી આવતી સ્વિફ્ટ કારને રોકી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કારમાંથી પોલીસે દારૂ તથા કાર સહિત કુલ રૂ. ૩.૮૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ કાર્યવાહીમાં પોલીસે યોગેશ મનજીભાઈ સુથાર અને રાહુલ હરેશભાઈ બડગાની ધરપકડ કરી છે, જ્યારે ગુનામાં સંડોવાયેલા આરોપી સુમિત ચાવડાની શોધખોળ હાથ ધરવામાં આવી છે.



આ કામગીરી અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.એ.જાડેજા,પોલીસ સબ ઈન્સપેક્ટર એસ.જી.વાળા તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ છે.

# ખંભાળિયામાં મકાનમાંથી રૂ.૨.૮૫ લાખના સોનાના ઘરેણાની ચોરી

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

ખંભાળિયામાં તુલસી પાર્ક વિસ્તારમાં બપોરે ફક્ત એક કલાક બંધ રહેલા મકાનમાંથી તસ્કરોએ રૂ.૨,૮૫,૮૨૮ની કિંમતના સોનાના ઘરેણાની ચોરી કરી લઈ ગયા હતા. જે બનાવ અંગે ગઈકાલે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીના આ બનાવનો ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી છે.ખંભાળિયામાં રેલવે સ્ટેશન પાછળ તુલસી પાર્ક-૨માં રહેતા નિરાલીબેન જગદીશભાઈ જોષીના બંધ રહેણાંક મકાનમાં કોઈ તસ્કરોએ તા.૨૯ના બપોરે ૧:૧૫થી ૨:૧૫ વાગ્યા દરમિયાન કોઈ તસ્કરોએ ઘરના કબાટ અને લોક તોડી તેના લોકરમાં રાખેલા રૂા.૨૬ હજારની કિંમતનો બે તોલા સોનાનો ચેઈન, રૂા.૨૬ હજારની કિંમતનો બે તોલા વજનનો ચેઈન, રૂમ.૧,૧૪,૯૦૦ની કિંમતના બે તોલા વજનના એક જોડી સોનાના કંગન, રૂા.૪૨,૫૦૦ની કિંમતની કુલ દોઢ તોલા વજનની સોનાની પાંચ નંગ વીટી અને ૫.૪૧૦ ગ્રામ વજનની ૭૬૨૨૮ની કિંમતની એક જોડી સોનાની ઝુમર વગેરેની ચોરી કરી લઈ ગયા હતા. આમ કુલ આશરે સાડા આઠ તોલા વજનના ઘરેણાની કિંમત પોલીસ દ્વારા રૂા.૨,૮૫,૮૨૮ની દર્શાવાઈ છે. નિરાલીબેન જોષીની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુન્હો નોંધ્યો છે. જેની તપાસ ખંભાળિયાના પોલીસ ઈન્સ. સી.આર. રાણા ચલાવી રહ્યા છે.

# સર્વધર્મ પ્રાર્થના પરસ્પર આદર, શાંતિ, સમરસતા અને રાષ્ટ્રએકતાને મજબૂત બનાવે છે: મુખ્યમંત્રી

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતી નિમિત્તે પોરબંદરના કીર્તિમંદિર ખાતે સર્વધર્મ પ્રાર્થના સભા યોજાઈ





**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીની ૧૫૭મી જન્મ જયંતી નિમિત્તે પોરબંદર કીર્તિ મંદિરમાં પૂ.બાપુને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતી નિમિત્તે પોરબંદર ખાતે કીર્તિમંદિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સર્વધર્મ પ્રાર્થના સભા યોજાઈ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પૂજ્ય બાપુને ભાવાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, સત્ય અને અહિંસાના પૂજારી, યુગપુરૂષ મહાત્મા ગાંધીજીએ પોરબંદરની આ પવિત્ર ધરતી પર જન્મ લઈ સમગ્ર વિશ્વને સત્ય, અહિંસા, સર્વોદય અને વિશ્વબંધુત્વનો માર્ગ બતાવ્યો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પૂજ્ય બાપુ કહેતા કે પ્રાર્થના એ આત્માનો ખોરાક છે. પ્રાર્થના માત્ર શબ્દોનો ઉચ્ચાર નથી, પરંતુ અંતરાત્મા સાથેનો સંવાદ, આત્મપરીક્ષણ અને સદાચાર માટેની આંતરિક શક્તિ છે. વ્યક્તિના જીવનમાં પ્રાર્થના વિનમ્રતા, સંયમ, કરૂણા અને પોતાની ભૂલ સ્વીકારી તેમાં સુધારો કરવાની પ્રેરણા આપે છે. જ્યારે પ્રાર્થના સભા વ્યક્તિગત ઈચ્છાઓથી ઉપર ઊઠીને સૌના કલ્યાણ, પરસ્પર વિશ્વાસ, સહાનુભૂતિ અને સેવાભાવ સાથે જોડાવાની પ્રેરણા આપે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતની વિશેષતા તેની વિવિધ આસ્થાઓ, પરંપરાઓ અને જીવન પદ્ધતિઓમાં રહેલી એકતામાં છે. સર્વધર્મ પ્રાર્થના કોઈ એક આસ્થાને નાની કે મોટી ગણાવતી નથી, પરંતુ દરેક વ્યક્તિને પોતાની શ્રદ્ધા સાથે ગૌરવપૂર્વક જીવવાનો સમાન અધિકાર અને પરસ્પર આદરનો સંદેશ આપે છે. સર્વધર્મ સમભાવની આ ભાવના સમાજમાં અવિશ્વાસ ઘટાડીને સમરસતા, શાંતિ અને રાષ્ટ્ર એકતાને વધુ મજબૂત બનાવે છે.

તેમણે ઉમેર્યું હતું કે, પૂ.બાપુએ આપેલા સ્વચ્છતાના વિચારને વધુ વ્યાપક બનાવતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સ્વચ્છ ભારત મિશનને જનઆંદોલનનું સ્વરૂપ મળ્યું છે. બાળકોથી લઈને વયોવૃદ્ધ સુધી નાગરિકો સ્વચ્છતાના સ્વયંસેવક અને સ્વચ્છાગ્રહી બની રહ્યા છે.

(અનુ. આઠમા પાને)

# સપ્ટેમ્બરમાં જીએસટીની આવક ૩૫ ટકા વધી રૂ.૮૧૬૭ કરોડે પહોંચી

## રાષ્ટ્રીય સ્તરે નોંધાયેલા ૧૪.૭ ટકાના વિકાસ દરને પણ ગુજરાતે પાછળ છોડ્યો




**અબતક, ગાંધીનગર**

ગુજરાત રાજ્યની કર આવકમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. સપ્ટેમ્બર મહિનામાં રાજ્યના જીએસટી કલેક્શનમાં ગત વર્ષની સરખામણીએ મોટો ઉછાળો આવ્યો છે. રાજ્યના વાણિજ્યિક વેરા વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ દર્શાવે છે કે, સમગ્ર દેશમાં નોંધાયેલા જીએસટી વૃદ્ધિ દર કરતા પણ ગુજરાતનો વિકાસ દર ઘણો ઊંચો રહ્યો છે. આ ઉપરાંત અન્ય વિવિધ વેરાઓમાંથી પણ રાજ્યને મોટી આવક પ્રાપ્ત થઈ છે, જેનાથી રાજ્યની તિજોરી છલકાઈ છે. આ આર્થિક ગતિવિધિ રાજ્યના વેપાર-ઉદ્યોગની મજબૂત સ્થિતિ અને વિકાસની ગતિનો સ્પષ્ટ ચિતાર આપે છે.

વિસ્તૃત આંકડાકીય માહિતી મુજબ, સપ્ટેમ્બર મહિનામાં ગુજરાતની જીએસટી આવક વાર્ષિક ધોરણે ૩૫% વધીને રૂ. ૮,૧૬૭ કરોડ થઈ છે. જ્યારે ગત વર્ષે આ જ સમાન મહિનામાં રૂ. ૬,૦૫૦ કરોડની રકમ એકત્રિત કરવામાં આવી હતી. આ ઉછાળો રાષ્ટ્રીય સ્તરે નોંધાયેલા

(અનુ. આઠમા પાને)

# શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ગોઝારી દુર્ઘટના: કરંટ લાગતા બે યુવકોના કરૂણ મોત

## નિર્માણાધીન કારખાનાનો ગેટ ક્રેઈનથી ચડાવતી વખતે હાઈટેન્શન લાઈનને અડી જતા સર્જાય દુર્ઘટના

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળમાં ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં માં નિર્માણાધીન કારખાનાનો ક્રેન દ્વારા ગેટ ચડાવતી વેળાએ ગેટ વીજ લાઈનમાં અડી જતા બે યુવકોને વીજ કરંટ લાગતા ઘટના સ્થળ પર જ કમ કમાટી ભર્યું મોત નીપજ્યુ હતું ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થયા હતા અને ૧૦૮ ની ટીમને જાણ કરતા ૧૦૮ ની ટીમ ના તબીબે ઘટના સ્થળ પર બંને યુવકોને મૃત જાહેર કર્યા હતા ઘટનાને પગલે સાપર વેરાવળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને બંને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા

આ અંગે મળતી માહિતી મુજબ શાપર વેરાવળમાં દિવસે અને દિવસે અકસ્માતની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે સાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં શાપરથી રીબડા સાઈટ પર ન્યારા પેટ્રોલ પંપ પાસે રીબડાના ટાંકા પાસે કાચા રોડ પર આવેલ હિતેશભાઈ ના નિર્માણાધીન કારખાનામાં કામ ચાલી રહ્યું હતું ત્યારે સાંજે ૬૦૦ વાગ્યા આસપાસ રીબડા થી શિવ કરીને મદદથી શેડ નો ગેટ ફીટ કરવામાં આવી રહ્યો હતો ત્યારે આ દરમિયાન ક્રેન અને ગેટ ઉપરથી

(અનુ. આઠમા પાને)

### કારખાનાની ઓરડીમાં વીજ શોક લાગતા શ્રમિકનું મોત

શાપર વેરાવળમાં આવેલા સદગુરુ પ્લાસ્ટિકની કારખાનાની ઓરડીમાં રહેતો રાકેશ બુધાભાઈ સેનાળા નામના યુવાનને કોઈ કારણસર વીજ કરંટ લાગતા તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ સાપર પોલીસને કરતા હેડ કોસ્ટેબલ મહેશભાઈ સહિતનો સ્ટાફ બનાવ સ્થળે પહોંચી, રાકેશભાઈ ના મૃતદેહને સાપર હોસ્પિટલી પીએમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટના હિરેન રાઠોડ અને સાઈબાબા સર્કલના દિતેશ હંસોડાના મોતથી બંને પરિવારમાં હૈયાફાટ રૂદન

# ખાસ ઝુંબેશ: ચાર રવિવારે મતદાન મથકો પર હક, દાવા અને વાંધા સ્વીકારાશે

## ડેઝીગ્નેટેડ ઓફિસર અને બૂથ લેવલ ઓફિસર મતદાન મથક પર હાજર રહેશે



**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની કામગીરી પૂર્ણ થઈ હોય, તેવા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મુખ્ય ચૂંટણી અધિકારી જિલ્લા ચૂંટણી અધિકારી તથા મતદાર નોંધણી અધિકારી દ્વારા સતત મતદારયાદી સુધારણા પ્રક્રિયા અંતર્ગત વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ મતદારયાદીમાં નોંધણી કરાવવાથી બાકી રહી ગયેલા તમામ પાત્ર નાગરિકો તથા ૧૮-૧૯ વર્ષના યુવા/પ્રથમ વખતના મતદારોના નામની નોંધણી કરવાનો છે.

આ ખાસ ઝુંબેશ અન્વયે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો.ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ તમામ વિધાનસભા મતવિભાગોમાં મતદાર નોંધણી અધિકારીઓ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા તા.૧ ઓક્ટોબરથી યુવા મતદાર નોંધણીની કામગીરી શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, યુવા અને પ્રથમ વખતના મતદારોમાં મતદાર નોંધણી અંગે જાગૃતિ લાવવા માટે કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ ખાતે 'સ્વીપ' અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે.

નાગરિકોની સરળતા માટે ઓક્ટોબર અને નવેમ્બર માસના રવિવાર એટલે કે તા.૧૧-૧૦, ૧૮-૧૦, ૨૫-૧૦ અને ૦૧-૧૧ના રોજ મતદાન મથકો ખાતે 'ખાસ ઝુંબેશના દિવસો'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૧૦ કલાકથી સાંજે ૦૫ કલાક સુધી ડેઝીગ્નેટેડ ઓફિસર્સ અને બુથ લેવલ અધિકારીઓ દરેક મતદાન મથક પર હક-દાવા તથા વાંધા અરજીઓ સ્વીકારશે. આ સમગ્ર ઝુંબેશ સુચારૂ રીતે સંપન્ન થાય, તે માટે સુપરવાઈઝરો અને ચૂંટણી અધિકારીઓ દ્વારા મતદાન મથકોની મુલાકાત લઈને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

# આજથી ૩૧ ડિસેમ્બર સુધી ખાદીની ખરીદી ઉપર 30 ટકાના વળતરની જાહેરાત

## અમદાવાદ, ભરૂચ અને વડોદરામાં યોજાનારા મેળાઓથી ગ્રાહક અને કારીગર વચ્ચે સીધો સંપર્ક થશે, જેથી વચેટિયા વગર તમામ નફો સીધો વણકરો સુધી પહોંચશે

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ખાદીના વિચારને ખરા અર્થમાં જીવંત રાખવા તથા ખાદી દ્વારા રાજ્યના હજારો કારીગરોને સતત રોજગારી મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે એક અત્યંત મહત્વપૂર્ણ અને પ્રજાભિમુખ નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા આજથી ૩૧ ડિસેમ્બર, સુધી ખાદી અને પોલિવસ્ત્રની માન્ય સંસ્થાઓ-મંડળીઓ દ્વારા ઉત્પાદિત ખાદી અને પોલિવસ્ત્રની ઉત્પાદનની કિંમત પર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે,

રાજ્યમાં ખાદીનું વેચાણ વધવાથી ગુજરાતની કેવીઆઈસીનું પ્રમાણપત્ર ધરાવતી અને ખાદી બોર્ડના ઈ-કુટીર પોર્ટલ પર નોંધણી થયેલ અંદાજિત ૨૨૦ થી વધુ માન્ય ખાદી સંસ્થા/મંડળીઓના ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ અંદાજે ૧૬ હજારથી વધુ કાંતનાર અને વણનાર કારીગરોને સતત

(અનુ. આઠમા પાને)

# ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણી માટે કોંગ્રેસે જાહેર કર્યા ૨૦ સ્ટાર પ્રચારક

## રણદીપ સુરજેવાલા, અમિત ચાવડા, ડો.તુષાર ચૌધરી સહિતના નેતાઓ કરશે પ્રચાર

**અબતક, રાજકોટ**

ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા નગરપાલિકા અને રચનાત્મક સ્વરાજ્યની સંસ્થાઓમાં ખાલી પડેલી જગ્યાઓ માટે આગામી ૧૧મી ઓક્ટોબરના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા ૨૦ સ્ટાર પ્રચારકોના નામની યાદી જાહેર કરવામાં આવી છે. રાજધાની કબ્જે કરવા ભાજપ અને કોંગ્રેસના નેતાઓ જોરશોરથી પ્રચારમાં લાગી ગયા છે. ગાંધીનગર મહાનગરપાલિકા અને ઓખા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા ૨૦ સ્ટાર પ્રચારકોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યસભાના સાંસદ અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી રણદીપસિંહ સુરજેવાલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા, ગુજરાત વિધાનસભાના કોંગ્રેસના નેતા ડો. તુષાર ચૌધરી, પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી, રાજ્યસભાના પૂર્વ સાંસદ શક્તિસિંહ ગોહિલ, જગદીશભાઈ ઠાકોર, સિદ્ધાર્થભાઈ પટેલ, લાલજીભાઈ દેસાઈ, ડો. અમિબેન યાજ્ઞિક, પરેશભાઈ ધાનાણી, ઋત્વીકભાઈ મકવાણા, સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય શૈલેષભાઈ મકવાણા, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ મેવાણી, ઈન્દ્રવીજયસિંહ ગોહિલ, ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી, ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, ધારાસભ્ય ઈમરાનભાઈ ખેડાવાલા, જીતુભાઈ પટેલ અને ડો. હિમાંશુભાઈ પટેલને સ્ટાર પ્રચારક બનાવાયા છે. આગામી ૧૧મી ઓક્ટોબરના રોજ મતદાન યોજાશે હવે પ્રચાર માટે માત્ર સાત દિવસ જ હાથમાં રહ્યા છે.

# જિલ્લા પંચાયતોના આગળ-પાછળના વીજ બીલ સાથેના અહેવાલો મંગાવાશે

## પંચાયત વિભાગ દ્વારા વીજળી બચાવવાની સૂચના જારી, કચેરીઓમાં વીજળી બચાવવા અધિકારી નહીં હોય તો એસી સહિતના ઉપકરણો બંધ રખાશે

**અબતક, રાજકોટ**

રાજ્યની ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોની સરકારી કચેરીઓ તેમજ વહીવટી ઈમારતોમાં વીજળીનો બિનજરૂરી વપરાશ અટકાવવા અને વીજળીની બચત કરવા માટે પંચાયત વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. વધતી જતી વીજળીની માંગને પહોંચી વળવા અને ‘‘વીજ બચત એ જ વીજ ઉત્પાદન‘‘ ની થીમ પર કામ કરીને તમામ પંચાયત કચેરીઓ માટે વિશેષ સૂચનાઓ જારી કરવામાં આવી છે. પંચાયત વિભાગની સૂચના મુજબ, કચેરીઓમાં અધિકારીઓ કે કર્મચારીઓ હાજર હોય ત્યારે જ લાઈટ, પંખા, અને એસી જેવા વીજ ઉપકરણો ચાલુ રાખવાના રહેશે. અધિકારી કે કર્મચારીની ગેરહાજરીમાં કે ચેમ્બર/ઓફિસમાંથી બહાર જતી વખતે તમામ વીજ ઉપકરણો ખાસ કરીને એસી બંધ રાખવાની કડક સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, વોટર કૂલર પણ માત્ર ઓફિસ સમય દરમિયાન જ ચાલુ રાખવાનું રહેશે. દરેક રૂમ દીઠ બધા ઈલેક્ટ્રિક ગજેટ અને સ્વીચને એકસાથે કંટ્રોલ કરી શકાય તેવી મેઈન સ્વીચની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. જૂની પરંપરાગત લાઈટોના સ્થાને નવી ઉર્જાક્ષમ એલઈડી લાઈટ ફિટિંગ લગાવવાની રહેશે.પંચાયત કચેરીઓમાં સોલાર પેનલ સિસ્ટમ લગાવવા માટે ખુલ્લી જગ્યા હોય ત્યાં તેનું આયોજન કરવામાં આવશે. જે કચેરીઓમાં સોલાર પેનલ બંધ હોય તેને પુનઃ કાર્યરત કરવામાં આવશે. ઉપરાંત, નવી સરકારી ઈમારતો કે ભવન બનાવતી વખતે તેમાં પૂરતી હવા-પ્રકાશની અવરજવર રહે તે પ્રકારની ડિઝાઈન સુનિશ્ચિત કરવા જણાવાયું છે, જેથી બિનજરૂરી વીજ વપરાશ ઘટે. વીજ બચતની આ ઝુંબેશની અસર ચકાસવા માટે જિલ્લા પંચાયતો દ્વારા દર ત્રણ મહિને (અગાઉના અને તે પછીના) વીજ બિલ સાથેનો સરખામણી રિપોર્ટ પંચાયત વિભાગને મોકલવાનો રહેશે. આ ઉપરાંત, બહુમાળી મકાનોમાં લિફ્ટનો ઉપયોગ ઘટાડીને સીડીનો ઉપયોગ વધારવા માટે જાગૃતિ પોસ્ટર પણ લગાવવામાં આવશે.

### સેટેલાઈટ ઈમેર્જિંગથી

# ખેડૂતોને વાવણીથી કાપણી સુધી ‘‘સ્માર્ટ એડવાઈઝરી’’ પહોંચાડાશે

## રાજ્ય સરકારના કૃષિ વિભાગ અને ઈસરોના એસએસી વચ્ચે કાલે મહત્વપૂર્ણ કરાર



**અબતક, રાજકોટ**

ગુજરાતના ખેડૂતો સેટેલાઈટ ઈમેર્જિંગથી પાક વિસ્તાર, ઉત્પાદન અંદાજ અને નુકસાનનું સચોટ આંકલન કરી ખેડૂતો સુધી વાવણીથી કાપણી સુધીની સ્માર્ટ એડવાઈઝરી પહોંચાડાશે

ગુજરાતના કૃષિ ક્ષેત્રને અદ્યતન, વૈજ્ઞાનિક અને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાના દિશાસૂચક સંકલ્પ સાથે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ કૃષિ રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિમાં કાલે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો)ના સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર અમદાવાદ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ સમજૂતી કરાર સંપન્ન થવા જઈ રહ્યા છે.

આ સમજૂતી કરારનો મુખ્ય ઉદ્દેશ ‘‘રિમોટ સેન્સિંગ, જીઆઈએસ અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી ગુજરાતમાં કૃષિ ક્ષેત્રનું ડિજિટલ મોનિટરિંગ કરવું તેમજ પાક વિસ્તાર અને ઉત્પાદનનો સચોટ અંદાજ મેળવવો‘‘નો છે. આ યુગલક્ષી પહેલથી રાજ્યના લાખો અન્નદાતાઓને સમયસર, સચોટ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન મળશે, સાથે જ સરકારના નીતિવિષયક નિર્ણયો વધુ ઝડપી અને પારદર્શી બનશે.

આ કરારનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં ડિજિટલ એગ્રીકલ્ચરના સચોટ અમલીકરણ માટે ઈસરો (એસએસી) દ્વારા ઉચ્ચસ્તરીય તકનીકી માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડવામાં આવશે. રિમોટ સેન્સિંગ અને જીઆઈએસ ટેકનોલોજી દ્વારા પાક વાવેતર વિસ્તાર, ઉત્પાદન ક્ષમતા, પાક નુકસાનીનું મૂલ્યાંકન અને કૃષિ સલાહકારી સેવાઓને વધુ સચોટ બનાવાશે.

કૃષિ વિભાગ દ્વારા ક્ષેત્રીય માહિતી, પાક કાપણીના પ્રયોગો અને હવામાન સંબંધિત ડેટા પૂરો પાડવામાં આવશે. જ્યારે ઈસરો (એસએસી) ઉપગ્રહ આધારિત મૂલ્યવર્ધિત ઈમેજરી અને તકનીકી મોડેલ્સ શેર કરશે. વિભાગના અધિકારીઓ અને ટેકનિકલ ટીમોની કાર્યક્ષમતા વધારવા માટે જીઆઈએસ અને રિમોટ સેન્સિંગ જેવા વિષયો પર સંયુક્ત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

વાવણીથી લઈને કાપણી સુધી પાકનું સ્વાસ્થ્ય, હવામાનના ફેરફારો, જમીનમાં ભેજનું પ્રમાણ અને વાવણી સંબંધિત અગત્યની કાળજી અંગેની માહિતી ખેડૂતોને મોબાઈલ એપ્લિકેશન દ્વારા આંગળીના ટેરવે ઉપલબ્ધ થશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના

(અનુ. આઠમા પાને)